بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ



**રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્મા.** رَبِّ زِدۡنِيۡ عِلۡمًا وَّارۡزُقۡنِيۡ فَهۡمًا

**અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી અતા કર.**




**સરપરસ્ત**

**પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**



**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

**શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર**

# જાફરી આવાઝ

**Vol.-1, Isuue-12, October-2014**

વર્ષ : ૩૪ સળંગ અંક : ૩૯૬

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com

**સંપાદક મંડળ**

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

તંત્રી : કાસમભાઈ વિજાપુરા - ૯૪૨૬૫ ૪૧૪૭૨

સહતંત્રી : 'માસૂમ' મહેરપુરી - ૯૬૮૭૬૭૯૫૧૩

સલાહ–માર્ગદર્શન : મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી (સિધ્ધપુર)

સહયોગી : મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)

લેસર&ગ્રાફિક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા - ૯૯૨૫૭૩૦૧૦૭

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : ઈબ્રાહીમભાઈ વાઘ - ૯૪૨૮૬૪૬૪૭૬

સહવ્યવસ્થાપક : અકબરઅલી મસી - ૯૮૨૫૪૯૭૧૭૮

અનવરઅલી મતિયા

**કાર્યાલયનું સરનામું**

**'જાફરી આવાઝ' (માસિક)**

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન – ૩૮૩૨૨૦. ફોન : ૦૨૭૭૨–૨૨૭૨૯૬


## લેખાનુક્રમ


| | |
|---|---|
| ઊઘડતે પાને | 3 |
| ગડમથલ | 6 |
| કુરઆન શિક્ષણ | 7 |
| અહાદીસ | 9 |
| કોઈ ભી નહીં હૈદરે સફ્દર કે બરાબર | 11 |
| અસ્માઉલ હુસ્ના | 14 |
| અજ્રે રિસાલત | 15 |
| ઈલ્મના રહસ્યો | 21 |
| ઈબાદાત | 23 |
| મશાયખવાણી | 25 |
| નન્હે રોઝેદાર | 28 |
| નહજુલ અસરાર | 29 |
| બ્લૉગ | 33 |
| રોજી માટેની કોશિશ | 35 |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | 39 |
| અલ ઈર્શાદ | 43 |
| જાફરી પંચાંગ | 47 |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | 49 |
| મીર અનીસના મરસિયા | 53 |
| એપિટમિ ડેરી | 56 |
| જ્ઞાનગોષ્ઠિ | 57 |
| આપણા ઘરની વાતો | 61 |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | 65 |


# ઊઘડતે પાને...

અલ્લાહના મહાન પયગમ્બર.

હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.).

એક દિવસ હઝરત ઈબ્રાહીમ (અ.) દરિયાના કિનારેથી પસાર થઈ રહ્યા હતા. તેમણે દરિયાના કિનારે એક મડદાને પડેલું જોયું. તે મડદાનો અમુક ભાગ દરિયાની અંદર હતો અને અમુક ભાગ બહાર હતો. દરિયાનાં અને જમીન ઉપરનાં જાનવર બન્ને તરફથી તેને ખાઈ રહ્યાં હતાં, બલ્કે ખાતાં ખાતાં

એકબીજાની સાથે લડી પડતાં હતાં.

આ દ્રશ્ય જોતાંની સાથે જ હઝરત ઈબ્રાહીમ (અ.) એક એવા મસઅલાના વિચારમાં પડી ગયા કે જેની કેફિયત બધા વિગતવાર જાણવા માગે છે અને તે છે મોત પછી મડદાના જીવતા થવાની કેફિયત. હઝરત ઈબ્રાહીમ (અ.) વિચારવા લાગ્યા કે જો આવું કોઈ માનવ શરીરની સાથે થાય અને માણસનું શરીર જાનવરના શરીરનો ભાગ બની જાય તો કયામતમાં ઊભા થવાનો મામલો કેવી રીતે અમલમાં આવશે, જ્યારે કે ત્યાં તો માણસે એ જ શરીરની સાથે ઉઠવાનું છે ?

હઝરત ઈબ્રાહીમ (અ.)એ અલ્લાહની જનાબમાં કહ્યું,

"ખુદાયા ! મને બતાવી દે કે તું મડદાંને કેવી રીતે જીવતાં કરીશ ?"

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું,

"શું તમે આ બાબત પર ઈમાન ધરાવતા નથી?"

તેમણે કહ્યું,

"ઈમાન તો ધરાવું છુ, પરંતુ દિલને સંતોષ થઈ જાય."

અલ્લાહ તઆલાએ હુકમ કર્યો,

"ચાર પક્ષીઓ લઈ લો અને તેમનું ગોશ્ત એકબીજા સાથે ભેળવી દો, પછી તે બધા જ ગોશ્તના કેટલાય ભાગ પાડી દો અને દરેક ભાગને એક પહાડ પર મૂકી દો અને ત્યાર પછી તે પક્ષીઓને પોકારો કે જેથી કરીને હશ્રના મંઝરને જોઈ શકો."

હઝરત ઈબ્રાહીમ (અ.)એ એ મુજબ જ કર્યું તો ખૂબ જ નવાઈપૂર્વક જોયું કે પક્ષીઓના ટુકડા જુદી જુદી જગ્યાએથી એકઠા થઈને તેમની પાસે આવી ગયા છે અને તેમની એક નવી જ જિંદગીની શરૂઆત થઈ ગઈ છે.

આ સિલસિલામાં કુરઆન કહે છે :

وَاِذْ قَالَ اِبْرٰهٖمُ رَبِّ اَرِنِيْ كَيْفَ تُحْيِ الْمَوْتٰى ؕ قَالَ
اَوَلَمْ تُؤْمِنْ ؕ قَالَ بَلٰى وَلٰكِنْ لِّيَطْمَئِنَّ قَلْبِيْ ؕ
قَالَ فَخُذْ اَرْبَعَةً مِّنَ الطَّيْرِ فَصُرْهُنَّ اِلَيْكَ ثُمَّ
اجْعَلْ عَلٰى كُلِّ جَبَلٍ مِّنْهُنَّ جُزْءًا ثُمَّ ادْعُهُنَّ
يَاْتِيْنَكَ سَعْيًا ؕ وَاعْلَمْ اَنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ

ع ٢٦٠

*"એ સમય (યાદ કરો કે) જ્યારે ઈબ્રાહીમે કહ્યું, ખુદાયા ! મને બતાવી દે તું કેવી રીતે મડદાંને જીવતાં કરે છે ? ફરમાવ્યું, શું તમે ઈમાન નથી લાવ્યા ? કહેવા લાગ્યો, કેમ નહીં ? હું ઈચ્છું છું કે મારા દિલને ઈત્મિનાન થઈ જાય. ફરમાવ્યું, આ બાબત છે તો ચાર પક્ષીઓને ચૂંટી કાઢો (તેમને ઝુબ્હ કર્યા પછી) તેમના કટકે કટકા કરી નાખો. (પછી તેમના ગોશ્તને એકબીજા સાથે મિલાવી દો) પછી દરેક પહાડ પર એક એક ભાગ મૂકી દો, પછી તેમને પોકારો, તેઓ ઝડપથી તમારી તરફ આવશે અને જાણી લો કે અલ્લાહ ગાલિબ અને હકીમ છે."* (સૂરા બકરા, આયત-૨૫૯)

(તે મડદાંના શરીરના ટુકડાઓને પણ જાણે છે અને તેમને એકત્ર કરવાની તાકાત પણ ધરાવે છે.)

અહીં આપણે કેટલાક મુદ્દાઓ પર વિચાર કરીએ.

**(૧) ચાર પક્ષીઓ :**

એમાં શંકાને સ્થાન નથી કે મજકૂર ચાર પક્ષીઓ વિવિધ પ્રકારના પક્ષીઓમાંથી હતાં, કેમ કે તેના વગર હઝરત ઈબ્રાહીમ (અ.)નો મકસદ પૂરો નથી થઈ શકતો. આના માટે જરૂરી હતું કે દરેકના ટુકડા તેના અસલી શરીરમાં પાછા આવી જાય અને તે વિવિધ પ્રકારનાં હોવાની પરિસ્થિતિમાં જ જાહેર થઈ શકતો હતો. મશહૂર રિવાયત પ્રમાણે એ ચાર પક્ષીઓ આ પ્રમાણે હતાં : (૧) મોર (૨) મરઘો (૩) કબૂતર અને (૪) કાગડો. આ પક્ષીઓ વિવિધ દૃષ્ટિએ એકબીજાથી ખૂબ જ જુદા જ પ્રકારનાં છે.

કેટલાક આ પક્ષીઓને માણસોની વિવિધ સિફતો અને મનોભાવને પ્રગટ કરનારા સમજે છે :

**મોર :** આત્મ પ્રદર્શન, શણગાર અને તકબ્બુરનું પ્રતીક છે.

**મરઘો :** અતિશય જિન્સી (નસલી) મળતાપણાનું પ્રતીક છે.

**કબૂતર :** લહૂઓ લહબ અને ખેલકૂદનું પ્રતીક છે.

**કાગડો :** લાંબી પહોળી આરઝૂઓ અને તમન્નાઓનું પ્રતીક છે.

**(૨) પહાડોની સંખ્યા :**

જે પહાડો ઉપર હઝરત ઈબ્રાહીમ (અ.) એ પક્ષીઓના ટુકડા મૂકયા હતા તેમની સંખ્યાની સ્પષ્ટતા કુરઆને મજીદમાં આપેલી નથી, પરંતુ અહલેબૈત (અ.)ની રિવાયતોમાં આ સંખ્યા દસ બતાવવામાં આવી છે.*

* એટલા માટે તો કેટલીક રિવાયતોમાં આવ્યું છે કે અગર કોઈ માણસ વસિયત કરી જાય કે તેના માલનો એક હિસ્સો ફલાણા સિલસિલામાં ખર્ચ કરજો અને તેનું પ્રમાણ નક્કી ન કરી જાય તો માલનો દસમો હિસ્સો કાફી છે.

**(૩) પ્રસંગ ક્યારે બન્યો ? :**

જ્યારે હઝરત ઈબ્રાહીમ (અ.) બાબિલમાં હતા અથવા જ્યારે શામ ચાલ્યા આવ્યા હતા ત્યારે ? એવું લાગે છે કે આ પ્રસંગ શામમાં આવ્યા પછીનો છે, કેમ કે બાબિલની સરજમીન પર પહાડ આવેલા નથી. *

(સંદર્ભ : કસસે કુરઆન, પેજ-૧૩૮)



Auth Distributer : Vectus Industries LTD For North Gujarat
Auth Distributer : Kamdhenu Polytech(Flowman)
Flowman
Finolex gets people together
PRINCE MUMBAI INDIA
Sambhav Sales Corporation All Piping System
VECTUS ....for generations ahead
સમભાવ સેલ્સ કોર્પોરેશન

I.S.I. પી.વી.સી., સી.પી.વી.સી., કોલમ પાઈપ, પાઈપ ફીટીંગ, નટ બોલ્ટ, ગેલ્વે પાઈપ, સી.પી. ફીટીંગ, પાણીની ટાંકી, ડોલ-તગારા, મોટર થ્રી ફેઝ અને સીંગલ ફેઝ તથા બિલ્ડીંગ મટીરીયલ્સ અને એગ્રીકલ્ચર મટીરીયલ્સ હોલસેલ ભાવે મળશે.
સી/૨૩, ન્યુ દુર્ગા માર્કેટ, હિંમતનગર, અબ્બાસ અલી-૯૯૯૮૮ ૧૪૪૪૦, હૈદરઅલી-૯૯૦૪૦ ૯૯૩૬૫




**૨૬૫**

**સંપાદન :** જાફરી આવાઝ (માસિક) કાર્યાલય



### :::: આડી ચાવીઓ ::::

(૧) સ્મિત, હોઠ દ્વારા હસવાની ક્રિયા (૪)
(૩) સતત, એકધારું (૫)
(૬) રાજ કરનાર, બાદશાહ (૨)
(૭) કોમળતા, તલ્લીન, ધ્યાનમગ્ન (૨)
(૯) ચણેલી કબર (૩)
(૧૩) બીબી ફાતેમા (અ.)ને બક્ષિસમાં મળેલ બાગ (૩)
(૧૫) સચ્ચાઈ, સાચાપણું (૪)
(૧૭) પિતા, બાપ (૩)
(૧૯) વીરપુરુષ, શૂરવીર (૨)
(૨૦) જાંઘ, શરીરનો એક માંસલ ભાગ (૨)
(૨૨) માલથી ભરપૂર, સમૃધ્ધ, સંપન્ન (૪)
(૨૩) માથું, મસ્તક (૨)
(૨૪) ભોંયતળિયું, પાથરણું (૨)
(૨૬) પેન, લખવાનો કિત્તો (૩)
(૨૮) ચમત્કારો, મોઅજિઝા (૪)
(૩૦) સરદાર, અધ્યક્ષ (૩)
(૩૨) જમાઈ, દીકરીનો પતિ (૩)
(૩૪) રસ્તા ઉપર ચાલનાર, પથિક (૨)
(૩૫) શ્વાસ, જીવ (૨)
(૩૬) દયા, કૃપા, કરૂણા (૪)

### :::: ઊભી ચાવીઓ ::::

(૧) મુશ્કેલી, દુઃખ, કષ્ટ, પીડા (૪)
(૨) હિંમત, મગ્દૂર (૩)
(૩) મનોકામના, મનની ઈચ્છા (૩)
(૪) શિક્ષા, દુષ્કાર્યનો બદલો (૨)
(૫) મક્કાની એક પહાડીનું નામ (૨)
(૮) દારૂલ.....(ગ્રામ પંચાયત), પંચાયત ઘર (૩)
(૧૦) સાચું, અધિકાર (૨)
(૧૧) અલગ, વિખૂટું (૨)
(૧૨) પેટ, ઉદર, કૂખ (૨)
(૧૪) ઈસ્લામ ધર્મમાં દાખલ થતાં પહેલાં પઢવામાં આવે (૩)
(૧૫) ઠંડું, શીતળ (૨)
(૧૬) રાહત, શાંતિ, કોલ (૩)
(૧૮) દલીલનું બહુવચન દલીલો (૪)
(૧૯) ફરિશ્તા (૩)
(૨૧) ઓફિસ, કચેરી, નિશાળમાં પુસ્તકો ભરીને લઈ જવાતો થેલો (૪)
(૨૩) ટેકો, સમર્થન, સહાય, હૂંફ (૩)
(૨૫) કુરઆનની પ્રખ્યાત આયત (૪)
(૨૬) સોગંદ, સમ (૩)
(૨૭) નિર્ભરતા, આધાર (૩)
(૨૮) પગ, ડગ, પગલું (૩)
(૨૯) મારેલું, કરડેલું (૨)
(૩૦) ખુશીનો દિવસ, ફરી ફરીને આવતો તહેવાર (૨)
(૩૩) મહિનો, માસ (૨)



# कुरआन शिक्षण

**નબીઓ અને ઇમામો વિષેની આયતો**

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદ્દે.)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يَقْدُمُ قَوْمَهٗ يَوْمَ الْقِيٰمَةِ فَاَوْرَدَهُمُ النَّارَ ؕ
وَ بِئْسَ الْوِرْدُ الْمَوْرُوْدُ ﴿۹۸﴾

❂ કયામતના દિવસે તે (ફિરઓન) પોતાની કોમની આગળ આગળ ચાલશે અને સઘળાઓને જહન્નમ તરફ લાવી મૂકશે, અને તે બૂરા ઉતારાની જગ્યા હશે કે જ્યાં તેઓ ઉતરશે.

**(પારો–૧૨, સૂરા હૂદ, આયત–૯૮)**

---

وَ اُتْبِعُوْا فِیْ هٰذِهٖ لَعْنَةً وَّ یَوْمَ الْقِیٰمَةِ ؕ
بِئْسَ الرِّفْدُ الْمَرْفُوْدُ ﴿۹۹﴾

❂ અને આ જગતમાં તેમની પાછળ લાનત લગાડી દેવામાં આવી છે અને કયામતના દિવસે પણ, (આ) કેવી બૂરી હશે તે ભેટ કે જે (તેમને) આપવામાં આવશે !

**(પારો–૧૨, સૂરા હૂદ, આયત–૯૯)**

---

ثُمَّ اَنْتُمْ هٰۤؤُلَآءِ تَقْتُلُوْنَ اَنْفُسَكُمْ وَ
تُخْرِجُوْنَ فَرِيْقًا مِّنْكُمْ مِّنْ دِيَارِهِمْ ۫
تَظٰهَرُوْنَ عَلَيْهِمْ بِالْاِثْمِ وَ الْعُدْوَانِ ؕ وَ اِنْ
يَّاْتُوْكُمْ اُسٰرٰى تُفٰدُوْهُمْ وَ هُوَ مُحَرَّمٌ عَلَيْكُمْ
اِخْرَاجُهُمْ ؕ اَفَتُؤْمِنُوْنَ بِبَعْضِ الْكِتٰبِ
وَ تَكْفُرُوْنَ بِبَعْضٍ ۚ فَمَا جَزَآءُ مَنْ يَّفْعَلُ
ذٰلِكَ مِنْكُمْ اِلَّا خِزْيٌ فِي الْحَيٰوةِ الدُّنْيَا ۚ

❂ તેમ છતાંય તમે એ જ છો કે પોતાનાઓને મારી નાખો છો તથા તમારા માંહેના એક ટોળાને તેમના ઘરોમાંથી કાઢી મૂકો છો, અને તેમની વિરૂધ્ધ ગુના તથા અત્યાચાર કરવામાં એકબીજાને મદદ આપો છો, અને જ્યારે તેમને તમારી સામે બંદીવાન બનાવીને લાવવામાં આવે છે ત્યારે તમે બદલો આપીને તેમને છોડાવો છો, જો કે તેમને કાઢી મૂકવાનું (કૃત્ય જ) તમારા માટે હરામ ઠરાવવામાં આવ્યું હતું. શું ત્યારે તમે કિતાબના અમુક ભાગને માનો છો અને અમુક (ભાગ)ને માનતા નથી ? તમારામાંથી જે કોઈ આવું કરે તેના માટે આ લોકોની

وَيَوْمَ الْقِيٰمَةِ يُرَدُّوْنَ اِلٰٓى اَشَدِّ الْعَذَابِ ؕ وَ
مَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ ﴿۸۵﴾

જિંદગીમાં નામોશી સિવાય બીજો શો બદલો છે ? અને કયામતના દિવસે (પણ) તેમને ઘણી સખત શિક્ષા તરફ ફેરવવામાં આવશે, અને તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ અજાણ નથી.

**(પારો–૧, સૂરા બકરા, આયત–૮૫)**

---

هُوَ الَّذِیْٓ اَنْزَلَ عَلَیْكَ الْكِتٰبَ مِنْهُ
اٰیٰتٌ مُّحْكَمٰتٌ هُنَّ اُمُّ الْكِتٰبِ وَ اُخَرُ
مُتَشٰبِهٰتٌ ؕ فَاَمَّا الَّذِیْنَ فِیْ قُلُوْبِهِمْ
زَیْغٌ فَیَتَّبِعُوْنَ مَا تَشَابَهَ مِنْهُ ابْتِغَآءَ
الْفِتْنَةِ وَ ابْتِغَآءَ تَاْوِیْلِهٖ ۚ وَ مَا یَعْلَمُ
تَاْوِیْلَهٗۤ اِلَّا اللّٰهُ ۘ وَ الرّٰسِخُوْنَ فِی الْعِلْمِ
یَقُوْلُوْنَ اٰمَنَّا بِهٖ ۙ كُلٌّ مِّنْ عِنْدِ رَبِّنَا ۚ وَ
مَا یَذَّكَّرُ اِلَّاۤ اُولُوا الْاَلْبَابِ ﴿۷﴾

❂ (હે રસૂલ !) એ જ તે (અલ્લાહ) છે કે જેણે તારા ઉપર આ કિતાબ ઉતારી છે કે જેની કેટલીક આયતો સાફ (સાફ અને એક અર્થી) છે અને એ જ આયતો કિતાબનું મૂળ છે અને બીજી બહુ અર્થી છે (હવે જે લોકોના અંતઃકરણોમાં અવળાઈ છે તેઓ તે કિતાબમાંની બહુ અર્થી આયતોને અનુસરે છે અને તે કેવળ ફિત્નો ફેલાવવાના હેતુથી, અને તેનો અર્થ પોતાની ઈચ્છા મુજબ કરવાના હેતુથી, જો કે તેના અર્થ અલ્લાહના અને તેમના સિવાય કે જેઓ જ્ઞાનમાં પ્રવિણ છે (અન્ય કોઈ જાણતું નથી) અને તે (પ્રવિણ લોકો) કહે છે કે અમે તેના પર ઈમાન લાવ્યા, દરેક (દાખલા તથા આજ્ઞાઓ) અમારા પરવરદિગાર તરફથી છે, અને બુધ્ધિશાળીઓ સિવાય અન્ય કોઈ બોધગ્રહણ કરતા નથી.

**(પારો–૩, સૂરા આલે ઈમરાન, આયત–૬)**

---

...وَ اِذَا خَلَوْا عَضُّوْا عَلَیْكُمُ الْاَنَامِلَ
مِنَ الْغَیْظِ ؕ قُلْ مُوْتُوْا بِغَیْظِكُمْ ؕ اِنَّ اللّٰهَ
عَلِیْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ﴿۱۱۹﴾

❂ (હે ઈમાનદારો !) અગર તમને કોઈ લાભ મળે છે તો તેમને દુઃખ થાય છે અને જો તમારા ઉપર કોઈ મુસીબત (આવી) પડે છે ત્યારે તેનાથી તેઓ આનંદ પામે છે, અને જો તમે ધીરજ ધરશો તથા તેમનાથી બચતા રહેશો તો તેમનાં કાવત્રાં તમને સહેજ પણ નડશે નહીં. એમાં શક નથી કે જે કાંઈ પણ તેઓ કરે છે તે (સઘળુ) અલ્લાહની જાણમાં ઘેરાયેલું છે.

**(પારો–૪, સૂરા આલે ઈમરાન, આયત–૧૧૯)**



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅેહમદ ઝેડ. જાફરી

કિતાબ : ઈર્શાદાતે રસૂલ (સ.)

## ૪૧ | ખુશમિઝાજી અને વિનમ્રતા વિષે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَاخْفِضْ جَنَاحَكَ لِلْمُؤْمِنِيْنَ ﴿٨٨﴾

*(અને બધા મોમિનોથી, તે ગરીબ હોય તો પણ હંમેશાં વિનમ્રતાથી મળો.)*

(સૂરા હિજ્ર, આયત-૮૮)

(૬૦૦) જે અલ્લાહની ખાતર ખુશમિજાજી અને વિનમ્રતા અપનાવે છે તે સદા રાજી રહે છે. (રોઝતા કાફી)

(૬૦૧) વિનમ્રતા એ તેના અપનાવનારના વંશની શોભા છે. (બિહારૂલ અન્વાર)

(૬૦૨) જ્યારે કોઈ બંદો વિનમ્રતા અપનાવે છે ત્યારે અલ્લાહ તેને સાતમા આકાશ સુધી પહોંચાડે છે. (મજમુઆ વરામ)

(૬૦૩) વિનમ્રતા કોઈના દરજ્જાની ઉચ્ચતા સિવાય કોઈ વસ્તુમાં વધારો કરતી નથી તેથી તમે વિનમ્રતા અપનાવો અલ્લાહ તમારા ઉપર રહેમ કરશે. (મજમુઆ વરામ)

(૬૦૪) વિનમ્રતા અને ખુશમિજાજીમાં એ પણ શામેલ છે કે જેની પાસેથી તમે પસાર થાઓ તેને સલામ કરો તથા મજલિસમાં છેલ્લે અથવા નીચે બેસો.

(સફીનતુલ બિહાર)

(૬૦૫) જે અલ્લાહની ખાતર વિનમ્રતા અપનાવે છે, અલ્લાહ તેને ઉચ્ચ દરજ્જો આપે છે અને જે ઘમંડ કરે છે, અલ્લાહ તેને હલકો પાડે છે. (ઈસ્નાઅશરીયા)

(૬૦૬) ઈબાદતની મીઠાશ વિનમ્રતામાં છે.

(મજમુઆ વરામ)

## ૪૨ | વચનનું પાલન કરવા વિષે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

...وَاَوْفُوْا بِالْعَهْدِ ۚ اِنَّ الْعَهْدَ كَانَ

مَسْـُٔوْلًا ﴿٣٤﴾

*(...અને તમારી જવાબદારીઓને પૂરી કરો, કારણ કે કયામતમાં જવાબદારીની જરૂરથી પૂછપરછ થશે.)*

(સૂરા બની ઈસ્રાઈલ, આયત-૩૪)

(૬૦૭) જે બંદો અલ્લાહ અને કયામતના દિવસ ઉપર ઈમાન ધરાવે છે, તેણે પોતાના વચનનું પાલન કરવું જોઈએ. (ઉસૂલે કાફી)

(૬૦૮) વચનનું પાલન કરવું એ જ ઈમાન છે.

(તોહફુલ ઉકૂલ)

(૬૦૯) તમારા ભાઈને એવું વચન આપશો નહીં કે જે પાછળથી તમે ન પાળી શકો.

(ઈસ્નાઅશરીયા)

(૬૧૦) ત્રણ કામ એવાં છે કે જે દરેક માટે ફરજિયાત છે : (૧) વચનનું પાલન કરવું, ભલેને તે મુસ્લિમને આપેલું હોય કે કાફિરને આપેલું હોય. (૨) માબાપ સાથે ભલાઈ કરવી ભલેને તે મુસ્લિમ હોય કે કાફિર હોય. (૩) અમાનત પાછી આપવી ભલેને તે મુસ્લિમની હોય અથવા કાફિરની હોય.

(ઈસ્નાઅશરીયા)

(૬૧૧) જે પોતાના વચનોનું પાલન કરતો નથી તેનો કોઈ દીન નથી. (સફીનતુલ બિહાર)


MAKTABAH JAFARIYAH
MASS MEDIA DEPARTMENT

મક્તબા જાફરીયા ખાતે **'મક્તબા જાફરીયા માસ મીડિયા ડીપાર્ટમેન્ટ'** શરૂ કરેલ છે. જેમાં ઈસ્લામિક તેમજ સામાજિક પ્રસંગોએ ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી, એડીટીંગ તેમજ ડીઝાઈનીંગનું કામકાજ કરવામાં આવે છે. તો જેમને ઉપર મુજબ કોઈ પણ કામકાજ કરાવવું હોય તો તેમણે મક્તબા જાફરીયા ખાતે નીચેના નંબર પર સંપર્ક કરવો.

**અલ્તાફહુસૈન પટેલ - ૯૯૦૪૭૮૭૪૪૦**

**શાહિદઅલી પટેલ - ૯૭૨૫૧૭૭૪૨૯**



મો. સાદિકઅલી આર. ભોરણીયા (રસુલપુર ખે.) મો. 99244 18243 | બાલીસણા ઝાકીરહુસૈન જી. (રસુલપુર ખે.)મો.94295 29410 | મો.આબિદઅલી ડી. સુથાર (શેખપુર ખે.)મો.9898435809

L.E.D. સ્પેશ્યાલીસ્ટ

**ન્યુ ચિરાગ L.E.D. હાઉસ**

અમારે ત્યાં

હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે L.E.D. સીરીઝ, L.E.D. પટ્ટા, L.E.D. બોર્ડ તેમજ L.E.D. ને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ ભાવે કરી આપવામાં આવશે.

**કામરાન એક્રેલીક & L.E.D. સાઈન બોર્ડ**

- એક્રેલીક બોક્સ લેટર સાઈન બોર્ડ
- L.E.D. સાઈન બોર્ડ
- ઓપન L.E.D. સાઈન બોર્ડ
- ક્લીયર એક્રેલીક સાઈન બોર્ડ
- A.C.P. લેટર સાઈન બોર્ડ
- સ્ટીલ લેટર સાઈન બોર્ડ
- રેડીયમ સાઈન બોર્ડ
- વિનાઈલ & ફ્લેક્સ સાઈન બોર્ડ
- ચેનલ સાઈન બોર્ડ

હોટલ દુકાનને લગતા દરેક પ્રકારના સાઈન બોર્ડ અને L.E.D.નુ કામ કરી આપવામા આવશે

રીગલ શોપીંગ સેન્ટર, દેના બેન્કની બાજુમાં, બસ સ્ટેન્ડ પાસે, વડનગર

Email ; newchiragled@gmail.com

# کوئی بھی نہیں حیدرِؑ صفدر کے برابر

ولی عہد پیر سید محمد کامران حسین جعفری (مد)

| | |
|---|---|
| કોઈ ભી નહીં હૈદરે સફ્દર કે બરાબર, | کوئی بھی نہیں حیدرِؑ صفدر کے برابر، |
| હો જિસકા અખી મેરે પયમ્બર કે બરાબર. | ہو جس کا اخی میرے پیمبرؐ کے برابر۔ |
| ખૈબર મેં અલી બોલે યે દરવાઝા ગિરા કર, | خیبر میں علیؑ بولے یہ دروازہ گرا کر، |
| દુશ્મન કો પછાડુંગા ઈસી દર કે બરાબર | دشمن کو پچھاڑوں گا اسی در کے برابر۔ |
| અય મરહબ–ઓ–અંતર મેરે નઝદીક ન આના, | اے مرحب و عنتر مرے نزدیک نہ آنا، |
| મર જાયેગા આયેગા જો હૈદર કે બરાબર | مر جائیگا آئیگا جو حیدرؑ کے برابر۔ |
| સુન કર યે સદા મરહબે કાફિર યે પુકારા, | سن کر یہ صدا مرحبِ کافر یہ پکارا، |
| મૌત આ ગઈ હય આજ મેરે સર કે બરાબર. | موت آ گئی ہے آج مرے سر کے برابر۔ |
| સુનતે હૈં બહોત કિસ્સે શુજાઅત કે હમ ઈસ કે, | سنتے ہیں بہت قصّے شجاعت کے ہم اس کے، |
| તન્હા હી યે ઈન્સાન હય લશ્કર કે બરાબર. | تنہا ہی یہ انسان ہے لشکر کے برابر۔ |
| જાઉંગા અગર જંગ મેં હૈદર કે બરાબર, | جاؤں گا اگر جنگ میں حیدرؑ کے برابر، |
| ફાળેગા મુઝે કલ્લએ અઝદર કે બરાબર. | پھاڑے گا مجھے کلّہٗ اژدر کے برابر۔ |
| દો લાખ ન લડ પાએ બહત્તર કે બરાબર, | دو لاکھ نہ لڑ پائے بہتّر کے برابر، |
| લશ્કર થા કોઈ શાહ કે લશ્કર કે બરાબર? | لشکر تھا کوئی شاہؑ کے لشکر کے برابر۔ |

کہتے تھے یہ عباسِ علیؑ کربوبلا میں،
کون آتا ہے اب ثانئ حیدرؑ کے برابر؟

કહેતે થે યે અબ્બાસે અલી કરબોબલામેં,
કૌન આતા હય અબ સાનીએ હેદર કે બરાબર ?

اے شمر ابھی زندہ ہیں ہم، ہم سے خبردار!
ہمت ہے تو آ تو مرے سرورؑ کے برابر!

અય શિમ્ર અભી ઝિંદા હૈં હમ, હમ સે ખબરદાર !
હિંમત હય તો આ તૂ મેરે સરવર કે બરાબર !

اک ہاتھ میں لے جاؤں گا دریا کو اٹھا کر،
قوت ہے مری فاتحِ خیبر کے برابر۔

એક હાથ મેં લે જાઉંગા દરિયા કો ઉઠાકર,
કુવ્વત હૈ મેરી ફાતહે ખૈબર કે બરાબર.

کہتے تھے یہ اعداء سرِ مقتل گو ہے پیاسا،
لڑتا ہے ہر اک حمزہؑ و جعفرؑ کے برابر،

કહેતે થે યે આ'દા સરે મકતલ ગો હય પ્યાસા,
લડતા હય હર એક હમ્ઝા–ઓ–જાફર કે બરાબર.

اللہ رے سہ روز کے بھوکے ہیں یہ پھر بھی،
ہیں سارے کے سارے یہاں حیدرؑ کے برابر۔

અલ્લાહ રે સહ રોઝ કે ભૂકે હૈં યે ફિર ભી,
હૈં સારે કે સારે યહાં હૈદર કે બરાબર.

ہم ہیں یہاں دو لاکھ مگر ہم میں نہیں ہے،
کوئی قدِ عباسؑ دلاور کے برابر۔

હમ હૈં યહાં દો લાખ મગર હમ મેં નહીં હય,
કોઈ કદે અબ્બાસે દિલાવર કે બરાબર.

ہر ایک سپاہِ شہِ ابرارؑ کا فوجی،
ہے میثمؒ و سلمانؓ و ابوذرؓ کے برابر۔

હર એક સિપાહે શહે અબરાર કા ફોજી,
હૈ મીસમ–ઓ–સલમાન ઓ અબૂ ઝર કે બરાબર.

ارزق سا پہلوان بھی لڑنے نہیں پایا،
اے فاطمہؑ کبریٰ ترے شوہر کے برابر۔

અરઝક સા પહેલવાન ભી લડને નહીં પાયા,
અય ફાતેમા કુબરા તેરે શૌહર કે બરાબર.

**શેહ કહેતે થે હૈં દોનો અલી, દોનોં હી યક્સાં,**
**રુત્બે હૈં મેરે અસગર–ઓ–અકબર કે બરાબર.**

شہؑ کہتے تھے ہیں دونوں علی، دونوں ہی یکساں،
رتبے ہیں مرے اصغرؑ و اکبرؑ کے برابر۔

**અકબર યે સદા દેતે થે મૈદાનમેં આકર,**
**કૌન આતા હૈ હમશક્લે પયમ્બર કે બરાબર ?**

اکبرؑ یہ صدا دیتے تھے میدان میں آ کر،
کون آتا ہے ہم شکلِ پیمبرؐ کے برابر؟

**ચહેરા હય મેરા રબ કે પયમ્બર કે બરાબર,**
**બાઝૂ હૈં મેરે બાઝૂએ હૈદર કે બરાબર.**

چہرہ ہے مرا رب کے پیمبرؐ کے برابر،
بازو ہیں مرے بازوئے حیدرؑ کے برابر۔

**હય યે દુઆએ 'કામરાં' ખાલિક, તુ અતા કર,**
**રુત્બા ઉસે નાઅલૈને પયમ્બર કે બરાબર.**

ہے یہ دعائے کامراں خالق، تو عطا کر،
رتبہ اُسے نعلینِ پیمبرؐ کے برابر۔


દુકાન
૯૦૩૩૧૨૭૪૫૦

આબિદઅલી મુખી
૯૯૭૯૦૮૮૦૧૮

# યાદગાર હોજીયરી
## એન્ડ કટલરી સ્ટોર્સ
(વાઘરોલવાળા)

અમારે ત્યાં હોટલના કટલરી સ્ટોર્સ પર વેચાતી તમામ હોઝીયરી વેરાયટી મળશે. નાઈટ પેન્ટ, ટી શર્ટ, કેપરી, બનીયાન, ટુવાલ, અંડરવેર, હાથ રૂમાલ, પગમોજા, સોલાપુરી ચાદર, લુંગી, ગમછા, પીળા ડસ્ટર, નેપકીન, મફલર, અશોકા રૂમાલ, જોકી અંડરવેર, જોકી બનીયાન, ગરમ બ્લેન્કેટ, ગરમ ટોપી, વગેરે વેરાયટી હોલસેલ ભાવે મળશે.

અમારો હેતુ સમાજના હિતમાં છે અને હંમેશાં રહેશે.

**જુમ્આ મસ્જિદની સામે, બગડીયા માર્કેટ, પહેલા માળે,**
**સન્માન હોટલની બાજુમાં, ગાંધી રોડ (ફુવારા), અમદાવાદ-૩૮૦૦૦૧**

અલ્લાહ (સુ.વ.ત.)નાં અતિ સુંદર ૯૯ નામ

# અસ્માઉલ હુસ્ના اَلْاَسْمَآءُالْحُسْنٰی

**1**

اَللّٰهُ
અલ્લાહ

**અલ્લાહનું નામ**

જો તમે اَللّٰهُનો ઝિક્ર દિવસમાં 1000 વખત કરશો તો અલ્લાહ તઆલા તમારા દિલમાંથી બધી જ શંકાઓ અને અનિશ્ચિતતાઓને દૂર કરી દેશે અને ઈન્શાઅલ્લાહ તેમાં નિર્ણયશકિત અને ઈમાન ભરી દેશે.

**2**

اَلرَّحْمٰنُ
અર્રહમાનો

**રહેમાન–દયાળુ**

જો તમે اَلرَّحْمٰنُનો ઝિક્ર દરેક નમાઝ પછી દરરોજ 100 વખત કરશો તો અલ્લાહ તઆલા તમારા દિલમાંથી કઠોરતાને અને બેદરકારીને ઈન્શાઅલ્લાહ દૂર કરી દેશે.

**3**

اَلرَّحِيْمُ
અર્રહીમો

**ખૂબ જ દયાવાન**

જો તમે اَلرَّحِيْمُનો ઝિક્ર દરરોજ દરેક નમાઝ પછી 100 વખત કરશો તો અલ્લાહ તઆલા દરેક પ્રકારની આફતોથી અને બીમારીઓથી ઈન્શાઅલ્લાહ તમને સુરક્ષિત રાખશે.

**4**

اَلْمَلِكُ
અલ માલેકો

**માલિક / બાદશાહ**

જો તમે اَلْمَلِكُનો ઝિક્ર દરરોજ ઝવાલ પછી (એટલે કે મધ્યાહન પછી તરત જ ઝોહરની નમાઝ પહેલાં) પુષ્કળ પ્રમાણમાં કરશો તો અલ્લાહ તઆલા તમને ઈન્શાઅલ્લાહ પુષ્કળ પ્રમાણમાં ધનદોલત આપશે.

**5**

اَلْقُدُّوْسُ
અલ કુદ્દૂસો

**ખૂબ જ પાક**

જો તમે اَلْقُدُّوْسُનો ઝિક્ર દરરોજ પુષ્કળ પ્રમાણમાં કરશો તો અલ્લાહ તઆલા બધા જ પ્રકારની રૂહાની બીમારીઓમાંથી ઈન્શાઅલ્લાહ શિફા આપશે.

ક્રમશઃ

# અજે રિસાલત

**લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)**

*બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ*

*વેપારી સોદાનો એક નિયમ છે – જો કોઈ વ્યક્તિ કોઈ પણ પ્રકારની સેવામાં લાભ ઉઠાવે છે અથવા તો કોઈ ઉત્પાદિત માલ ખરીદે છે તો જે તે ઉત્પાદિત માલ અથવા સેવા કે જે તેણે ખરીદી છે, તેના બદલામાં તેણે વેચનાર માગે એટલી કિંમત ચૂકવવી પડે છે કે જેનો તે અધિકૃત માલિક કહેવાય છે. જો એવું કરવામાં નિષ્ફળ જવાય તો તે બાબતને એવી ગણવામાં આવશે કે જાણે કે દેવું ન ચૂકવીને તેણે વેચનારને ખોટી રીતે લૂંટી લીધો છે. અને આવી પરિસ્થિતિમાં એ ઉત્પાદિત વસ્તુ અથવા સેવાનો કે જે તેણે ફાયદો મેળવ્યો છે, તે તેની પાસેથી પાછો લઈ લેવામાં આવશે.*

*આપણા વહાલા પયગમ્બર (સ.)એ ઈસ્લામની જે નેઅમતો આપણને પહોંચાડી છે તેની શું કોઈ ખાસ કિંમત અલ્લાહ (સુ.વ.ત.)એ અને રસૂલલ્લાહ (સ.)એ નક્કી કરી છે ખરી કે જેને આપણી સાથે જોડી દીધી હોય ? નમાઝ નિયમિતરીતે પઢવી, હજ બજાવી લાવવી અને રમઝાનના મહિનામાં રોઝા રાખવા શું આ એક માત્ર આપણા માપદંડો છે કે જેના ઉપર અનુસરણ કરવાની આપણી પાસે આશા રાખવામાં આવે છે ? અથવા તો શું આનાથી વધારે કંઈક છે કે જેને યોગ્ય વળતર તરીકે ઑફર કરવાની આશા રાખવામાં આવે છે ?*

➞ *તો પછી શું આપણા માટે આત્મનિરિક્ષણ કરવું જરૂરી નથી કે આપણે ઈસ્લામના સાચા અનુયાયી તરીકે પૂરતું કાર્ય કરી રહ્યા છીએ કે નહીં ? શું આપણે પયગમ્બર (સ.)ને ઈસ્લામરૂપી ઉપકાર આપણને લાવી આપવાના તેમના પ્રયત્નોનું દેવું ચૂકવ્યું છે ખરું ? કે પછી આપણે ઈસ્લામ ઉપર જબરદસ્તી કરનારા છીએ ?*

કુરઆને પાકની રોશનીમાં ચાલો આપણે સૂરા આલે ઈમરાનની નીચેની આયતો વડે આત્મ નિરિક્ષણ કરીએ :

● "અને તમારામાંથી **એક ટોળું** એવા લોકોનું પણ તો હોવું જોઈએ કે **જે લોકોને નેકી તરફ બોલાવે** અને **સારા કામોનો હુકમ આપે** અને **ખરાબ કામોથી રોકે** અને એવા જ લોકો આખેરતમાં **પોતાના દિલની મુરાદો પામશે.**"

(સૂરા આલે ઈમરાન, આયત–૧૦૪)

અલ્લાહ તઆલા ઉપરની આયતમાં મુસ્લિમ વિશ્વને સંબોધે છે અને એવું જાહેર કરે છે કે તમારામાંથી એવું એક ટોળું હોવું જોઈએ કે જે નેકી તરફ દા'વત આપે, જે કંઈ સાચું હોય તેનાથી જોડાઈ જાય અને ખોટા કાર્યની મનાઈ કરે. વળી તે (સુ.વ.ત.) માહિતી આપે છે કે **આ જ લોકો સફળ થનારા છે.** આ રીતે **<u>તેઓ સાચા અને અધિકૃત હાદી છે અને તેમનું અનુસરણ કરવાથી તેઓ આપણને સફળતા તરફ દોડી જશે.</u>**

હવે ચાલો, આપણે સૂરા તૌબાની નીચેની

આયત જોઈએ :

● "અય **ઈમાનદારો !** ખુદાથી ડરો અને **સાચાઓની સાથે થઈ જાઓ.**" (સૂરા તૌબા, આયત–૧૧૯)

અહીં અલ્લાહ (સુ.વ.ત.)એ **મોમિનોને (ઈમાનદારોને) સાચાઓ સાથે જોડાઈ જવાનો** હુકમ કર્યો છે. આ બન્ને આયતો ઉપર ચિંતન કરતાં આપણે એવું સમાપન કરી શકીએ કે **અલ્લાહ (સુ.વ.ત.)એ સાચા લોકોના એક ટોળાને પેદા કર્યું છે કે જેઓ મુસ્લિમ ઉમ્મતના સાચા હાદી છે.** હુકમ કરવામાં આવ્યો છે તે મુજબ તો સફળ થવા માટે આ સાચા હાદીઓની સાથે થઈ જવું તે આપણી ધાર્મિક ફરજ છે.

→ તો પછી સાચા હાદીઓનું ટોળું કયું છે ? તેનો જવાબ ચોકકસપણે કુરઆનમાં આવેલો છે :

● "પછી જ્યારે તમારી પાસે ઈલ્મ (કુરઆન) આવી પહોંચ્યું ત્યાર પછી જો તમારાથી કોઈ (નસરાની) (ઈસા (અ.)ની બાબતમાં) હુજ્જત કરે તો કહો કે સારું, મેદાનમાં આવો, **અમે અમારા બેટાઓને બોલાવીએ, તમે તમારા બેટાઓને, અમે અમારી સ્ત્રીઓને બોલાવીએ, તમે તમારી સ્ત્રીઓને, અમે અમારી જાનોને બોલાવીએ, તમે તમારી જાનોને,** ત્યાર પછી **આપણે ભેગા થઈને ખુદાની બારગાહમાં કરગરીને દુઆ માગીએ** અને **જૂઠ્ઠાઓ પર ખુદાની લા'નત કરીએ.**

(સૂરા આલે ઈમરાન, આયત–૬૧)

જુદા જુદા ઈતિહાસકારોએ દર્શાવેલી હદીસો અનુસાર, ઉપરની આયત ત્યારે નાઝિલ થઈ હતી કે જ્યારે નજરાનના નસારાઓએ પયગમ્બરે પાક (સ.)ની પયગમ્બરીને પડકારી હતી. ઉપરની આયત રસૂલે પાક (સ.) ઉપર મુબાહેલા માટે મુસલમાનો અને નસારાઓના બન્ને પક્ષોને બોલાવવા માટેનો ઈલાહી હુકમ છે. આયતમાં જણાવ્યા મુજબ દરેક પક્ષે પોતપોતાની સ્ત્રીઓને પોતાના દીકરાઓને અને તેમની જાનોને લાવવાની હતી. જ્યારે નસારાઓ વિદ્વાન આલિમોનું મોટું પ્રતિનિધિમંડળ લઈને આવ્યા તો **પયગમ્બરે પાક (સ.)એ પોતાના દીકરાઓ તરીકે હસન (અ.) અને હુસૈન (અ.)ને હાજર કર્યા. ફાતેમા (અ.)એ ઘરની સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ કર્યું અને મૌલા અલી (અ.) એ આપ (સ.)ના જીવના એક ભાગનું પ્રતિનિધિત્વ કર્યું. બન્ને પક્ષોએ પછી દુઆ માગવાની જરૂર હતી અને અલ્લાહ સમક્ષ જૂઠ્ઠાઓ પર લા'નત કરવાની હતી.**

નસારાઓએ મુબાહેલો કરવાથી પીછેહઠ કરી તે હકીકત સાબિત કરે છે કે તેમને ખાત્રી થઈ ગઈ હતી કે મુસ્લિમોનું પ્રતિનિધિમંડળ કે જેમાં પયગમ્બરે પાક (સ.)ના કુટુંબીજનો – **ઈમામ અલી (અ.), જનાબે ફાતેમા (અ.), હસન (અ.) અને હુસૈન (અ.) સાચાઓ હતા.**

આ રીતે તો ઉપરની આયત અને મુબાહેલાનો પ્રસંગ **પંજેતન પાક (અ.)ની સચ્ચાઈની કુરઆની સાબિતી** છે.

અને સૂરા બકરાની આયત બતાવે છે :

● અને જેવી રીતે તમારા કિબ્લાની બાબતમાં હિદાયત કરી એવી જ રીતે **તમને આદિલ બનાવ્યા** જેથી બીજા **લોકોના મુકાબલામાં તમે ગવાહ બનો** અને **રસૂલ (સ.) તમારા મુકાબલામાં ગવાહ** બને..."

(સૂરા બકરા, આયત–૧૪૩)

સલીમ બિન કૈસ દ્વારા એવું નોંધવામાં આવ્યું છે કે **<u>મૌલા અલી (અ.)એ જણાવ્યું છે</u>** કે અમે **<u>ન્યાયી ઉમ્મત (ઉમ્મતે આદિલ)</u>** અને **<u>લોકોની ગવાહીને ધારણ કરનારા</u>** છીએ. અને પયગમ્બર (સ.) અમારી ગવાહી આપનારા છે.

(સંદર્ભ : શવાહિદ તન્ઝીલ, હકીમ અબ્દુલ કાસિમ)

સૂરા અંબિયાની આયત જણાવે છે :

● "તો જો તમે લોકો પોતે જાણતા ન હો **તો અહલે ઝિક્રને પૂછી જુઓ.**" (સૂરા અંબિયા, આયત–૭)

સ'લાબી જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીના હવાલાથી પોતાની તફસીરમાં અહેવાલ આપે છે કે **<u>આ આયત નાઝિલ થવા વિષે મૌલા અલી (અ.)એ ફરમાવ્યું, "અમે જ અહલે ઝિક્ર છીએ.</u>**"

અને આપણા વહાલા પયગમ્બર (સ.)એ પોતાની પાક આલ વિષે ફરમાવ્યું છે :

● "**તેમનાથી આગળ ન વધી જાઓ** રખેને તમે હલાક થઈ જાઓ. ન તો તેમનાથી પાછળ રહી જાઓ, રખેને તમે હલાક થઈ પણ જાઓ. અને તેમને શીખવાડો નહીં કેમ કે **તેઓ તમારા કરતાં વધારે જાણનારા છે.**" (સંદર્ભ : તબરાની, હદીસે સકલૈનના એક ભાગ તરીકે, ઈબ્ને હજર સવાએકે મોહર્રકા, ભાગ–૨૪, પ્રકરણ–૩૭)

→ આ વિભાગ મુબાહેલાની આયત વિષેની ચર્ચાથી શરૂ થયો કે જે આયત પંજેતન પાક (અ.) ના સાચા હોવાનો કુરઆની પુરાવો છે. તેના પછી આવી સૂરા બકરાની ૧૪૩મી આયત **કે જે 'ન્યાયી ઉમ્મત'ની હાજરીનો ઉલ્લેખ કરે છે કે** જેમને (ન્યાયી ઉમ્મતને) લોકોના ગવાહ બનાવ્યા છે. **મૌલા અલી (અ.)એ પુષ્ટિ આપી છે કે આ <u>'ન્યાયી ઉમ્મત' કે જે આયતમાં છે તે અહલેબૈત છે,</u>** અને તેઓ **લોકોની ગવાહી**ને ધારણ કરનારા છે. તેના પછી આવતી સૂરા અંબિયાની આયત નં. ૭ કે જે **કહે છે કે જો આપણે જાણતા ન હોઈએ તો આપણે 'અહલે ઝિક્ર'નો સંપર્ક કરવો જોઈએ** અને મૌલા અલી (અ.) ના મત અનુસાર **<u>અહલેબૈત અહલે ઝિક્ર છે.</u>** છેલ્લે આપણે પયગમ્બરે પાક (સ.)ની હદીસ જોઈ કે જે ઈમાનદારોને હલાકતથી બચવા માટે **<u>અહલેબૈત</u>**ની સાથે થઈ જવાની અને **<u>ઈલ્મની બાબતમાં</u>** તેઓ ચઢિયાતા છે તેનો સ્વીકાર કરવાની હિદાયત કરે છે. **આ બધામાં રહેલી સ્પષ્ટ બાબતો આપણને એવા અનુમાન તરફ દોરી જાય છે કે અલ્લાહ (સુ.વ.ત.) એ તેમને માનવજાત ઉપર હાદી તરીકે નિયુક્ત કર્યા છે અને એટલે જ તો તેમને <u>ન્યાયી, સત્યનિષ્ઠ અને ઈલ્મના જાણકાર બનાવ્યા છે.</u>**

સૂરા આલે ઈમરાનની ૧૦૪મી આયતને મગજમાં રાખીને કે જેની ચર્ચા આપણે કરી દીધી છે, કે જેમાં અલ્લાહ (સુ.વ.ત.)એ એવો નિર્દેષ કર્યો છે કે લોકોનું એક ટોળું એવું હોવું જોઈએ કે જે **<u>નેકી તરફ દા'વત આપે. જે કંઈ સાચું હોય તેની સાથે જોડાઈ જાય અને બૂરાઈની મનાઈ કરે,</u>** ચાલો આપણે એ જ સૂરાની નીચેની આયત જોઈએ :

● "તમે **કેવો સારો સમૂહ છો** કે લોકોની **<u>હિદાયતના માટે પેદા કરવામાં આવ્યા છો</u>**. તમે લોકોને **સારા કાર્યોનો તો હુકમ કરો** છો **અને બૂરાં કાર્યોથી રોકો** છો. અને ખુદા ઉપર ઈમાન **રાખો છો** અને જો અહલે કિતાબ પણ આવી રીતે ઈમાન લાવત તો તેમના હકમાં સારું થાત, તેમનામાંથી કેટલાક તો ઈમાનદાર છે અને ઘણા બધા બદકાર."

(સૂરા આલે ઈમરાન, આયત–૧૧૦)

ઉપરની આયતમાં અલ્લાહ (સુ.વ.ત.)એ તેમને સીધે સીધું સંબોધન કર્યું છે અને તેમના સદ્‌ગુણોની પ્રશંસા એવું કહીને કરી છે કે તેઓ **<u>સર્વશ્રેષ્ઠ ઉમ્મત છે કે જેમને માનવજાતને ફાયદો પહોંચાડવા બુલંદ કર્યા છે.</u>** તેઓ જે કંઈ સાચું છે તેની સાથે જોડાઈ જાય છે અને બૂરાઈની મનાઈ કરે છે. આ રીતે **<u>અલ્લાહ (સુ.વ.ત.)એ આ સાચા હાદીઓને આપણા માટે આ આયતમાં ઓળખાવ્યા છે અને તેમને ખોળી કાઢવાની આપણી શોધને સરળ બનાવી દીધી છે.</u>**

ઉપરની આયતને સમજાવતાં ઈબ્ને અબી હાકિમે હઝરત અબૂ જાફરનું એવું કહીને અવતરણ ટાંક્યું છે કે **<u>તેઓ બીજા કોઈ નથી પણ પયગમ્બરે પાક (સ.)ના અહલેબૈત છે.</u>**

આ બાબત વધુમાં સાબિત કરે છે કે અહલેબૈતની ખિલ્કત ઈમાનદારોને સાચા રસ્તા તરફ હિદાયત માટે છે. તેમનું અનુસરણ ભલાઈ તરફ દોરી જશે અને બૂરાઈથી રોકશે. **અલ્લાહ (સુ.વ.ત.) એ ઉમ્મતમાં સર્વશ્રેષ્ઠ તરીકે તેમનાં વખાણ કર્યાં છે. આ બાબત સમર્થન આપે છે કે તેઓ સંપૂર્ણ શુધ્ધિકરણથી પાક થયેલા છે (જેમનામાં કોઈ નાપાકી અથવા અપૂર્ણતા નથી.)** અને તેથી જ તો અલ્લાહ (સુ.વ.ત.) નીચેની આયતમાં ફરમાવે છે :

● "અય **પયગમ્બરની અહલેબૈત !** ખુદા તો બસ એવું જ ઈચ્છે છે કે તમને દરેક પ્રકારની બૂરાઈથી દૂર રાખે અને એટલા **પાક રાખે કે જેટલો પાક રાખવાનો હક છે.**" (સૂરા અહ્‌ઝાબ, આયત–૩૩)

મોટા ભાગના તફસીરકારો સર્વાનુમતે સહમત થયા છે કે આ આયત અહલેબૈત (અ.)ની **ધર્મનિષ્ઠા**ને અને **પાકીઝગી**ને પ્રદર્શિત કરે છે.

(સંદર્ભ : તફસીરે દુર્રે મન્સૂર, મુલ્લા જલાલુદ્દીન સુયુતિ, ભાગ–૫, પેજ–૧૯૮–૧૯૯)

➞ આપણા ચિંતનમનનો મહત્ત્વનો નિષ્કર્ષ એ છે કે પંજેતન પાક (અ.) અને પયગમ્બરે પાક (સ.) ની આલમાંથી તેમના પછી થઈ ગયેલા ઈમામો સાચા હાદીઓ, ન્યાયી ઉમ્મત, સૌથી વધારે ઈલ્મ ધરાવનારા અને અલ્લાહની મખ્લૂકાતમાં સૌથી વધારે પાક છે. તેમની ખિલ્કત આપણા માટે એક ઉદાહરણ તરીકે અને તેમને અનુસરવા તેમજ તેમની પાસેથી શીખવા માટે કરવામાં આવી છે. **આપણી ધાર્મિક ફરજ એ છે કે આપણે તેમણે દર્શાવેલા માર્ગ પર ચાલવા મથન કરીએ અને તેમના ઉત્સાહી અનુયાયીઓમાંના એક બનીએ.**

ચાલો, આપણે અલ્લાહનો એ હુકમ જોઈએ કે જે આપણા ઉપરના અનુમાનને સૂરા શૂરાની નીચેની આયતમાં સમર્થન આપે છે :

...قُلْ لَّآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ اَجْرًا اِلَّا الْمَوَدَّةَ فِى الْقُرْبٰى ...﴿٢٣﴾

● "(...અય રસૂલ !) તમે કહી દો કે હું મારી તબ્લીગે રિસાલતનો મારા કરાબતદારોની મોહબ્બત સિવાય તમારી પાસે કોઈ બદલો માગતો નથી..."

(સૂરા શૂરા, આયત–૨૩)

જુદા જુદા તફસીરકારોએ જે હદીસોનો ઉલ્લેખ કર્યો છે તે મુજબ તો પયગમ્બરે પાક (સ.) ના સગાઓની મોહબ્બત છે, **ફાતેમા (અ.), અલી (અ.) અને તેમના બાળકો હસન (અ.) અને હુસૈન (અ.) સાથેની મોહબ્બત છે.**

(સંદર્ભ : સ'લાબી, સુયુતિ, બૈઝાવી, બુખારી,

મુસ્લિમ, અહમદ બિન હમ્બલ, અલ્લામા ઝમખશરી, સુયુતિ, ભાગ–૩, પેજ–૬૮)

આવી જ હદીસ સ'લાબી, ઝમખશરી, સુયુતિ અને બૈઝાવીએ પણ નોંધી છે કે જેમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ઉપરની આયત એટલા માટે નાઝિલ કરવામાં આવી કે જેથી મુસ્લિમ જગત સમક્ષ એ બાબત સ્પષ્ટ થઈ જાય કે **મૌલા અલી (અ.)ના ઘરાના સાથેની મોહબ્બત તેમના ઉપર વાજિબ છે.**

આ રીતે જો કોઈ આપણા પયગમ્બર (સ.)ની મોહબ્બતનો દાવો કરતો હોય અને તેમના શુક્રગુઝાર બનવાની ઈચ્છા ધરાવતો હોય તો તેના માટે વાજિબ છે કે તે **પયગમ્બરે પાક (સ.)ના કરાબતદારો – અહલેબૈત** સાથે પણ મોહબ્બત રાખે. **આવું કરવામાં નિષ્ફળ જનારો પયગમ્બરે પાક (સ.)ની આપણને ઈસ્લામ આપવાના એહસાનની મહેનતના મૂલ્યને ચૂકવવામાં નિષ્ફળ થઈ ગયેલો હશે.**

→ આ લેખ એક ખરીદનારના ઉદાહરણની સાથે શરૂ થાય છે કે જે વેચનારને તેની ઉત્પાદિત વસ્તુ અથવા તો સેવા ખરીદવાની સામે તેનું યોગ્ય મૂલ્ય ચૂકવે છે આ જ ઉદાહરણને લઈને વધુમાં એવું કહી શકાય કે જો કોઈ વ્યક્તિ વસ્તુ વેચનારને તેનું દેવું ચૂકવ્યા વગર મરણ પામે તો જ્યાં સુધી તે સોદો ન પતાવે ત્યાં સુધી તેનો વારસદાર જવાબદાર રહેશે. બસ એવી જ રીતે જો કોઈ માણસ **પયગમ્બરે પાક (સ.)નું દેવું ચૂકવ્યા વગર મરણ પામે** તો શું તે અલ્લાહ (સુ.વ.ત.)નો દેવાદાર રહેશે નહીં, એટલે સુધી કે કયામતનો દિવસ આવે અને તે અજ્રે રિસાલતની પોતાની ધાર્મિક ફરજને અમલમાં ન મૂકવા માટે જવાબદાર નહીં રહે ? આપણે સૂરા સાફ્ફાતની નીચેની આયત જોઈશું :

● "ખુદાને છોડીને જેની પરસ્તિશ કરે છે તે બધાયને એકઠા કરો પછી તેમને જહન્નમનો રસ્તો બતાવી દો **અને હા, એમને જરા ઊભા રાખો કે તેમને કંઈ પૂછવું છે.**"

(સૂરા સાફ્ફાત, આયત–૨૨ થી ૨૪)

અબૂ સઈદ ખુદરીએ ઈબ્ને અબ્બાસના હવાલાથી એક હદીસ ટાંકી છે કે પયગમ્બરે પાક (સ.)એ ફરમાવ્યું છે કે કયામતના દિવસે **લોકોને અલી ઈબ્ને અબીતાલિબ (અ.)ની વિલાયતમાં ઈમાન ધરાવવા અંગે અને તેમના પ્રત્યેની મોહબ્બત અંગે પૂછવામાં આવશે.** (સંદર્ભ : સવાએકે મોહર્રકા, પેજ–૫૦૩, અલ્લામા ઈબ્ને હજર, રિયાઝુલ નાદિરા, ભાગ–૨, પેજ–૧૧૬, મોહિબ તબરી)

દેવબંદી ચળવળના **શાહ ઈસ્માઈલ શહીદ** પોતાની (કિતાબ) મન્સબે ઈમામતમાં કહે છે: "ઈમામને આ દુનિયામાં અને બીજી દુનિયામાં એવી સત્તા છે કે પયગમ્બરે પાક (સ.)એ એક વાર ફરમાવ્યું હતું, 'શું લોકો ઉપર હું તેમની જાત કરતાં વધારે અધિકાર ધરાવતો નથી ? આ સાંભળીને લોકોએ હકારમાં જવાબ આપ્યો. ત્યાર પછી પયગમ્બર (સ.)એ ફરમાવ્યું, 'જેનો હું મૌલા છું તેના આ અલી મૌલા છે.' અને તેથી જ તો અલ્લાહ કુરઆનમાં ફરમાવે છે કે **કયામતના દિવસે તમને તમારા ઈમામની સાથે બોલાવવામાં આવશે અને પૂછવામાં આવશે (સૂરા સાફ્ફાત) અને પયગમ્બર (સ.)એ ફરમાવ્યું કે આપણને અલી (અ.)ની વિલાયત વિષે પૂછવામાં આવશે.** (સંદર્ભ : મન્સબે ઈમામત, પેજ–૧૦૯, ૧૧૦, શાહ ઈસ્માઈલ શહીદ)

ઉપરના સંદર્ભોનું સમર્થન કરતી પયગમ્બરે પાક (સ.)ની આગળ પડતી એક હદીસ છે :

● "કયામતના દિવસે હિસાબની પતાવટના સ્થળેથી ખસવા કોઈ પણ શકિતમાન નહીં બને એટલે સુધી કે તેણે ચાર બાબતો જણાવી દીધી ન હોય : તેણે પોતાની જિંદગી અને ધનદોલત કેવી રીતે ખર્ચી અને તે કયાંથી મેળવી...? **<u>અને તેને અહલેબૈતની મોહબ્બત વિષે પણ ચોકકસ પૂછવામાં આવશે.</u>**"

અને છેલ્લે આ લેખનું સમાપન કરીએ તે પહેલાં ચાલો આપણે અહલેબૈતની મોહબ્બતની ગેરહાજરીમાં આપણી ઈબાદતોની પ્રમાણભૂતતા ઉપર વિચાર કરીએ. હજની બાબતમાં એવો કરજદાર કે જેણે ઉધારની ચૂકવણી કરી ન હોય અથવા તો તે હજમાંથી પાછો આવે તે પહેલાં રકમ લેણી થઈ જાય તો તે પોતાના લેણદારની સંમતિ વગર હજ બજાવી શકતો નથી, તેવી જ રીતે અહલેબૈત સાથે મોહબ્બત કરવાનું દેવું પયગમ્બરે પાક (સ.)ને ચૂકવ્યા વગર, શું આપણી હજ અલ્લાહ સ્વીકારશે એવી આશા રાખી શકાય ?

આપણી નમાઝની કબૂલિયતની બાબતમાં ઈબ્ને હજર (અલ સવાએક, પેજ–૮૮) (શાફઈ મઝહબના વડા) અલ શાફઈ દ્વારા રચવામાં આવેલ પંકિતઓ ટાંકે છે અને એવું જ સુયુતિએ પણ આયતે તત્હીરની તફસીરમાં લખ્યું છે જે આ મુજબ છે :

અલ શાફઈ કહે છે :

يَا آلَ بَيْتِ رَسُوْلِ اللهِ حُبُّكُمْ
فَرْضٌ مِنَ اللهِ فِي الْقُرْآنِ أَنْزَلَهُ
كَفَاكُمْ مِنْ عَظِيْمِ الشَّأْنِ أَنَّكُمْ
مَنْ لَمْ يُصَلِّ عَلَيْكُمْ لَا صَلَاةَ لَهُ

(અય રસૂલલ્લાહ (સ.)ના અહલેબૈત ! તમારી મોહબ્બત ફર્જ છે તે બાબતને અલ્લાહે કુરઆનમાં નાઝિલ કરેલ છે. તમારા ઊંચા મર્તબા માટે એટલું જ કહેવું કાફી છે કે જે **તમારા ઉપર દુરૂદ ન મોકલે તેની નમાઝ થતી નથી**.)

→ આપણા આત્મનિરિક્ષણના છેલ્લા સમાપન તરીકે આપણે એવું કહી શકીએ કે જો આપણે અહલેબૈતના રસ્તાને ન વળગી રહીએ તો આપણે નાશુક્રા, હલકટ બનીશું. મુસ્લિમો કહેવડાવવાના લાયક નહીં બનીએ. અલ્લાહ (સુ.વ.ત.)એ આપણને સ્પષ્ટરીતે કહી દીધું છે કે અહલેબૈત તરફની વફાદારી અને મોહબ્બત અને તેમની સરદારીનો સ્વીકાર કરવો તે આ દુનિયામાં આપણી પ્રગતિનો અને આખેરતમાં નજાત માટેનો એક માત્ર રસ્તો છે.


મીકદાદઅલી
MO 99257 47592
(જેઠીપુરાવાળા)
મંઝર ચશ્માઘર
Manzar Optical
• નંબરના ચશ્મા • બેલ્ટ
• ફેન્સી ગોગલ્સ • પર્સ
• સનગ્લાસના ચશ્મા • સ્પ્રે-અત્તર
L-5, આકાશગંગા કોમ્પલેક્ષ,
નિરાલી બસ સ્ટેન્ડ રોડ, હિંમતનગર.

# ઈલ્મના રહસ્યો

**સંકલન : જનાબ સૈયદ ઓવેસએહમદ જાફરી સાહેબ**

મૈસમ તમ્માર (રઝી.) બયાન કરે છે :

હું બજારમાં હતો ત્યારે અસ્બગ ઈબ્ને નબાતા મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા,

“મેં અમીરુલ મોમિનીન અલી ઈબ્ને અબીતાલિબ (અ.) પાસેથી એક ઘણી જ મુશ્કેલ હદીસ સાંભળી છે. મેં જે સાંભળ્યું છે તે કેવી રીતે શકય હોઈ શકે ?”

મેં પૂછ્યું,

“તમે શું સાંભળ્યું છે ?”

અસ્બગે જવાબ આપ્યો,

“મેં અમીરુલ મોમિનીન (અ.)ને કહેતાં સાંભળ્યા, અમારી હદીસો ઘણી મુશ્કેલ અને અટપટી હોય છે. ફકત ઉચ્ચ દરજ્જાના ફરિશ્તાઓ, પયગમ્બરો અને તે બંદાઓ કે જેમના દિલોની કસોટી થઈ ચૂકી હોય છે તેવા લોકો જ તે હદીસોને સમજી શકે છે.”

આ સાંભળીને હું સીધો જ ઈમામ અલી (અ.) ની સેવામાં હાજર થયો. મેં ઈમામ (અ.)ને કહ્યું,

“હે અમીરુલ મોમિનીન (અ.) અસ્બગે આજે આપનાથી એક હદીસ બયાન કરી છે કે જેને હું સમજી શકતો નથી.”

ઈમામ (અ.)એ પૂછ્યું,

“તે કઈ હદીસ છે ?”

મેં ઉપરોકત હદીસ બયાન કરી.

અમીરુલ મોમિનીન (અ.) મુસ્કુરાયા અને મને બેસવા માટે કહ્યું.

ત્યાર બાદ તેમણે કહ્યું,

“શું દરેક વ્યકિત ઈલ્મની બધી જ શાખાઓ પર પ્રભુત્વ મેળવી શકે છે ?”

જ્યારે તમારા માલિકે ફરિશ્તાઓને કહ્યું,

وَ اِذْ قَالَ رَبُّكَ لِلْمَلٰٓئِكَةِ اِنِّىْ جَاعِلٌ فِى الْاَرْضِ خَلِيْفَةً ... ﴿٣٠﴾

*“હું ધરતી ઉપર એક ખલીફાની નિમણૂક કરવાનો છું...”*

(સૂરા બકરા, આયત–૩૦)

ત્યારે તેમણે કહ્યું,

...قَالُوْٓا اَتَجْعَلُ فِيْهَا مَنْ يُّفْسِدُ فِيْهَا وَ يَسْفِكُ الدِّمَآءَ ۚ وَ نَحْنُ نُسَبِّحُ بِحَمْدِكَ وَ نُقَدِّسُ لَكَ ... ﴿٣٠﴾

*“...હે માલિક ! શું તું એવાની નિમણૂક કરીશ કે જે ધરતી ઉપર ફિત્નાઓ કરશે અને ખૂનરેજી કરશે જ્યારે અમે તારા ગુણગાન ગાઈએ છીએ અને તારી પવિત્રતાની તસ્બીહ પઢ્યા કરીએ છીએ?...”*

(સૂરા બકરા, આયત–૩૦)

ત્યારે અલ્લાહે કહ્યું,

...قَالَ اِنِّىْٓ اَعْلَمُ مَا لَا تَعْلَمُوْنَ ﴿٣٠﴾

*“...જે હું જાણું છું તે તમે નથી જાણતા.”*

(સૂરા બકરા, આયત–૩૦)

આમ શું ફરિશ્તાઓ ઈલ્મના રહસ્યો સમજી શકયા ?

મેં (મૈસમ) કહ્યું,

''આ હકીકત તો અસ્બગે બયાન કરી તેના કરતાં પણ વધારે આશ્ચર્યજનક છે.''

અમીરુલ મોમિનીન (અ.)એ કહ્યું,

''અલ્લાહે મૂસા નબી ઉપર તૌરાત નાઝિલ કરી તેથી મૂસા નબીના મનમાં વિચાર આવ્યો કે આ દુનિયામાં તેમના કરતાં વધારે આલિમ કોઈ જ નથી.''

મૂસા નબીના મનમાં મિથ્યાભિમાન ન પેદા થઈ જાય તેટલા માટે અલ્લાહે તેમને કહ્યું,

''મારી મખ્લૂકમાં તમારા કરતાં પણ વધારે આલિમ એક વ્યકિત છે.''

તેથી મૂસા નબીએ અલ્લાહને તે વ્યકિતથી મુલાકાત કરાવવા માટે વિનંતી કરી અને અલ્લાહે તેમની મુલાકાત ખિઝર (અ.)થી કરાવી. જયારે ખિઝર (અ.)એ સાજીસમી હોડીને નુકસાન કર્યું ત્યારે મૂસા આ બાબત સમજી ન શકયા, જયારે ખિઝરે એક છોકરાને કતલ કરી નાખ્યો ત્યારે મૂસા નબી તે બાબત સમજી ન શકયા અને જયારે ખિઝરે દીવાલ ચણી ત્યારે મૂસા સમજી ન શકયા.

તે જ રીતે જયારે રસૂલ (સ.)એ ગદીરમાં મારો હાથ પકડીને એલાન કર્યું,

''જેનો હું મૌલા છું તેના આ અલી મૌલા છે.''

શું તમને લાગે છે કે બધા જ તે બાબત સમજી શકયા ? ફકત તે લોકો જ કે જેમને અલ્લાહ તરફથી હિદાયત મળેલી હતી તે લોકો જ આ હુકમને સમજી શકયા.

તેથી આનંદ માણો અને ખુશ થાઓ, કારણ કે અલ્લાહે તમને ચૂંટી કાઢેલા છે અને તમને રસૂલલ્લાહ (સ.)ના ઈલ્મનાં રહસ્યો સમજવાની કાબેલિયત અને તોફીક આપેલી છે.


કમ્પ્યુટરની અડચણોના કારણે વ્યાપારમાં સમજોતા ના થાય,
બનાવો એડ્રોઈટને તમારો સાથી.



કમ્પ્યુટર સેલ્સ, સર્વિસ અને રીપેરીંગ | નેટ્વર્કિંગ સોલ્યુશન | સોફ્ટવૅર સપોર્ટ
દરેક પ્રકારના બિલીંગ મશીન, પ્રિન્ટરસ્ તેમજ પેપર રોલ

Adroit technologies

મોહંમદ અલી સુણસરા (દશાવાડા) : + 91 96625 42969
E-mail: adroit440@gmail.com

# ઇબાદાત

## માહે ઝિલ્હજ

### માહે ઝિલ્હજના આમાલ

**માહે ઝિલ્હજની દસમી તારીખની રાત :**

આ ખૂબ જ અઝમતવાળી રાત છે અને આ એ રાતોમાંથી છે કે જેમાં જાગવું મુસ્તહબ છે. આ રાત્રે આસમાનના દરવાજા ખૂલી જાય છે. આ રાતમાં ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત પઢવી મુસ્તહબ છે અને આ મુજબ દુઆ પઢવી :

يَا دَآئِمَ الْفَضْلِ عَلَى الْبَرِيَّةِ يَابَاسِطَ الْيَدَيْنِ بِالْعَطِيَّةِ يَا صَاحِبَ الْمَوَاهِبِ السَّنِيَّةِ
صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّآلِهٖ خَيْرِ الْوَرٰى سَجِيَّةً وَاغْفِرْ لَنَا يَا ذَا الْعُلٰى فِيْ هٰذِهِ الْعَشِيَّةِ

**માહે ઝિલ્હજની દસમી તારીખ (ઈદુલ અઝહાના)ના આમાલ :**

(૧) ગુસ્લ કરવું.

(૨) નમાઝે ઈદ પઢવી.

(૩) નમાઝે ઈદ પછી સહીફે કામેલાની દુઆ નંબર - ૪૮ અને ૪૬ પઢવી.

(૪) દુઆએ નુદબા પઢવી.

(૫) કુરબાની કરવી કે જે સુન્નતે મોઅક્કેદા છે.

(૬) તકબીરો પઢવી. (જે શખ્સ મિનામાં હોય તેણે દસમી ઝિલ્હજની ઝોહરની નમાઝથી તેરમી ઝિલ્હજની ફજ્ર નમાઝ સુધી પંદર નમાઝો પછી તકબીરો પઢે, અને જે મિના સિવાય બીજા શહેરોમાં હોય તે લોકોએ દસમી ઝિલ્હજની ઝોહરની નમાઝથી બારમી ઝિલ્હજની ફજ્રની નમાઝ સુધી દસ નમાઝો પછી તકબીરો પઢે કે જે આ મુજબ છે.) :

اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ، اَللّٰهُ اَكْبَرُ وَلِلّٰهِ الْحَمْدُ، اَللّٰهُ اَكْبَرُ
عَلٰى مَا هَدَانَا اَللّٰهُ اَكْبَرُ عَلٰى مَا رَزَقَنَا مِنْ بَهِيْمَةِ الْاَنْعَامِ وَالْحَمْدُ لِلّٰهِ عَلٰى مَآ اَبْلَانَا

**માહે ઝિલ્હજની અઢારમી (ઈદે ગદીર)ના આમાલ :**

(૧) આ દિવસે રોઝો રાખવો કે જે ૬૦ વર્ષના ગુનાઓનો કફ્ફારો છે.

(૨) ગુસ્લ કરવું.

(૩) આ દિવસે જ્યાં હોય ત્યાંથી પોતાની જાતને અમીરુલ મોમિનીન (અ.)ના રોઝા પર પહોંચાડવી

અને ઝિયારત પઢવી.

(૪) બે રકાત નમાઝ પઢવી અને શુક્રના સજ્દામાં ૧૦૦ વખત شُكْرًا شُكْرًا પઢવું.

(૫) દુઆએ નુદબા પઢવી.

(૬) જ્યારે બિરાદરે મોમિનથી મુલાકાત કરે તો તેને ઈદે ગદીરની આવી રીતે મુબારકબાદી આપે :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ جَعَلَنَا مِنَ الْمُتَمَسِّكِیْنَ بِوِلَایَةِ اَمِیْرِ الْمُؤْمِنِیْنَ وَ الْاَئِمَّةِ عَلَیْهِمُ السَّلَامُ

**માહે ઝિલ્હજની ચોવીસમી તારીખના આમાલ :**

(૧) ગુસ્લ કરવું.

(૨) રોઝો રાખવો.

(૩) બે રકાત નમાઝ પઢવી કે જે ઈદે ગદીરની જેમ જ છે.

**માહે ઝિલ્હજનો – છેલ્લો દિવસ :**

આ ઈસ્લામી વર્ષનો છેલ્લો દિવસ છે કે જેમાં બે રકાત નમાઝ પઢવી. બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી દસ વખત સૂરા તૌહીદ અને દસ વખત આયતુલ કુર્સી પઢવી અને નમાઝ પછી આ મુજબ દુઆ પઢવી :

اَللّٰهُمَّ مَا عَمِلْتُ فِیْ هٰذِهِ السَّنَةِ مِنْ عَمَلٍ نَهَیْتَنِیْ عَنْهُ وَلَمْ تَرْضَهُ وَنَسِیْتُهُ وَلَمْ
تَنْسَهُ وَدَعَوْتَنِیْ اِلَی التَّوْبَةِ بَعْدَ اجْتِرَآئِیْ عَلَیْكَ اَللّٰهُمَّ فَاِنِّیْۤ اَسْتَغْفِرُكَ مِنْهُ فَاغْفِرْ لِیْ
وَمَا عَمِلْتُ مِنْ عَمَلٍ یُقَرِّبُنِیْ اِلَیْكَ فَاقْبَلْهُ مِنِّیْ وَلَا تَقْطَعْ رَجَآئِیْ مِنْكَ یَا كَرِیْمُ

## ‘જાફરી આવાઝ’ (માસિક)ના લવાજમ અંગે


દર વર્ષની માફક ‘જાફરી આવાઝ’ (માસિક)નું લવાજમ મોહર્રમ માસથી લેવાનું નકકી કરેલ છે. તે રીતે ચાલુ વર્ષે પણ મોહર્રમ થી મોહર્રમ એક વર્ષ ગણવામાં આવશે. ચાલુ વર્ષનું લવાજમ રૂા.૧૫૦/- મોહર્રમ માસની ૨૦ તારીખ સુધીમાં (એટલે કે તા. ૧૪/૧૧/૨૦૧૪ સુધીમાં) જે જૂના ગ્રાહકોનું વાર્ષિક લવાજમ આવ્યું હશે તે ગ્રાહકો ગ્રાહક તરીકે ચાલુ રહેશે. નવા ગ્રાહકોના અંક ઈન્શાઅલ્લાહ ડીસેમ્બર -૨૦૧૪થી મોકલવામાં આવશે. ઉપરોક્ત દર્શાવેલી તારીખ સુધીમાં એટલે કે તા. ૧૪/૧૧/૨૦૧૪ સુધી જે જૂના ગ્રાહકોનાં લવાજમ આવ્યાં હશે તેમને જ અંક મોકલવામાં આવશે. જેની દરેકે નોંધ લેવી. સમયમર્યાદા પછી લવાજમની રકમ મોકલવી નહીં. સમયમર્યાદા પછી આવેલ લવાજમ સ્વીકારવામાં આવશે નહીં. આપનું લવાજમ આપના ગામના મુખી / મોલ્વી સાહેબ, આપના વિસ્તારના માનદ્ પ્રતિનિધિ અથવા જાફરીબાગ, સિધ્ધપુરને સમયમર્યાદામાં આપી દઈને સહકાર આપવા વિનંતી છે. દરેક ગામના મુખી / મોલ્વી સાહેબ ઉપર જૂના ગ્રાહકોની યાદીની નકલ મોકલી આપવામાં આવશે.

આપ સૌએ ભૂતકાળમાં અમને જે રીતે સાથ અને સહકાર આપ્યો છે એ રીતે આપતા રહેશો એવી આપેક્ષા રાખીએ છીએ.

– વ્યવસ્થાપક ‘જાફરી આવાઝ’ (માસિક)

હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) કૃત...

# મશાયખવાણી



## મક્તૂલનામા

**● સત ગુરૂ પીર મશાયખ વાચા ●**

### બયાન નં.૩૨

**સુનો ઈમામ હુસેન, નબી કે નવાસે,**
**બીબી ફાતેમા કે ફરઝંદ, કહીએ રે ખાસે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહ) ફરમાવે છે કે તમે સાંભળો કે ઈમામ હુસૈન (અ.) નબીજીના નવાસા હતા અને બીબી ફાતેમા (અ.)ના ખાસ ફરઝંદ હતા.)

**સહી કુનીઅત અનુકી, અબુ અબ્દુલ્લાહ જાનો,**
**અને લકબ તો અનુકા, ઝકી રે પછાનો.**

(ઈમામ હુસૈન (અ.)ની કુન્નિયત અબૂ અબ્દિલ્લાહ હતી અને આપનો લકબ ઝકી હતો તે જાણો. (ઝકીનો અર્થ તીવ્ર બુધ્ધિશાળી, અકલમંદ થાય છે.)

**ભી લકબ તો સૈયદ, શહીદ હે કેહતે,**
**અને સીબ્તે રસુલ લકબકા, ભી નામ હે લેતે.**

(વળી આપના અન્ય ઈલ્કાબમાં એક સૈયદ છે, શહીદ છે અને સિબ્તે રસૂલ પણ છે. (સિબ્તે રસૂલનો અર્થ થાય ફરઝંદે રસૂલ.))

**હુઆ જનમ અનુકા, મદીને ગામા,**
**અને દન સોમવાર, કેરા રે નામા.**

(ઈમામ હુસૈન (અ.)નો જન્મ મદીના ગામમાં થયો હતો અને આપના જન્મના દિવસે વાર સોમવાર હતો.)

**અને ચોથી થી તારીખ, માસ રે શાબાના,**
**ભી પાંચમી તારીખકા, સુનીયા બયાના.**

(ઈમામ હુસૈન (અ.)નો જન્મ શાબાન મહિનાની ચોથી તારીખે થયો હતો. વળી પાંચમી તારીખનું પણ બયાન છે.)

**(નોંધ :** ઈમામ હુસૈન (અ.)ના જન્મ વિષે ઘણી બધી કિતાબોમાં શાબાન મહિનાની ત્રીજી તારીખ પણ લખવામાં આવી છે.)

**અને બરસ થા ચોથા, હિજરત કેરા,**
**તો છ માસ હે હમલ, રહે સુનીયો સવેરા.**

(ઈમામ હુસૈન (અ.)ના જન્મ વખતે હિજરી સનનું ચોથું વર્ષ હતું. ઈમામ હુસૈન (અ.)નો હમલ છ મહિના સુધી રહ્યો હતો.)

**કે સફરમાં ઈમામ, હસન જાએ,**
**અને શાબાનકુ ઈમામ હુસૈન કેલાએ.**

(સફર મહિનામાં ઈમામ હસન (અ.) જન્મ્યા હતા અને શાબાન મહિનામાં ઈમામ હુસૈન (અ.)નો જન્મ થયો એવું કહેવાય છે.)

**તો છ માસકા છેટા, હુવા રે જાનો**
**ઈમામ હુસેનકી કરામત, એ ભી રે પછાનો.**

(એ પણ જાણી લો કે બન્ને ભાઈઓના જન્મ

વચ્ચે છ મહિનાનું અંતર હતું. આ પણ ઈમામ હુસૈન (અ.)ની કરામત છે તેને ઓળખો.)

**એ જનમ હો કેરી, સુનો રે બાતી,**
**જેસી હકીકત સુની, વેસી લખી હે જાતી.**

(તો ઈમામ હુસૈન (અ.)ના જન્મ વિષેની વાત તમે જાણો. મને જેવી હકીકત સાંભળવા મળી છે તેવી હકીકત લખવામાં આવી છે.)

**કુછ કયાસ હો કેરા, યાં ઠાંમ રે નાંહાં,**
**એ સુન સુન એતના, નત કહો દલ માંહાં.**

**–: રે તુહી :–**

(ઈમામ હુસૈન (અ.)ના જન્મ વિષે કયાસ અથવા અટકળ કરવાની અહીં જગ્યા નથી. આ બધું સાંભળી સાંભળીને તમે તમારા દિલમાં અલ્લાહને યાદ કરો.)

**ઈમામ હુસેનકે જનમકી,**
**તારીખ ચોથી જાન રે, તારીખ ચોથી જાન;**
**ચોથા હિજરી સાલ થા,**
**શાબાન માસ કે માન રે, શાબાન માસ કે માન.**

(હઝરત પીર મશયાખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે ઈમામ હુસૈન (અ.)ના જન્મની તારીખ ચોથી હતી, હિજરી સનનું ચોથું વર્ષ હતું અને શાબાન મહિનો હતો.

**બયાન નં.33**

**એ બશારત ખાતમ, નબીકુ પોચાઈ,**
**બીબી ફાતેમા કો બેટા, આયા ખબર સુણાઈ.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહ) ફરમાવે છે કે જયારે ઈમામ હુસૈન (અ.)નો જન્મ થયો તો તેની ખુશખબરી-વધામણી નબીજીને પહોંચાડવામાં આવી કે બીબી ફાતેમા (અ.)ના ત્યાં બેટો પેદા થયો છે.)

**બીબી ફાતેમાકે ડેરે, તબ નબીજી આએ,**
**તબ ખાતમ અંબીયા, મન ખુશી બોત લાએ.**

(ત્યાર પછી નબીજી બીબી ફાતેમા (અ.) ના ઘેર તશરીફ લાવ્યા અને ખાતમુલ અંબિયાએ ખુશાલી વ્યકત કરી.)

**તબ અસમા બેટી, ઉમેસ કેરી,**
**કે કપડેમાં ઈમામ બાએ રે સવેરી.**

(ત્યાર પછી અસ્મા બિન્તે ઉમેશ ઈમામ હુસૈન (અ.)ને કપડામાં વીંટીને લાવ્યાં.)

**યું કપડેમાં બા કર, નબીજીકુ દીતે,**
**તબ નબીજીને ગોદમાં, અનુંકુ લીતે.**

(અસ્માએ ઈમામ હુસૈન (અ.)ને કાપડમાં વીંટીને નબીજીને આપ્યા. તો નબીજીએ તેમને પોતાની ગોદમાં લઈ લીધા.)

**તબ ખાતમ નબીને, બેગે અઝાન પઢાઈ,**
**સો જમણે કાનમાં, પઢી રે સુણાઈ.**

(ત્યાર પછી ખાતમ નબીએ ઈમામ હુસૈન (અ.)ના જમણા કાનમાં તરત જ અઝાન પઢી.)

**અને પઢી તકબીર, કાન ડાબે કે માંહાં,**
**મેં સુનેસુ લખતા, કુછ કયાસ રે નાંહાં.**

(પછી નબીજીએ ઈમામ હુસૈન (અ.)ના ડાબા કાનમાં તકબીર પઢી. આ બાબત મેં સાંભળેલી લખી છે. કંઈ કયાસથી લખી નથી.)

**યું તકબીર પઢે બાજ, અલી નબીએ બતાએ,**
**સો નામકી ખાતર, અલીકુ પુછાએ.**

(આવી રીતે તકબીર પઢ્યા પછી નબીજીએ તેમને હઝરત અલી (અ.)ને બતાવ્યા અને નામ રાખવાની બાબતમાં મૌલા અલી (અ.)ને પૂછ્યું.)

**કયા નામ તમે ધરોગે, અલી કહોને બાતી,**
**યું પુછતે હે અલીકુ, ખાતમ રે જાતી.**

(પછી નબીજી મૌલા અલી (અ.)ને પૂછે છે કે અય અલી ! આ બાળકનું નામ તમે શું રાખશો ?)

**એતી કુવ્વત નાંહી, અલી કેહવે મુજ જાતી,**
**કે તમસુ પહેલી, મેં કહું રે બાતી.**

(મૌલા અલી (અ.) કહેવા લાગ્યા કે મારામાં એવી શક્તિ નથી કે આપના પહેલાં હું આ બાળકના નામ વિષે વાત કરું.)

**યું અદબ તો અલીને, નબીજીસુ કીતી,**
**બાદ અરજ તો એતની, ચંત રે દીતી.**

(આવી રીતે મૌલા અલી (અ.)એ નબીજીની અદબ કરી. ત્યાર પછી મૌલા અલી (અ.)એ આ મુજબ નબીજીને અરજ કરી.)

**નામ રબ રે ધરે, યું દિલ હે ચાહતા,**
**એતી અલીને ફીર કર, કહી નબીજીસુ બાતા.**

(પછી ફરીથી મૌલા અલી (અ.)એ નબીજીને એ વાત કરી કે મારું દિલ તો એવું ચાહે છે કે આ બાળકનું નામ અલ્લાહ ધરે.)

**એ સુન સુન બાતી, સહી કર લીજે,**
**અને એક કર રબકુ, મન એતના દીજે.**

**–: રે તુહી :–**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે આ બધી વાતોને સાંભળીને સાચી માનજો અને અલ્લાહ તઆલાને એક જાણીને મનમાં એટલું કહેજો કે (યા અલ્લાહ !) તું બાકી રહેવાવાળો છે.)

**બેગે તકબીર નમાઝકી,**
**પઢી થી દોનું કાન રે, પઢી થી દોનું કાન;**
**ઈમામ હુસેન જબ જનમીએ,**
**બીબીને સહી માન રે, બીબીને સહી માન.**

(જ્યારે બીબી ફાતેમા (અ.)ના ત્યાં ઈમામ હુસૈન (અ.)નો જન્મ થયો તો તરત જ નબી સાહેબે તેમના બન્ને કાનોમાં નમાઝની તકબીર પઢી હતી.)

### ગડમથલ નં.૨૯૫નો ઉકેલ

**<u>આડી ચાવીઓ :</u>** (૧) તબસ્સુમ (૨) મુસલસલ (૬) રાજા (૭) લીન (૯) લહદ (૧૩) ફદક (૧૫) સદાકત (૧૭) વાલિદ (૧૯) મર્દ (૨૦) રાન (૨૨) માલામાલ (૨૩) સર (૨૪) ફર્શ (૨૬) કલમ (૨૮) કરામાત (૩૦) રઈસ (૩૨) દામાદ (૩૪) રાહી (૩૫) દમ (૩૬) રહમત **ઊભી ચાવીઓ:** (૧) તકલીફ (૨) મજાલ (૩) મુરાદ (૪) સજા (૫) સફા (૮) નદવા (૧૦) હક (૧૧) જુદા (૧૨) બતન (૧૪) કલિમા (૧૫) સર્દ (૧૬) કરાર (૧૮) દલાઈલ (૧૯) મલક (૨૧) દફતર (૨૩) સહારા (૨૫) તતહીર (૨૬) કસમ (૨૭) મદાર (૨૮) કદમ (૨૯) મારા (૩૦) ઈદ (૩૩) માહ




**મોહંમદઅલી એન. શેલીયા**
૯૪૨૬૨ ૨૪૧૦૭
મેતાવાલા

# ગુડલક

## એલ્યુમીનીયમ ફેબ્રીકેટર

**સ્પેશ્યાલિસ્ટ :** એલ્યુ. સ્લાઈડીંગ બારી, ઓફિસ ડોર, પાર્ટીશન, એલ્યુમીનીયમ ડોર, કીચન કેબીનેટ, દરેક જાતનું ફેબ્રીકેશન તથા લેબરકામ સંતોષકારક કરી આપીશું

**દુકાન નં. G-98, તીરૂપતી પ્લાઝા, હાઈવે,**
**CNG પેટ્રોલ પંપના સામે, સિધ્ધપુર–૩૮૪૧૫૧**

# નન્હે રોઝેદાર

**હિજરી સન–૧૪૩૫**



રૂકૈયાફાતમા નજરઅબ્બાસ
માતા : ઝૈનબબાનુ (કઠોર)
ઉ.વ. : ૫ રોઝા : ૧




ઈર્શાદઅલી સખાવતઅલી
માતા : શહરબાનુ (કઠોર)
ઉ.વ. :૫ રોઝા : ૧




મોહંમદરઝા યાસીન
(ગાંધીનગર-કેસીમ્પા)
ઉ.વ. : ૭ રોઝા : ૫




માસૂમાફાતેમા મહદીહસન
માતા : મન્સૂરાફાતમા (પીંપોદર)
ઉ.વ. : ૭ રોઝા : ૧



મોહંમદહાસિમ ગુલામકાસિમ
માતા : ફિઝ્ઝાબાનુ (ધોળકા)
ઉ.વ. : ૮ રોઝા : ૨૯



મોહંમદઅલી કાસિમઅલી
માતા : નજમા (ઈલોલ (ત.))
ઉ.વ. : ૯ રોઝા : ૨૬



તાહિરાફાતેમા યાસીન
માતા : સાજેદા (ગાંધીનગર-કેસીંપા)
ઉ.વ. : ૧૧ રોઝા : ૫

તમામ નન્હે રોઝેદારને જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન

## જાફરી મોમિન વિકાસ કો. ઓ. ક્રેડીટ સો. લી. કાકોશી

મેઈન બજાર, કાકોશી. તા. સિધ્ધપુર, જિ. પાટણ.

જાફરી મોમિન વિકાસ કો. ઓ. ક્રેડીટ સો. લી. કાકોશીના સભાસદોને જાણ કરવામાં આવે છે કે જે સભાસદો લોનના હપ્તા દેના બેંક અને ડેવલપમેન્ટ ક્રેડીટ બેંક મારફતે ભરતા હતા તેઓએ હવેથી દેના બેંક અને ડેવલપમેન્ટ ક્રેડીટ બેંકના કરંટ ખાતામાં હપ્તા ભરવા. બન્ને બેંકોના સેવિંગ ખાતા બંધ કરેલ છે. દેના બેન્કનો કરંટ ખાતા નં. ૦૩૬૨૧૧૦૩૧૦૪૦ અને ડેવલપમેન્ટ ક્રેડીટ બેંકનો કરંટ ખાતા નં. ૦૩૫૨૦૨૦૦૦૦૦૭૫૪ છે. આથી જે સભાસદો લોનના હપ્તા બેંક મારફતે ભરતા હોય તેઓએ ભૂલ થાય નહીં તેની ખાસ નોંધ લેવી.

બેંકમાં પૈસા ભર્યા બાદ સોસાયટીના ૯૯૭૯૨૭૮૪૨૯ મોબાઈલ પર જાણ કરવી.

લી. મેનેજર
જાફરી મોમિન વિ. કો. ઓ. ક્રે. સો. લી.
કાકોશી

# નહજુલ અસરાર

**સંપાદક :** મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા

**અનુવાદ :** મો.કાસમભાઈ વિજાપુરા

## સવાલો અને જવાબો

### અર્શ અને કુર્સી

એક યહૂદી આલિમે સવાલ કર્યો કે અલ્લાહે અર્શને ઉઠાવેલું છે કે અર્શ અલ્લાહને ?

હઝરત (અલી (અ.))એ ફરમાવ્યું કે ખુદાએ ઈઝ્ઝો જલ આસમાનો, જમીન અને જે કંઈ તેમની વચ્ચે છે અને જે કંઈ તેમની અંદર છે બધાને ઉઠાવવાવાળો છે અને આ ઈર્શાદે ખુદાવંદી છે કે

إِنَّ اللَّهَ يُمْسِكُ السَّمٰوٰتِ وَالْأَرْضَ أَنْ تَزُولَا ۚ وَلَئِنْ زَالَتَا إِنْ أَمْسَكَهُمَا مِنْ أَحَدٍ مِنْ بَعْدِهِ ۚ إِنَّهُ كَانَ حَلِيمًا غَفُورًا ﴿٤١﴾

*અલ્લાહ આસમાનો અને જમીનોને બરબાદ થવાથી રોકે છે, અગર તે ઉપરાંત કોઈ બીજો રોકવાવાળો હોત તો આ કારખાનું કયારનું ય નાશ પામી ચૂકયું હોત. બેશક અલ્લાહ હલીમ અને ગફૂર છે.*

**યહૂદી :** મને ખુદાના એ કોલનો મતલબ સમજાવો કે એ દિવસે તારા રબનું અર્શ આઠ ફરિશ્તાઓએ ઉઠાવેલું હશે. તો પછી આપનો કોલ કે તે આસમાનો અને જમીન અને અર્શને ઉઠાવે છે તેની આની સાથે કેવી રીતે સમાનતા થઈ ?

**હઝરત અમીરુલ મોમિનીન (અ.) :** તેહકીકની સાથે કે અર્શને અલ્લાહ તઆલાએ ચાર અન્વાર (નૂરસમૂહ)થી પેદા કર્યું છે, એક રાતું નૂર છે કે જેનાથી સુર્ખી (રતાશ) પેદા કરી. બીજાં લીલાં નૂર કે જેનાથી લીલોતરી પેદા થઈ. ત્રીજાં ઝર્દ (પીળાં) નૂર કે જેનાથી ઝર્દી (પીળાશ) પેદા થઈ, ચોથાં સફેદ નૂર કે જેનાથી સફેદી પેદા થઈ. આ એ ઈલ્મ છે કે જેમને યાદ કરવામાં આવ્યાં (અર્થાત્ આપવામાં આવ્યાં) અર્શને ઉઠાવનારાઓ અને આ નૂર તેનું નૂરે અઝમત છે. તેથી તેણે પોતાની અઝમત અને નૂરથી મોમિનોનાં દિલોને દેખતાં કર્યાં અને તેના નૂર અને અઝમતથી જાહિલોએ તેની સાથે દુશ્મની કરી (પોતાની ગલતફહેમીના આધાર પર) અને તેની અઝમત અને નૂરથી જમીન અને આસમાનની મખ્લૂકાતને પોતાના વિવિધ આમાલથી સંદેહયુકત મઝહબોથી તેના તરફ વસીલો શોધ્યો. તેથી દરેક દસ્તૂર કે જેને અલ્લાહે પોતાના નૂર અને પોતાની અઝમત અને પોતાની કુદરતથી ઉઠાવેલ છે, ન તો પોતાના નફસના માટે નુકસાનની તાકાત ધરાવે છે કે ન તો નફાની કે ન જિંદગીની અને હશ્ર અને નશ્રની. તેથી દરેક વસ્તુ મામૂલ છે અને અલ્લાહ તઆલા પોતાની કુદરતથી આસમાન અને જમીનને નષ્ટ થવાથી રોકી રહ્યો છે અને તે બન્નેના એક વસ્તુથી ઘેરાવ કરી રહેલ છે કે જે દરેક વસ્તુની જિંદગી છે અને દરેક વસ્તુનું નૂર છે. લોકો એના વિષે જે કંઈ ખોટી ખોટી વાતો કરે છે તેનાથી તે

ખૂબ જ બુલંદ અને ઉચ્ચ છે.

**યહૂદી :** મને બતાવો કે અલ્લાહ ક્યાં છે ?

**હઝરત અમીરુલ મોમિનીન (અ.) :** તે અહીં પણ છે અને ત્યાં પણ, ઉપર પણ છે અને નીચે પણ. તે આપણને ઘેરો કરી રહેલો છે (ઈલ્મ અને કુદરતથી) અને દરેક જગ્યાએ આપણી સાથે છે, જેમ કે તે ફરમાવે છે કે જ્યાં ત્રણ જણા કાનમાં વાતો કરી રહ્યા હોય ત્યાં તે ચોથો છે અને પાંચ કદી નહીં રહે, પરંતુ તે છઠ્ઠો હશે અને તેનાથી ઓછા હોય કે વધારે હોય તે દરેક જગ્યાએ તેમની સાથે છે ભલેને તેઓ ક્યાંય પણ હોય. તેથી કુર્સી (મુરાદ ઈલ્મે બારી તઆલા) આસમાનો જમીન, જે કંઈ તેમની વચ્ચે છે અને જે કંઈ તહતસ્સરા (પાતાળ)માં છે તે બધાને તેણે ઘેરેલા છે, અગર તું વધારે સ્પષ્ટતા ઈચ્છતો હોય તો સાંભળ કે તે દરેક ગુપ્ત રહસ્યને જાણે છે, જેમ કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે કે–

وَسِعَ كُرۡسِيُّهُ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ ۚ وَلَا يَـُٔوۡدُهٗ حِفۡظُهُمَا ۚ وَ
هُوَ الۡعَلِىُّ الۡعَظِيۡمُ ﴿۲۵۵﴾

*અને તેની કુર્સીએ આસમાનો અને જમીનોને ઘેરો રાખેલ છે. એ બન્નેની હિફાઝત તેને થકાવતી નથી. તે બુલંદ મર્તબાવાળો અને બુઝુર્ગીવાળો છે.*

અર્શને ઉઠાવનારાઓથી મુરાદ ઉલમાએ દીન છે કે જે ઈલ્મોને ધારણ કરનારા છે (એટલે અંબિયા અને અઈમ્મા). કોઈ વસ્તુ જે મલ્કૂતે ખુદામાં પેદા થાય છે તે નીચે મુજબના ચાર નૂરોથી ખાલી નથી હોતી. આ જ મલ્કૂત છે કે જેમને અલ્લાહ પોતાના અસ્ફિયા (વલીઅલ્લાહ)ને બતાવે છે અને પોતાના ખલીલને બતાવ્યું હતું જેમ કે ફરમાવ્યું છે, અમોએ ઈબ્રાહીમને આસમાનો અને જમીનની મલ્કૂત (સત્તા) બતાવી જેથી તે યકીન કરવાવાળાઓમાંથી રહે. અર્શને ઉઠાવવાવાળા અર્શને કેવી રીતે ઉઠાવી શકે છે ? જ્યારે કે તેમની હયાતથી દિલો જીવતાં થયાં અને તેના નૂરથી તેમણે માઅરેફતની તરફ હિદાયત મેળવી.

(ઉસૂલે કાફી જિલ્દ–૧, બાબ-૨૦ કિતાબ અલ તૌહીદ)

**જંગે જમલમાં એક એઅરાબીના સવાલનો જવાબ:**

જંગે જમલમાં જંગના મેદાનમાં ઓચિંતા એક એઅરાબી હઝરત (અ.)ની નજીક આવ્યો અને સવાલ કર્યો કે, "યા અમીરુલ મોમિનીન ! આપ ખુદાને જે 'એક' કહો છો, એ 'એક'નું ઈતલાક હોવું (ચાલુ હોવું) તેના પર કેમ કરીને છે ?" ઈસ્લામના મુજાહિદો તેના ઉપર વિફર્યા અને કહેવા લાગ્યા કે અમીરુલ મોમિનીન (અ.) આ સમયે જંગમાં છે અને તું સવાલ કરી રહ્યો છે ? હઝરત (અ.)એ ફરમાવ્યું કે તેને છોડી દો. એ એઅરાબીનો મકસદ એ જ છે કે જે મકસદના માટે આપણે દુશ્મનો સાથે જંગ કરી રહ્યા છીએ. પછી ફરમાવ્યું :

અય એઅરાબી ! એ કોલ કે અલ્લાહ એક છે, તે ચાર અર્થોમાં થઈ શકે છે, પરંતુ તેમાંથી બે અર્થ અલ્લાહ માટે દુરસ્ત નથી અને જે બે અર્થ અલ્લાહ માટે દુરસ્ત અને જાઈઝ નથી (તે એ છે કે) અગર કહેવાવાળો એક કહે અને તેનો મકસદ એવો હોય કે તે અદદ (રકમ) બેની ગણતરીમાંથી એક હોય તો તે અલ્લાહ માટે જાઈઝ નથી, એટલા માટે કે જેનો કોઈ બરોબરીયો ન હોય તે અદદોમાંથી નથી હોઈ શકતો. જેણે એવું કહ્યું કે અલ્લાહ ત્રણમાંથી ત્રીજો છે, તે કાફર છે. એવી જ રીતે અગર કોઈ

અલ્લાહને એ અર્થોમાં એક કહે કે જેમ કહે છે કે તે માણસ પુરુષોમાંથી એક છે અર્થાત્ જિંસ (જાતિ) માંથી એક પ્રકારની જિન્સ (જાતિ) છે, એ અર્થોમાં પણ અલ્લાહને એક કહેવો દુરસ્ત નથી, કેમ કે તેમાં તશ્બીયા (એક વસ્તુને બીજી વસ્તુ જેવી ગણવાનું) આવશ્યક બનશે. અમારો પરવરદિગાર તેનાથી પાક છે. આ બે અર્થ તો એવા છે કે જે અલ્લાહના માટે દુરસ્ત નથી, પરંતુ એ બે અર્થ કે જેના આધારે અલ્લાહને વાહિદ (એક) કહેવો સહીહ છે તે એ છે કે તે એવો યક્તા (એક) છે કે વસ્તુઓમાં તેના જેવો બીજો કોઈ નથી. બીજો અર્થ કે જે તેના માટે દુરસ્ત છે તે એ છે કે તે અહદીઉલ માઅની છે એટલે કે તે અસ્તિત્વમાં વહેંચી નથી શકાતો અને ન તો બુધ્ધિ કે વહેમ તેમાં દખલ કરી શકે છે. અમારો રબ આવો છે.


**ઝહીર ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ**

પ્રોગ્રામ

**મોહર્રમ આશૂરા**

ઈરાક, ઈરાન : ૨૫ દિવસ

તા.૨૪/૧૦/૨૦૧૪ ટૂરની રવાનગી

**ઉમરા હજ–ઝિયારત**

મક્કા–મદીના–ઈરાક–ઈરાન

તા.૧૦/૨/૨૦૧૫ ટૂરની રવાનગી

તા.૫/૫/૨૦૧૫ ટૂરની રવાનગી

**આયોજક**

હાજી માસૂમઅલી રસૂલભાઈ નાગલપરા (કેસીમ્પા)

મો. ૯૪૨૭૬ ૮૩૯૩૦, ૯૫૭૪૭ ૬૮૪૨૯



**સ્માઈલડેન્ટ**

દાંતનું દવાખાનું

**ડૉ. એહસાનઅલી વી. સુણસરા**

BDS, CERT Oral implant (AAID)

ડેન્ટલ સર્જન અને ઈમ્પ્લાન્ટોલોજીસ્ટ

Mo. 9426305440

દાંત અને પેઢાને લગતી તકલીફોની સારવાર ઉપલબ્ધ

**સમય :** સવારે ૯:૩૦ થી ૧:૦૦

સાંજે : ૪:૩૦ થી ૯:૦૦

રવિવારે : ૧૦:૦૦ થી ૧:૦૦

'સી' ગ્રાઉન્ડ ફ્લોર, ઉષાકિરણ ફ્લેટ, ખાનપુર દરવાજા સામે, ખાનપુર, અમદાવાદ.



રાશીદ અલી
મો.નં.૯૮૯૮૧૧૯૬૨૪

આબીદ અલી
મો.નં.૯૫૫૮૧૦૪૩૦૧

**બ્રાઈટ ઈલેક્ટ્રિકલ્સ એન્ડ રીપેરીંગ**



**Sales & Service**

R.O.,ગેસગીઝર ,એરકુલર , ઈસ્ત્રી, મિક્ષર ,પંખા, બ્લાઈન્ડર, ઘરઘંટી વગેરે ઈલેક્ટ્રીક આઈટમ રીપેરીંગ કરનાર

બોમ્બે સોસાયટી સામે , ગાયત્રી મંદિર રોડ, મહાવીરનગર, હિંમતનગર

# ધી વફાદાર ટુર

THE VAFADAR TOUR - HAJ - UMARAH - ZIYARAT

## માત્ર હજ ૨૦૧૪
૮ સપ્ટેમ્બર થી ૯ ઓકટોમ્બર

## હજ + ઈરાક + ઈરાન
૮ સપ્ટેમ્બર થી ૬ નવેમ્બર

## માત્ર ઈરાન ૯ દીવસ (ઈદે ગદીર)
૯ ઓકટોમ્બર થી ૧૯ ઓકટોમ્બર
માત્ર ૩૫૦૦૦/-

## ઈરાન + ઈરાક ૨૫ દીવસ (આશુરા કરબલા)
૯ ઓકટોમ્બર થી ૬ નવેમ્બર
માત્ર ૭૫૦૦૦/-

## ઈરાક ૧૭ દીવસ (આશુરા કરબલા)
૧૯ ઓકટોમ્બર થી ૬ નવેમ્બર
માત્ર ૬૦૦૦૦/-

**રમજાન મહીનાની ૨૮ તારીખ સુધી બુકીંગ લેવામાં આવશે**

:: Contect ::

Jafarali Bhatt
Mo. 9998897720

Bakarali Bhatt
Mo. 9998822121

130, 1 st Floor, Sun Complex -2 , Motipura Circle, Himmatnagar , S.K ,Pin - 383001 (Gujarat) India
**E-mail**:- vafadar_jafar@hotmail.com **Website**:- www.vafadar.in

Ref : Wayfaring (My search for Truth)

લેખન : હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

- **Egalitarianism** (સમતાવાદ)

  Treating a pauper like a prince is egalitarianism. Treating a prince like a pauper is humiliation.

  મુફલિસ માણસ સાથે રાજકુમાર જેવો વ્યવહાર કરવો તે સમતાવાદ છે. રાજકુમાર સાથે મુફલિસ માણસ જેવો વ્યવહાર કરવો તે માનભંગ છે.

- **Science vs. Religion** (વિજ્ઞાન વિરૂધ્ધ ધર્મ)

  The difference between Science and Religion is that Science tries in vain to look down upon Reality from the top without actually knowing what that top position is. While Religion accepts Reality from the position of prostration to its Creator, knowing all the way what being in prostration in front of the creator really means.

  વિજ્ઞાન અને ધર્મ વચ્ચેનો તફાવત એ છે કે વિજ્ઞાન વાસ્તવિકતાને ટોચ ઉપરથી નિહાળવાનો મિથ્યા પ્રયત્ન કરે છે, ખરેખર એવું જાણ્યા વગર કે તે ઉચ્ચ સ્થાન કયું છે. જ્યારે ધર્મ તેના સર્જનહાર આગળ કરેલા સજ્દાની સ્થિતિથી વાસ્તવિકતાનો સ્વીકાર કરે છે, એ બધી જ રીતો જાણીને કે સર્જનહારની આગળ કરવામાં આવેલા સજ્દાનો મર્મ ખરેખર શું હોઈ શકે.

- **Motherland** (માદરેવતન / માતૃભૂમિ)

  Your roots are in your motherland. Reform it, don't disown it.

  તમારા માદરેવતન સાથે તમારાં મૂળિયાં જોડાયેલાં છે. તેની નવરચના કરો, તેનો પોતાનું હોવાનો ઈન્કાર ન કરો.

- **The Proof of Truth** (સચ્ચાઈની સાબિતી)

  Never try to prove Truth in front of someone. You will only end up fighting with him. Just let him know the Truth if he is really unaware and Truth will itself provide its proof to him as the time will pass.

  કોઈની આગળ સચ્ચાઈને સાબિત કરવાની કદી કોશિશ કરશો નહીં. અંતે તો તમારે તેની સાથે ઝઘડવાનો જ વારો આવશે. માત્ર તેને સચ્ચાઈ જાણવા દો. જો તે ખરેખર અજાણ હોય તો સમય પસાર થતાં સચ્ચાઈ પોતે જ તેણે સાબિતી પૂરી પાડશે.

- **Children** (બાળકો)

  A reminder to humanity as to how innocent it can be.

  માનવતાને યાદ અપાવનારાં કે તે કેવી નિર્દોષ હોઈ શકે છે.

- **Destiny** (ભાગ્યવિધાતા)

  Don't coax someone to see a way which he doesn't seem to notice. Bring it to his notice once and forget it. It may be his destiny not to notice the way all his life. At least that way you won't spoil your relations with him.

  કોઈની ખુશામત ન કરો એવો રસ્તો જોવા માટે કે જેને તે ધ્યાન આપવા માગતો ન હોય. એક વાર તેના ધ્યાન પર લાવો અને તેને ભૂલી જાઓ. આખી જિંદગી સુધી તેના ધ્યાન પર તે રસ્તો ન આવે એવું એના ભાગ્યમાં કદાચ લખેલું હશે. ઓછામાં ઓછું એ રીતે તમે તેની સાથેના તમારા સંબંધો બગાડતા નહીં.

- **The Kingdom** (બાદશાહત)

  Truth rules, everything and everyone else is ruled...even the so called rulers.

  હક (સત્ય) બાદશાહત કરે છે, દરેક વસ્તુ અને દરેક જણ (તેના વડે) શાસિત છે...કહેવાતા શાસકો પણ.

- **Goggles** (ગોગલ્સ)

  All your truth is revealed through your eyes. If you conceal them, whatever is revealed is anything but the Truth.

  તમારું બધું જ સત્ય તમારી આંખો દ્વારા પ્રગટ થાય છે. જો તમે તેમને છુપાવશો તો જે કંઈ પ્રગટ થાય છે તે સત્ય સિવાય બીજું કંઈ નથી.

- **Mind & Materialism** (મગજ અને ભૌતિકવાદ )

  Your mind is too precious to be polluted by thoughts of cars and designer accessories and mobiles and cuisines and drinks, when it can think of values and spirituality and work and knowledge and kindness and love.

  તમારું મગજ કાર અને ડિઝાઈનર એસેસરીઝ અને મોબાઈલ્સ અને રાંધણકળા અને પીણાંઓના વિચારો દ્વારા પ્રદૂષિત થવા દેવા કરતાં ખૂબ જ કિંમતી છે, જ્યારે કે તે મૂલ્યોના અને રૂહાનિયતના અને કાર્યના અને ઈલ્મના અને દયાભાવના અને મોહબ્બતના વિષે વિચારી શકે તેમ છે.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**

# રોજી માટેની કોશિશ

**સંકલન : મોલ્વી ખાદિમહુસૈન (ભોલીપુરવાળા)**

એ વાત તદ્દન સાચી છે કે,

એક બાળકને પોતાની માતાની છાતી તરફ વળવાની પ્રેરણા આપનાર અલ્લાહ છે.

એક કીડી જેવી નાની મખ્લૂકને ખુશ્બૂ પારખવાની શકિત આપી તેના ખોરાક સુધી પહોંચાડનાર અલ્લાહ છે, અને

એક કૂતરા જેવા પ્રાણીને પણ સૂંઘવાની શકિત આપી તેના ખોરાક સુધી પહોંચાડનાર અલ્લાહ છે.

પરંતુ એક બાળકને માતાની છાતી તરફ વાળી, નાની સરખી કીડીને અને કૂતરા જેવા પ્રાણીને સૂંઘવાની શકિત આપીને અલ્લાહે બતાવી દીધું કે મેં તમારી રોજી જ્યાં, જે વસીલાથી અને જે જગ્યાએ નક્કી કરી છે ત્યાં સુધી પહોંચવું તમારા માટે જરૂરી છે, એટલે કે આપેલો ખોરાક પણ મારો, તે તરફ જવાની પ્રેરણા પણ મારા તરફથી અને ત્યાં પહોંચવાની શકિત પણ મેં તમને આપી છે, બસ હવે આળસુ ન બનો, મેં બતાવેલા ઝરીઆ અને વસીલા સુધી પહોંચી મારી નિશ્ચિત કરેલી તમારા માટેની રોજી પ્રાપ્ત કરી લો. આ તમારા ઉપર જરૂરી અને ફર્ઝ છે.

હદીસમાં આવ્યું છે કે, હારૂન બિન હમઝાએ અલી બિન અબ્દુલ અઝીઝથી રિવાયત કરી છે કે તેનું બયાન છે કે હઝરત ઈમામ જાફર સાદિક (અ.) એ મને પૂછ્યું, ઉમર બિન મુસ્લિમ શું કરે છે ? મેં કહ્યું, તે વેપાર ધંધો છોડીને ઈબાદતમાં લાગી ગયો છે. આપ (અ.)એ ફરમાવ્યું, તેના ઉપર અફસોસ થાય, શું તેને ખબર નથી કે રોજીની કોશિશ છોડી દેનારની દુઆ કબૂલ થતી નથી ? રસૂલલ્લાહ (સ.) ના સહાબીઓ જ્યારે આ આયત નાઝિલ થઈ,

...وَمَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجًا ۙ﴿۲﴾ وَّيَرْزُقْهُ مِنْ حَيْثُ لَا يَحْتَسِبُ ۭ ...

*(...જે અલ્લાહથી ડરશે અલ્લાહ તેના માટે નજાતનો રસ્તો કાઢી લેશે અને તેને એવી જગ્યાએથી રોજી આપશે કે જેમનો તેમને વહેમ પણ નહીં હોય...)*

(સૂરા તલાક, સૂરા-૬૫, આયત-૨,૩)

તો તેમનામાંથી કેટલાક લોકો દરવાજો બંધ કરીને ઈબાદતમાં મશગૂલ થઈ ગયા અને કહેવા લાગ્યા કે, બસ અમારા માટે આજ કાફી છે. જ્યારે આ ખબર રસૂલલ્લાહ (સ.) સુધી પહોંચી ત્યારે આપ (સ.)એ તેમને માણસ મોકલીને પોતાની પાસે બોલાવ્યા અને પૂછ્યું કે, તમે આવું શા માટે કર્યું ? તેમણે અરજ કરી, યા રસૂલલ્લાહ (સ.) ! અલ્લાહ તઆલા અમારી રોજીનો જિમ્મેદાર થઈ ગયો છે એટલા માટે અમે ઈબાદતમાં મશગૂલ થઈ ગયા છીએ. આપ (સ.)એ ફરમાવ્યું, જે આવું કરશે તેની દુઆ કબૂલ થશે નહીં. તમારા લોકો ઉપર રોજીની શોધ કરવી વાજિબ છે. તે પછી ફરમાવ્યું, મારી નજીક સૌથી વધારે નાપસંદ માણસ તે છે કે જે દરેક તરફથી પોતાનું મોઢું ફેરવી ફક્ત અલ્લાહ

તરફ કરી લે અને રોજીની કોશિશ છોડીને એમ કહે કે પરવરદિગાર મને રોજી આપ.

એટલે આ હદીસથી જાણવા મળ્યું કે,

- લોકો ઉપર રોજીની શોધ કરવી વાજિબ છે.
- રસૂલલ્લાહ (સ.)એ આપણને બતાવ્યું કે તેમની નજીક સૌથી વધારે નાપસંદ માણસ તે છે કે જે દરેક (રોજીના ઝરીઆ) તરફથી પોતાનું મોઢું ફેરવી ફક્ત અલ્લાહ તરફ કરી લે અને રોજીની કોશિશ છોડીને એમ કહે કે પરવરદિગાર મને રોજી આપ.
- અને આવી રીતે જેઓ રોજીની શોધ, કોશિશ, વેપારધંધો છોડીને માત્ર ઈબાદતમાં લાગી જાય છે તેવા લોકો ઉપર અફસોસ છે.
- અને આવી રીતે રોજીની કોશિશ છોડી દેનારની દુઆ કબૂલ થતી નથી.

અને આમ પણ સારી વ્યક્તિની અને દીનદારની ઓળખ અલ્લાહની યાદ અને ઝિક્ર સાથે અલ્લાહના બતાવેલા તરીકા પ્રમાણે રોજી માટેની મહેનત અને પ્રયત્ન કરવો એ પણ છે, અને આવી રીતે જે રોજીની શોધમાં પોતાની કોશિશ જારી રાખે છે તે અલ્લાહ અને તેના રસૂલની નજરમાં યોગ્યતાવાળા બને છે અને જે રોજીની કોશિશ છોડી દેનારો છે તેની યોગ્યતા તેની નજરમાં સારી નથી.

جَامِعُ الْاَخْبَارِ عَنْ اِبْنِ عَبَّاسٍ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا نَظَرَ اِلَى الرَّجُلِ فَاَعْجَبَهُ، قَالَ هَلْ لَهُ حِرْفَةٌ؟ فَاِنْ قَالُوْا لَا، قَالَ: سَقَطَ مِنْ عَيْنِيْ، قِيْلَ وَكَيْفَ ذٰلِكَ يَا رَسُوْلَ اللّٰهِ؟! قَالَ لِاَنَّ الْمُؤْمِنَ اِذَا لَمْ يَكُنْ لَّهُ حِرْفَةٌ يَعِيْشُ بِدِيْنِهِ.

*જામેઉલ અખ્બારમાં ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે, જ્યારે રસૂલલ્લાહ (સ.) કોઈ પણ સારા વ્યક્તિ પર નજર કરતા ત્યારે આપ (સ.) સવાલ કરતા હતા કે શું તે કોઈ વ્યવસાય કરે છે ? જો લોકો કહેતા, નહીં, તો આપ (સ.) ફરમાવતા, તેણે મારી નજરોમાં પોતાની યોગ્યતા ખોઈ દીધી છે. તે પછી આપ (સ.)ને પૂછવામાં આવ્યું, યા રસૂલલ્લાહ (સ.) ! તે કેવી રીતે ? તો આપ (સ.)એ જવાબમાં ફરમાવ્યું, કારણ કે જ્યારે મોમિન પાસે કોઈ વ્યવસાય નથી હોતો તો તે પોતાના દીનથી ખાય છે." (દીનને પેટ ભરવાનો ઝરીઓ બનાવે છે)*

- સારા વ્યક્તિત્વવાળી વ્યક્તિની એક ઓળખ તેનો વ્યવસાય, ધંધો છે.
- જેનો વ્યવસાય, ધંધો નથી તેણે જાણે કે પોતાની યોગ્યતા અલ્લાહ અને તેના રસૂલ (સ.)ની નજરમાં ખોઈ દીધી છે, અને
- જ્યારે મોમિન પાસે કોઈ વ્યવસાય નથી હોતો તો તે દીનને પેટ ભરવાનો ઝરીઓ બનાવે છે.

અને રોજી માટે કોશિશ ન કરવી, આળસ દેખાડવી, અલ્લાહે ઊઘાડેલા દરવાજા સુધી ન જવું તે એવા લોકોમાંથી છે કે જેમની દુઆ અલ્લાહના દરબારમાં કબૂલ થતી નથી.

("હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ઉમર બિન મુસ્લિમનો હાલ પૂછ્યો. લોકોએ અરજ કરી, યા ઈમામ ! તેણે તો ઈબાદત માટે કમર કસી લીધી છે, કામ અને વેપારથી હાથ ખેંચી લીધો છે અને આ રીતે તે પોતાનો બધો સમય ઈબાદતમાં વિતાવે છે. ઈમામ (અ.) આ સાંભળીને નારાજ થયા અને ફરમાવ્યું, અફસોસ છે તેના ઉપર, શું તેને ખબર નથી કે જે માણસ કામ નથી કરતો, અલ્લાહના

દરબારમાં તેની દુઆ કબૂલ થતી નથી ?")

એટલે કે જે કામધંધાથી પોતાનો હાથ ખેંચી લે છે પછી ભલેને તે ઈબાદતમાં લાગી ગયો હોય આવો માણસ અલ્લાહ અને તેના રસૂલની નારાજગીનો શિકાર બની જાય છે. તેમને રાજી કરી શકતો નથી.

હઝરત અલી (અ.)ના સમયમાં તેમના દોસ્તોમાંથી એક દોલતમંદ, માલદાર માણસ હતો કે જેનું નામ અલા બિન ઝિયાદ હારસી હતું. જ્યારે તેઓ બીમાર હતા તે વખતે ઈમામ અલી (અ.) તેની ખબરઅંતર પૂછવા માટે તેના ઘેર ગયા. તેનું ઘર મોટું અને ખૂબ જ શાનદાર પહોળું હતું. ઈમામ (અ.) એ ફરમાવ્યું, કેવું સારું થાત કે આવું જ એક ઘર તને જન્નતમાં પણ મળી જતું અને તે હંમેશાં તારા કબજામાં રહેતું. હમણાં પણ જો તું આ ઘરમાં ગરીબ અને મોહતાજોને મહેમાન રાખે અને પોતાના નજીકના સગાવહાલાઓને બોલાવે અને તેમની મહેમાનદારી કરે અને જે હુકમ અલ્લાહ તઆલાએ તારા ઉપર વાજિબ કર્યો છે તે તેના હકદારો સુધી પહોંચાડે તો અલ્લાહ તઆલા તને આખેરતમાં પણ આવું જ ઘર અર્પણ કરશે.

અલા બિન ઝિયાદે ઈમામ (અ.)ના કોલ પ્રમાણે અમલ કરવાની કબૂલાત કરી અને આપ (અ.)ના ઈર્શાદની સામે પોતાનું માથું ઝુકાવી દીધું. ત્યાર પછી અરજ કરી, યા અમીરુલ મોમિનીન ! મારે આપને મારા ભાઈ આસિમ બિન ઝિયાદની રીતભાત વિષે ફરિયાદ કરવી છે. ઈમામ (અ.)એ પૂછ્યું, કેમ ? તેના વિષે શું કહેવું છે ? તેણે શું કર્યું છે? અલા બિન ઝિયાદે જવાબ આપ્યો, તેણે ફાટેલાં પુરાણાં કપડાં પહેરી લીધાં છે, દુન્યવી જે કોરાબાર ધંધો કરતો હતો તે તેણે છોડી દીધો છે અને બસ ઈબાદતમાં મશગૂલ થઈ ગયો છે. ઈમામ (અ.)એ ફરમાવ્યું, તેને મારી સામે લાવો. જ્યારે આસિમ બિન ઝિયાદ આપ (અ.)ની સામે હાજર થયો તો આપ (અ.)એ ફરમાવ્યું, અય પોતાની જાતના દુશ્મન ! શયતાને તને પરેશાની અને મુશ્કેલીઓમાં નાખી દીધો છે. કયું કારણ છે કે તેં તારી પત્ની અને બાળકો પર રહમ ન કર્યો અને આ ખોટો રસ્તો અપનાવી લીધો છે ? શું તારો એવો ખ્યાલ છે કે અલ્લાહે તેની પાક નેઅમતો તારા ઉપર હલાલ તો કરી દીધી છે, પરંતુ તે એવું નથી ચાહતો કે તું તેનાથી ફાયદો ઉઠાવે ?

આસિમે અરજ કરી, મેં આ જૂનો પુરાણો પોશાક પહેરવામાં અને સાદો, મામૂલી ખોરાક ખાવામાં આપની પેરવી કરી છે. ઈમામ (અ.)એ ફરમાવ્યું, અફસોસ છે તારા ઉપર, તને ખ્યાલ હોવો જોઈએ કે હું તારી જેમ નથી અને મારી તેમજ તારી જવાબદારીઓ એક જેવી નથી. અલ્લાહ તઆલાએ પેશવા અને સાચા અઈમ્મા (અ.) પર આ વાત વાજિબ કરી છે કે તેઓ પોતાની જિંદગી ગરીબ અને મોહતાજોની જેમ વિતાવે કે જેથી તે ગરીબ અને મોહતાજ લોકો માટે તકલીફ અને પરેશાની ન થાય.

એટલે કે આ માણસે પોતાની રોજીનો ઝરીઓ અને કોશિશ છોડીને ઈબાદતને અને સાદા જીવનને પોતાનું જીવન બનાવી લીધું હતું. તેને હઝરત અલી (અ.)એ શાબાશી ન આપી, પરંતુ તેને ઠપકો આપ્યો કે અય પોતાની જાતના દુશ્મન ! તને શયતાને ભટકાવી દીધો છે, પરેશાનીમાં મૂકી દીધો

છે અને તેં આ ખોટો રસ્તો અપનાવી લીધો છે. પાછો વળ અને તે કામધંધાને પાછો અપનાવી લે અને સાથે સાથે સમયસર પાબંદીથી નમાઝ પઢ અને તારી ઓલાદ પરિવાર સાથે સદ્વર્તન કર્યા કર.

સારાંશ એ જ કે આપણને કુરઆન અને હદીસની રોશનીમાં જાણવા મળ્યું કે અલ્લાહે આપેલી અને તેણે પેદા કરેલી રોજીને મેળવવા તેના જ ભરોસે, તેના જ પેદા કરેલા રોજીના ઝરીઆઓ સુધી જઈ કોશિશ કરવી એ આપણી ફરજ છે કે જેને ક્યારેય ચૂકવી જોઈએ નહીં અને વધુને વધુ તેના તરફની રોજી અને ખૈર મેળવતા રહેવું જોઈએ. અલ્લાહ તઆલા તમામને આ રીતે રોજી મેળવવાની સાચી તોફીક અતા ફરમાવે, આમીન, યા રબ્બલ આલમીન.


પીરો મુરશિદની દુઆથી અને મોમિન ભાઈ બહેનોના સહકારથી ૧૫ વર્ષથી ટૂર્સનું આયોજન ચાલુ છે.

**અમીન ટૂર્સ**

**હજ - ઉમરા - ઝિયારત**

**આયોજક**

હાજી ગુલામમોહંમદ રસૂલભાઈ ધરખડ (બાદરપુર)

**હજ માટે તેના સમય પ્રમાણે**

ઓફિસ - ૦૨૭૬૧ ૨૯૨૨૪૭

મો - ૯૯૭૯૦ ૨૮૫૩૦

મો - ૯૭૨૪૧ ૨૯૬૯૪

ફેબ્રુ - ૨૦૧૪, માર્ચ - ૨૦૧૪,
મે - ૨૦૧૪, જૂન - ૨૦૧૪

ખાદિમહુસૈન રહીમભાઈ શેલીયા (ટેક્ષ કન્સલટન્ટ)
(બી.કોમ.એલ.એલ.બી.) મો.નં. ૯૯૨૫૮૭૬૪૪૦

એજાઝહુસૈન ઈમ્તિયાઝઅલી મોમિન (ટેક્ષ કન્સલટન્ટ)
(બી.કોમ.એલ.એલ.બી.) મો.નં. ૯૯૧૩૧૯૨૪૨૯





વિષય : ઈન્કમટેક્ષ, વેટ, સર્વિસ ટેક્ષ, એકાઉન્ટીંગનું કામકાજ કોમ્પ્યૂટરાઈઝડ ખાત્રીપૂર્વક કરી આપવામાં આવશે.

આથી શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅતના તમામ ભાઈઓબહેનોને જાણ કરવામાં આવે છે કે પાક પરવરદિગાર અને પીરો મુરશિદની ભલી દુઆઓથી સમાજના ધંધા અને પ્રાઈવેટ એકાઉન્ટ, (નવીન ફાઈલ અને ચાલુ ફાઈલ ટ્રાન્સફર કરી) ઈન્કમટેક્ષ, વેટ, સર્વિસ ટેક્ષ અને એકાઉન્ટીંગનું કામ કોમ્પ્યૂટરાઈઝડ ખાત્રીપૂર્વક કરી આપવામાં આવશે.

સહકાર બદલ આભાર.

ઓફિસ : ૮૩૮, ૮મા માળે, બેલ્જીયમ ચેમ્બર્સ, લીનીયર બસ સ્ટેન્ડની સામે, દિલ્હી ગેટ, સુરત–૦૩

ઓફિસ : બી. ૧૦૯, ઉમીયા કોમ્પલેક્ષ, સી.એન.જી. ગેસ પમ્પની સામે, કામરેજ ચાર રસ્તા, સુરત–૩૯૪૧૮૫

## કુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

**સૂરા નં.૮૮** **સૂરા ગાસેયા**

કુલ ૨૬ આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયેલો હોવાથી મક્કી છે.

**ભલા તારી પાસે તે ઢાંકી લેનારી મુસીબત (કયામત)નું વર્ણન આવ્યું છે. (૧)**

**તે દિવસે (કેટલાય) ચહેરા (ભયના માર્યા) ઉતરી ગયેલા. (૨)**

**શ્રમ કરતા, સંકટો સહન કરતા. (૩)**

**ભડભડતી આગમાં દાખલ થતા હશે. (૪)**

**તેમને ઉકળતા ઝરાનું પાણી પીવડાવવામાં આવતું હશે. (૫)**

**તેમનો ખોરાક 'દરીઅ' (થોરનાં ઝાડ)ના સિવાય બીજો કાંઈ નહીં હોય. (૬)**

**જે ન તો મોટો રૂષ્ટપુષ્ટ કરશે અને ન ભૂખ મટાડશે. (૭)**

اَلْغَاشِيَةُ (ઢાંકી લેનારી મુસીબત) એથી મુરાદ કયામતનો દિવસ છે. ત્યાર પછી કયામતની સખ્તીનું વર્ણન છે કે તે છે કે તે દિવસની સખ્તીના કારણે લોકોના ચહેરા ભયના માર્યા ઉતરી ગયા હશે, ત્રીજી આયતનો અર્થ એ કર્યો છે કે આ એ લોકો છે કે જેઓએ દુનિયામાં બૂરા કાર્યો કર્યાં છે તેથી આખેરતમાં જહન્નમની સખ્તી ઉપાડશે. બીજો અર્થ એમ પણ થાય છે કે તેથી મુરાદ બિદઅત કરનારા અને જૂઠા ધર્મ પાળનારા અને હકથી દુશ્મની રાખનારા છે. હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે અમારી સાથે દુશ્મની રાખનારા ગમે તેટલી ઈબાદત કરે તેઓ માટે પણ આ આયત લાગુ પડે છે. બસ તેઓ આગમાં બળશે, તેઓને ઉકળતા ઝરાનું પાણી પીવડાવવામાં આવશે.

ضَرِيْعٌ નો અર્થ એવા કાંટાળુ ઘાસ છે કે જેને ઊંટ સિવાય કોઈ ખાતું નથી અને એ કાંટાવાળી અને બદબુદાર ચીજ ઘણી જ ગરમ હશે અને તે જહન્નમીઓને ખવરાવવામાં આવશે અને જ્યારે જહન્નમીઓને ભૂખ લાગશે તો તે ખોરાક તરીકે આપવામાં આવશે અને તેથી તરસ લાગશે અને એક હજાર વરસ તરસ્યા રહ્યા પછી તેમને સખત ગરમ પાણી પીવડાવવામાં આવશે, ન તો તેઓની ભૂખ મટશે અને ન તો પ્યાસ મટશે અને એ અઝાબ સખત હશે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **(અને કેટલાક) ચહેરા તે દિવસે પ્રફુલ્લિત હશે. (૮)**

**પોતાના (કરેલા) પ્રયત્નોથી રાજી થયેલા હશે. (૯)**

**આલીશાન બગીચાઓમાં હશે. (૧૦)**

**તું તેમાં કોઈ વ્યર્થ વાત સાંભળશે નહીં. (૧૧)**

**તેમાં એક વહેતો ઝરો હશે. (૧૨)**

**(અને) તેમાં ઊંચા ઊંચા સિંહાસન હશે. (૧૩)**

**અને વ્યવસ્થાપૂર્વક ગોઠવેલા પાણી પીવાના કુંજા. (૧૪)**

**અને હાર બંધ મૂકેલા તકીયા (૧૫)**

**અને ચોમેર પાથરેલા ગાલીચા. (૧૬)**

ખુદા હવે બેહિશ્તીઓનું વર્ણન કરે છે. તે દિવસે તેઓના ચહેરા અલ્લાહની નેઅમતોના અસરથી પ્રફુલ્લિત હશે અને તેમણે દુનિયામાં કરેલા નેક આમાલ પર તેઓ ખુશ હશે. હઝરત ઈમામ જાફર સાદિક (અ.) એક દિવસ હઝરત રસૂલે ખુદા (સ.)ની કબ્ર અને મિમ્બરની વચ્ચે પોતાના અસ્હાબને ફરમાવી રહ્યા હતા કે હું તમારી રૂહો અને તમારી સારી ખ્યાતિને બહુ જ ચાહું છું. તમો તકવા અને ઈજ્તેહાદ (નેક કામોની કોશિશ)થી અમારી મદદ કરો, યાદ રાખો અમારી વિલાયત તકવા અને ઈજ્તેહાદ વગર પ્રાપ્ત કરી શકતા નથી, તમો પોતાના ઈમામની પયરવી કરો, તમો અલ્લાહનું ટોળું છો અને અલ્લાહના અનુસાર છો, દુનિયામાં તમોએ અમારી વિલાયતની તરફ પહેલ કરી અને આખેરતમાં જન્નતમાં પણ તમો આગળ હશો. હું અલ્લાહ અને રસૂલ (સ.)ની તરફથી તમારી જન્નતનો જામીન થાઉં છું, તમો પાકીઝા છો અને તમારી સ્ત્રીઓ પણ પાકીઝા છે. દરેક મોમિન સ્ત્રી હૂર છે અને દરેક મોમિન પુરુષ સીદ્દીક છે. હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું કે તમોને ખુશખબરી થાય કે રસૂલે ખુદા (સ.) બધી ઉમ્મતમાંથી માત્ર શીઆઓ (પયરવી કરનારાઓ) ઉપર રાજી છે. યાદ રાખો કે દરેક ચીજને એક ઉર્વાહ (છેડોહાથો) હોય છે અને દીનના ઉર્વાહ શીઆ છે, દરેક ચીજને માટે એક શરફ ઈજ્જત છે અને દીનના શરફ મોહિબ્બો છે. દરેકના માટે સરદાર હોય છે અને મજલિસોના સરદાર મોહિબ્બો અને દોસ્તોની મજલિસો છે. દરેકના ઈમામ હોય છે અને જમીનોના ઈમામ એ જમીન છે કે જેમાં મોહિબ્બો (પયરવ) આબાદ હોય. પ્રત્યેક ચીજની ઈચ્છા હોય છે અને દુનિયાની ઈચ્છા મોહિબ્બો અને પયરવની આબાદીથી પૂરી થાય છે, પછી છેવટે ફરમાવ્યું કે જન્નતમાં તમારા વિરોધીઓને કોઈ ભાગ નથી. પછી ભલે ગમે તેવા આમાલ બજાવી લાવે.

આઠમી આયત હકદાર આલે મોહંમદના દોસ્તો અને પયરવ છે, જ્યારે ત્રીજી આયત આલે મોહંમદના દુશ્મનો માટે ઉતરી છે. ૧૩ થી ૧૬મી આયતમાં છે કે જન્નતીઓ ઊંચા સિંહાસન ઉપર ખુશખુશાલ બેઠા હશે અને એ ઊંચા સિંહાસનમાં યાકૂત, મોતી, વગેરે જડેલા હશે અને જન્નતના પીણાઓથી ભરેલા પ્યાલાઓ હશે અને ત્યાં હારબંધ સજાવેલા જન્નતી તકીયાઓ હશે અને તખ્ત ઉપર બિછાવેલા ગાલીચા હશે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **તો શું તેઓ ઊંટ તરફ નથી જોતા કે તે કેવી રીતે પેદા કરવામાં આવ્યો છે ? (૧૭)**

**અને આસમાન તરફ (નથી જોતા) કે તે કેવી રીતે ઊંચું કરવામાં આવ્યું છે ? (૧૮)**

**અને પહાડો તરફ (નથી જોતા) કે તે કેવી રીતે સ્થાઈ કરવામાં આવ્યા છે ? (૧૯)**

**અને જમીન તરફ (નથી જોતા) કે કેવી રીતે**

**વિસ્તારવામાં આવી છે ? (૨૦)**

જહન્નમીઓના અઝાબ અને જન્નતીઓની નેઅમતોનું વર્ણન કરીને ફરી એક વખત કુફ્ફારને વિચારવાનું કહેવામાં આવે છે કે કયામતના ઈન્કાર કરનારાઓ શું ઊંટની પેદાઈશ ઉપર વિચાર નથી કરતા કે કેવા મોટા પ્રાણીને પેદા કર્યું છે અને કઈ હસ્તીએ તેને તમારા માટે તાબેદાર બનાવ્યો ? અને તેના થકી તમે જે ફાયદો મેળવો છો તેના ઉપર મનન કરો અને આસમાનનું સર્જન કેવું આશ્ચર્ય પમાડનારું છે કે જે વગર થાંભલાએ અધ્ધર છે અને ઊંચા ઊંચા પહાડ અને જમીનનું ફેલાવવું, આબાદીઓને વસાવવી, વગેરે આ બધી વસ્તુઓ ઉપર જો ઈન્સાન વિચારે તો તેમાંથી નતીજો તારવી શકે છે અને તે જ ઈબાદતને લાયક છે અને ફરી સજીવન કરીને સજા અને બદલો આપવા માટે શકિતશાળી છે. જનાબે જાબિરથી વર્ણન છે કે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું કે ખુદા કયામતના દિવસે પહેલાંના અને પાછલા લોકોને ભેગા કરશે અને બધાયથી પ્રથમ હઝરત રસૂલે ખુદા (સ.)ને જન્નતી પોશાક પહેરાવવામાં આવશે. ત્યાર પછી હઝરત અલી (અ.)ને, પછી અમોને બોલાવવામાં આવશે અને લોકોનો હિસાબ અમારા હવાલે કરવામાં આવશે, ખુદાની કસમ, અમો જન્નતીઓને જન્નતમાં અને જહન્નમીઓને જહન્નમમાં દાખલ કરીશું.

ત્યાર પછીની આયતનો અનુવાદ : **માટે (અય રસૂલ !) તું નસીહત કર્યા કર; તું માત્ર નસીહત કરનારો છે. (૨૧)**

**તું તેમના ઉપર કોઈ દારોગો તો છે નહીં. (૨૨)**

**પણ જેણે મોઢું ફેરવ્યું તથા સત્યનો ઈન્કાર કર્યો. (૨૩)**

**તો તેને અલ્લાહ ઘણો મોટો અઝાબ આપશે. (૨૪)**

**બેશક તેઓ સર્વેનું પાછું ફરવું અમારી જ તરફ છે. (૨૫)**

**પછી બેશક અમારા માથે તેમનો હિસાબ લેવાનું છે. (૨૬)**

અય મારા રસૂલ (સ.), તું તેઓને નસીહત કર અને ગમગીન ન થા. તું કંઈ એ લોકો ઉપર દરોગો (ચોકીદાર) નથી. તેઓ જુએ તો માને અને જુએ તો ન માને. જેણે હક વાતથી મોઢું ફેરવ્યું અને સત્યનો ઈન્કાર કર્યો તેને ઘણો મોટો અઝાબ થશે અને તેઓ અમારી તરફ પાછા ફરશે અને અમો તેઓનો હિસાબ લેશું.


**બેસ્ટ ઈલેક્ટ્રીકલ**

:::::::::: **ઓર્થોરાઈઝ ડીલર** ::::::::::

**વાયર કેબલ** : જેનશન, પોલિકેબ, ફિનોલેક્સ, દર્શન, આર આર, રૂબિકોન

**એમ.સી.બી.** : ઈન્ડો એશિયન, એલ એન્ડ ટી, બિનટેક્સ, એચ.પી.એલ.

**મોટર પમ્પ** : હિતેશ, કિલોસ્કર, કોમ્પટ્રન, સર્જન

**લાઈટીંગ** : કોમ્પટ્રન, હેવલ્સ, ફિલિપ્સ, ઓસરામ, હેનોલેક્સ

**ઈલેક્ટ્રીક એસેસરીઝ** : હાઈફાઈ, ઓલવીન, પોઈન્ડર, વન્ડર, એન્કર

ઈલેક્ટ્રીકને લગતો તમામ માલ સામાન મળશે

૯૯૯૮૧૮૫૭૦૭ **મહેદીહુસૈન મોમિન**
૯૯૭૯૨૬૦૫૯૭ **બાકરઅલી મોમિન**

**૧૩, ધનરાજ કોમ્પલેક્ષ, અંબિકા પેટ્રોલ પંપની સામે, પ્રકાશ ઓટોની બાજુમાં, ઉજાલા સર્કલ, સરખેજ, અમદાવાદ.**

## નઝીફ દાંતનું દવાખાનું

**ડો. હુસૈનમોહંમદ વી. મોમિન** (બાદરપુર)
ડેન્ટલ સર્જન (BDS)
મોબાઈલ : ૯૯૨૪૮ ૪૫૯૧૪

**ડો. સાજેદા વી. મોમિન** (બાદરપુર)
ડેન્ટલ સર્જન (BDS)

**દાંત તથા દાંતને લગતી તકલીફોનું નિદાન અને તેની તમામ સારવારની સુવિધાઓ ઉપલબ્ધ છે.**

**::::: સમય :::::**

સવારે ૯-૦૦ થી ૧-૦૦
સાંજે ૪-૦૦ થી ૭-૩૦
રવિવારે ૧૦-૦૦ થી ૧-૦૦ (ફોન કરીને આવવું.)


**::::: સ્થળ :::::**

**૨૩, ડીવાઈન પ્લાઝા કોમ્પલેક્ષ, બસ સ્ટેશનની સામે, કમાલપુર રોડ, વડનગર, જિ.મહેસાણા.**

## રક્ષણ ફેબ્રીકેશન ગ્રૃપ

ગ્રીન હાઉસ, ખેતર, પ્લોટ, વાડી, વગેરેની ફેન્સીંગ જાળી અને ફેન્સીંગ તારની વાડનું કામ માલસામાન સાથે સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.





**સંપર્ક**

મોહંમદઅલી વી. ગોદડ – ૯૫૫૮૯૦૦૯૭૦
સાજિદઅલી એમ. ગોદડ – ૯૪૨૭૩૬૫૧૪૭
૯૬૬૨૦૯૫૫૮૮

**મુ.પો. હરિપુરા, પો.અરોડા, તા. ઇડર, જી.સાબરકાંઠા.**

**Org. Zawar Husain - 9879465724 / 9574479838**



## JA'FARI TOURS



સમસ્ત ભારતની કોઈ પણ જગ્યાની ટૂર બસ / ટ્રેનમાં કરી આપવામાં આવશે.

ફેમિલી ટૂર, કપલ ટૂર, ઝિયારત ટૂર, સ્કૂલ પ્રવાસ દરેક જગ્યાની વેજ.–નોન વેજ. રસોડા અને સવારે ચા–નાસ્તા સાથે સ્લીપર બસમાં AC નોન AC ગાડીમાં વાજબી ભાવે ટૂર કરી આપવામાં આવશે.

**::::: પેકેજ :::::**

**કપલ એન્ડ ફેમિલી પેકેજ :** અજમેર, અમૃતસર, વાઘા બોર્ડરમ કાશ્મીર, ગુલમર્ગ, સોનમર્ગ, શ્રીનગર, પહેલગાવ, લુધીયાણા, પાણીપત, દિલ્હી, આગ્રા, ફતેપુર સીક્રી, જયપુર (૧૫ દિવસ)
**વેકેશન સ્પેશ્યલ :** ઔરંગાબાદ, હૈદ્રાબાદ (૭ દિવસ)
**સાઉથ વેકેશન સ્પેશ્યલ :** ઔરંગાબાદ, હૈદ્રાબાદ, બેંગલોર, મૈસુર, ઉટી, ગોવા, લોનાવાલા, ખંડાલા (૧૬ દિવસ)
**ઝિયારત સ્પેશ્યલ :** અજમેર, દિલ્હી, બધરા, જોગીપુરા, અમરોહા, રામપુર, મહેમુદાબાદ, લખનૌ, આગ્રા, ફતેપુર સીક્રી, જયપુર (૧૫ દિવસ)

**નોંધ : અમારી ટૂરનું આયોજન ફક્ત સ્લીપર બસમાં જ કરવામાં આવશે.** **Safar-E-Hindustan**

**મુ. મેતા, તા. વડગામ, જિ. બનાસકાંઠા – ૩૮૫ ૫૨૦ (ગુજરાત)**



મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

લેખક : શેખ મુફીદ

# અલ ઈર્શાદ

## હુનૈનની લડાઈ

(ગતાંકનું ચાલુ)

એ દિવસે આંહઝરત (સ.)એ અબ્બાસ બિન મુરદાસને ચાર ઊંટ આપ્યા. તે નારાજ થઈ ગયો અને તેણે આ અશઆર પઢ્યા : (ભાષાંતર)

(૧) શું આપ મારા ભાગનો માલે ગનીમત અને ઉબૈદના હિસ્સાનો માલ પણ ઐનિયા અને અક્રઅમાં વહેંચી દેવા ઈચ્છો છો ?

(૨) લોકોના કોઈ પણ મેળાવડામાં હિસન અને હાબિસને અમારા સરદાર પર ફઝીલત હાંસિલ નથી થઈ શકતી.

(૩) મારું મહત્ત્વ એ બન્ને લોકોથી કમ નથી. આજે આપ જેને નીચો કરી દેશો તે ઉભરી નહીં શકે.

આની માહિતી જ્યારે પયગમ્બરે ઈસ્લામ (સ.)ને મળી તો આંહઝરત (સ.)એ તેને બોલાવ્યો અને આપે પૂછ્યું,

"શું તમે જ આ અશઆર પઢ્યા છે કે, "આપ મારા ભાગનો માલે ગનીમત અને ઉબૈદના ભાગનો માલે ગનીમત પણ ઐનિયા અને અક્રઅમાં વહેંચી દેવા ઈચ્છતા હતા ?"

અબૂ બક્રએ દખલગીરી કરતાં કહ્યું,

"મારા માબાપ આપના ઉપર કુરબાન થઈ જાય, આ શાયર નથી."

આપ (સ.)એ સવાલ કર્યો,

"આવું તમે કેવી રીતે કહ્યું ?"

તેમણે જવાબ આપ્યો,

"કદાચ તેણે કહ્યું હતું કે ઐનિયા અને અક્રઅની વચ્ચે..."

પયગમ્બરે ખુદા (સ.)એ અમીરુલ મોમિનીન (અ.)ને કહ્યું,

"અય અલી ! ઊભા થાઓ અને એની જીભ કાપી નાખો કે જેનાથી તેણે આ શબ્દો કહ્યા હતા."

"આપ (સ.)એ આ વાક્ય કહીને પોતાની ખાટી જબાનની સાબિતી આપી છે. આ વાક્ય એટલું બધું દિલને ઠેસ પહોંચાડનારું છે કે દિલને ઘાયલ કરી ગયું છે. આટલી તકલીફ તો અમને જંગે ખતઅમમાં પણ નહોતી થઈ કે જ્યારે તે લોકો અમારા ઘરોમાં ઘૂસી ગયા હતા," અબ્બાસ બિન મુર્દાસે કહ્યું. તે ઊંચા અવાજમાં બોલી રહ્યો હતો. તેણે ઊભા થઈને અલી ઈબ્ને અબી તાલિબ (અ.)નો હાથ પકડી લીધો, "મને અહીંથી બહાર લઈ ચાલો. અગર હું કોઈ એવા માણસને જાણતો હોઈશ કે જે મને આ મુસીબતથી આઝાદ કરાવી દે તો હું તેને બોલાવી લઈશ. હવે હું તમને કહું છું કે અય અલી ! તમે જ એ માણસ છો કે જે મારી જીભ કાપી શકો છો."

આપ (અ.)એ જવાબ આપ્યો,

"હું તો એટલો જ અમલ કરીશ કે જેટલો મને

હુકમ આપવામાં આવ્યો છે."

અબ્બાસ બિન મુર્દાસનું બયાન છે કે :

"તેઓ મારી સાથે ઉઠ્યા અને અમે ઓસરીમાં આવ્યા. પછી આપ (અ.)એ મને કહ્યું કે ચારથી સો સુધીની ગણતરી કરો. મેં આપને કહ્યું, હું અને મારાં માબાપ આપના પર કુરબાન થઈ જાય, આપ ખૂબ જ વધારે સખી, કાબેલ અને સમજદાર માણસ છો."

"અલ્લાહના રસૂલ (સ.)એ આપને ચાર ઊંટ આપ્યા હતા." આપ (અ.) બોલ્યા, "તમને મુહાજિરનો રુત્બો આપવામાં આવ્યો છે. તે બધાને પણ ચાર ઊંટ આપવામાં આવ્યા. અગર તમે ઈચ્છો તો તેમને રાખી લો અને અગર તમે ચાહતા હો કે તમને પણ એકસો ઊંટ આપવામાં આવે તો તમારી ગણતરી એ લોકોમાં કરવામાં આવશે કે જેમને એકસો ઊંટ મળ્યા છે." મેં કહ્યું, "મને આપ સલાહ આપો." આપ (અ.)એ કહ્યું, "મારો મશ્વેરો તો એ છે કે એટલા જ ઊંટ લો કે જેટલા પયગમ્બરે ખુદા (સ.)એ આપ્યા છે. અને તેના ઉપર સંતોષ કરો." મેં કહ્યું, "તો પછી હું એવું જ કરીશ."

જ્યારે પયગમ્બરે ખુદા (સ.) હુનૈનનો માલે ગનીમત લોકોમાં વહેંચી ચૂક્યા તો એક લાંબા કદનો માણસ આવ્યો. તેની આંખોની વચ્ચે કપાળ ઉપર ચામડી લટકી રહી હતી કે જેનાથી એવું મહેસૂસ થતું હતું કે સજ્દાઓની વિપુલતાના કારણે માથાની ચામડી લટકી આવી છે. તે માણસે આવીને સલામ કરી, પરંતુ પયગમ્બર (સ.)ને કોઈ ખાસ અંદાજમાં સંબોધન ન કર્યું. તે બોલ્યો,

"મેં જોયું છે કે માલે ગનીમતને કેવી રીતે વહેંચવામાં આવ્યો છે."

આપ (સ.)એ પૂછ્યું,

"તમે કેવું જોયું ?"

તેણે કહ્યું,

"હું વિચારું છું કે તમે ગુમરાહ થઈ ગયા છો."

આ સાંભળીને પયગમ્બરે ઈસ્લામ (સ.)ને ગુસ્સો આવી ગયો, અને આપ (સ.)એ કહ્યું,

"ના, તને શરમ આવવી જોઈએ. મેં અન્યાયપૂર્વક કામ નથી લીધું. બતાવ કે કોણે એવું કર્યું છે ?"

મુસલમાનોએ વાંધો ઉઠાવ્યો, "શું અમે આને કતલ કરી દઈએ ?"

આપ (સ.)નો જવાબ હતો,

"ના, એને છોડી દો. તેના મુરીદ તેના દીનને બિલકુલ એવી જ રીતે છોડી દેશે કે જેવી રીતે કમાનને તીર છોડી દે છે. એ લોકોનું મોત અલ્લાહ એવા માણસના હાથે આપશે કે જેને અલ્લાહ મારા પછી સૌથી વધારે મોહબ્બત કરે છે."

અમીરુલ મોમિનીન (અ.)ના હાથે તેની અને તેના લોકોની હલાકત જંગે નહેરવાનમાં ખારજીઓની સાથે થઈ હતી.

આ લડાઈમાં અમીરુલ મોમિનીન (અ.) એ જેવી ઉચ્ચ સિફ્તોનું પ્રદર્શન કર્યું હતું કે જે વિચારવા યોગ્ય છે. અગર તે સિફ્તો ઉપર વિચાર કરવામાં આવે, જે કોયડાઓ છે તેમના ઉપર વિચાર કરવામાં આવે તો એવું મહેસૂસ થશે કે જંગમાં પડેલી દરેક મુશ્કેલી ઉપર કાબૂ મેળવવામાં માત્ર અમીરુલ મોમિનીન (અ.)ના અમલની હિકમત કામ આવી હતી. માત્ર અમીરુલ મોમિનીન (અ.) ની વિશેષતાઓ અને ખાસિયતો હતી કે જે એ જંગ ઉપર વશ કરનારી રહી હતી. મુસલમાનોમાં કોઈ બીજો આ સિફ્તોમાં ભાગીદાર ન હતો. અમીરુલ

મોમિનીન (અ.) કે જે પયગમ્બરે ઈસ્લામ (સ.)ની સાથેને સાથે રહ્યા હતા જ્યારે કે તમામ મુસલમાનો નાસી ગયા હતા. અમીરુલ મોમિનીન (અ.)ની સાથે ગણતરીના થોડાક જ માણસો હતા. અમને ખાતરીપૂર્વકની જાણકારી છે કે આપની હિંમત, આપનો ફિદાકારીનો જોશ, આપની શુજાઅત, આપની સહિષ્ણુતા, આપની કુવ્વત ત્યાં હાજર નવ લોકોમાં સૌથી વધારે હતી જેવી રીતે જે અબ્બાસ, તેમના બેટા ફઝલ, અબૂ સુફિયાન બિન હારિસ, વગેરે.

આવા પ્રકારના પ્રસંગો મશહૂર છે કે આ જંગમાં મોટા મોટા લડવૈયાઓ આપ (અ.)ની તલવારથી હલાક થયા. આપ (અ.)એ જંગમાં જે દહેશત ફેલાવી અને પછી પ્રભુત્વ પ્રાપ્ત કર્યું તે આપની જાતનો જ ગુણ હતો એવી રીતે કે એક પણ ખૂબી કોઈ બીજી વ્યક્તિમાં ન હતી. આ જંગમાં આપ (અ.)ની સાબિતકદમીનું પરિણામ એ હતું કે જે નાસી ગયેલા મુસલમાનો હતા તે પાછા આવ્યા. અગર આપની દિલેરી અને સખત જાંફિસાની આડે આવી ન હોત તો બુતપરસ્તોના માટે આસાન થઈ જાત કે તેઓ ઈસ્લામને અગણિત નુકસાન પહોંચાડત. રસૂલે ખુદા (સ.) સાથેની આપની અવિચળ મોહબ્બત અને આપની સહિષ્ણુતા અને કુરબાનીનો જોશ આ બધી એવી બાબતો હતી કે જેના કારણે જંગનો નકશો બદલાઈ ગયો હતો. આપ (અ.)એ એકલપંડે એવો જંગ કર્યો કે દુશ્મનોના દાંત ખાટા કરી દીધા, અને તે લોકો ગભરાઈ ગયા. એ દરમિયાન જે મુસલમાનો નાસી ગયા હતા તે પાછા આવી ગયા અને તેમણે સફો ગોઠવીને દુશ્મનો ઉપર હુમલો કરી દીધો. અમીરુલ મોમિનીન (અ.)નું આ જંગમાં સૌથી મોટું કારનામું એ હતું કે આપ (અ.)એ અબૂ જરવલને હલાક કરી દીધો હતો. તે બુતપરસ્તોનો નામચીન ઘોડેસવાર હતો અને પહેલવાન હતો. એના કતલ થતાંની સાથે જ બુતપરસ્તોના પગ ઉખડી ગયા અને મુસલમાનોનો પેંતરો ફતેહ અને સફળતા પર મજબૂત થઈ ગયો. અબૂ જરવલ પછી અમીરુલ મોમિનીન (અ.)એ અન્ય ચાલીસ નામાંકિત પહેલવાનોને મોતને ઘાટ ઉતારી દીધા. બસ પછી તો બુતપરસ્તોના માથાઓ ઉપર મોત ભમવા લાગ્યું અને તેઓ અવ્યવસ્થાની પરિસ્થિતિમાં આમતેમ ભાગવા લાગ્યા. આવી રીતે મુસલમાનોને જીત મળી.

(મુસલમાનોનું નાસી જવું) એ વ્યક્તિની ગલતફહેમીના કારણે થયું હતું કે જેણે મુસલમાનોની મોટી ફોજ જોઈને એવું કહ્યું હતું કે આજે તો મુસલમાનોને આસાનીથી જીત મળી જશે. આ એ વ્યક્તિ હતી કે જેને અમીરુલ મોમિનીન (અ.) ના પહેલાં રસૂલ (સ.)ની બાદ ખલીફા બનાવી દેવામાં આવી હતી. તેના ફેંસલાએ મુસલમાનોને પરાજયની ગુફામાં ધકેલી દીધા હતા. એના જ એક સાથીએ કેદીઓમાંથી એકને કતલ કરાવી દીધો હતો, જ્યારે કે પયગમ્બરે ખુદા (સ.)એ એવો હુકમ આપ્યો હતો કે કોઈ પણ કેદીને કતલ કરવામાં ન આવે. રસૂલ (સ.)ના હુકમની પરવા ન કરવી એક મોટો અપરાધ છે. આ અપરાધ અલ્લાહ તઆલા અને તેના રસૂલના હુકમની વિરૂધ્ધ કરવામાં આવ્યો હતો. (બીજી તરફ) પયગમ્બર (સ.)ની મદદ દરેકે દરેક કદમ પર હઝરત અલી (અ.)એ કરી. આપ (અ.)એ તમામ અસ્હાબને સમજાવ્યા. મઝહબને આપની મહાન જાતના કારણે કુવ્વત

મળી. મુસલમાનોને નવી જિંદગી મળી. આપ (અ.)ની મદદથી માલે ગનીમતની સાચી વહેંચણી અમલમાં આવી. પયગમ્બરે ઈસ્લામ (સ.)ના અડગ નિશ્ચય અને ઈરાદાને વધારે મજબૂત બનાવવામાં આપે ગણનાપાત્ર ખિદમત કરી હતી કે જે બીજી વ્યક્તિની સાથે જોડી શકાતી નથી. અબ્બાસ બિન મર્દાસના મામલાને જેવી સુંદરતાથી અને ખૂબીથી આપ (અ.)એ ઉકેલ્યો છે કે જેનાથી ઈમાનને રોશની મળે છે. તેના દિલમાં મઝહબની તરફ જે શંકાકુશંકા પેદા થઈ હતી તેને અમીરુલ મોમિનીન (અ.)એ ખતમ કરી દીધી, અને તે પયગમ્બરે ઈસ્લામ (સ.) એ આપેલા ચુકાદાને માનવા માટે તૈયાર થઈ ગયો. પયગમ્બરે ઈસ્લામ (સ.)એ તે માણસનો મામલો પણ અમીરુલ મોમિનીન (અ.)ને સોંપી દીધો કે જેણે આંહઝરત (સ.)ના ચુકાદાનો ઈન્કાર કર્યો હતો. આપ (અ.)એ એ મામલાને પણ સુંદર રીતે અને ખૂબીપૂર્વક સમાપ્ત કરી દીધો. સાચું તો એ છે કે અમીરુલ મોમિનીન (અ.)ના દિલમાં અને આપ (અ.)ના અમલમાં સચ્ચાઈ ઝળકતી હતી. તેઓ કાએનાતની સઘળી મખ્લૂકાતમાં સૌથી અફઝલ હતા, સિવાય પયગમ્બરે ઈસ્લામના. જે લોકો આપની સાથે હસદ રાખતા હતા તેઓ આપની અઝમતને ઓછી કરવા માગતા હતા, પરંતુ તે લોકો સફળ થઈ ન શક્યા, પરંતુ એ જાહેર થઈ ગયું કે એ લોકોના અમલ અને ઈમાન, ડાઘાવાળાં હતાં એટલા માટે તે લોકો પોતાના ષડ્યંત્રમાં કામયાબ ન થઈ શક્યા, અને તેમની સ્થિતિ ખરાબથી વધારે ખરાબ થતી ગઈ. કેટલાક લોકોએ આ જંગમાં નિખાલસતા અને સ્વાર્થત્યાગની ભાવના પ્રગટ કરી, તેમની સેવાઓને પણ બિરદાવવામાં આવી, પરંતુ અમીરુલ મોમિનીન (અ.)ની ઉચ્ચ સિફ્તો સુધી તો કોઈ પણ પહોંચી ન શક્યું.

AN ISO 9001:2008 CERTIFIED COMPANY
Tastea Anand™
NAMKEEN
આનંદ નમકીન
કાકોશી ચાર રસ્તા,
નવજીવન હોટલની બાજુમાં,
સિધ્ધપુર-૩૮૪૧૫૧,
જી. પાટણ, (ઉ.ગુ.)
સિધ્ધપુરનું પ્રખ્યાત
100 % Veg.
નવરતન મીક્ષ
તીખું ચવાણું
રતલામી સેવ
મોળી સેવ
વટાણા
ભાખરવડી
ગાંઠીયા
પાપડી
કચોરી
દાળ મુઠ
ખાખરા
શક્કરપારા
સ્પે. ભેળ
ફુલવડી
સીંગ ભજીયા
ફરાળી ચેવડો
ચણાદાળ
મોગર દાળ
સ્પે ચવાણું
મરી ગાઠીયા
આલુ સેવ
ફ્રાઈમ્સ
મીજલીસના ન્યાજ માટે તેમજ શુભ પ્રસંગે વ્યાજવી ભાવે ફરસાણ મળશે.
www.tasteaanand.com Ph.: (02767) 225393 Mob : 98259 07414

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬, માહે ઓક્ટોબર–૨૦૧૪ થી તા.૧૫, માહે નવેમ્બર–૨૦૧૪ મુ.તા. ૨૧, ઝિલ્હજ–૧૪૩૫ થી મુ.તા. ૨૧, મોહર્રમ–૧૪૩૫ |
|---|---|---|---|
| ઓક્ટો. | ઝિલ્હજ | – | |
| 16 | ૨૧ | ગુરૂ | **વિલાદત : પીર સૈયદ અલી સલામુદ્દીન (રહે.)** |
| 18 | ૨૩ | શનિ | શહાદત : તિફ્લાને મુસ્લિમ બિન અકીલ (અ.) |
| 19 | ૨૪ | રવિ | **ઈદે મુબાહિલા * હઝરત અલી (અ.)એ હાલતે રુકૂઅમાં સાઈલને વીંટી આપી.** |
| 23 | ૨૮ | ગુરૂ | **દિવાળી** |
| 24 | ૨૯ | શુક્ર | **હિંદૂ નૂતન વર્ષ** |
| 25 | ૩૦ | શનિ | **ભાઈબીજ** * વીંછુડો બેસે : રાત્રે ૧૧–૨૩ |
| 26 | **મોહર્રમ**–૧ | રવિ | માહે અઝા શરૂ હિજરી સન – ૧૪૩૫નો પ્રારંભ * વીંછુડો |
| 27 | ૨ | સોમ | ઈમામ હુસૈન (અ.)નું કરબલામાં આગમન * વીંછુડો ઉતરે : સવારે ૫–૦૯ |
| 28 | ૩ | મંગળ | હઝરત યૂસુફ (અ.)ને કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યા. |
| 29 | ૪ | બુધ | હઝરત મૂસા (અ.)એ નીલ નદી પાર કરી. |
| 31 | ૬ | શુક્ર | **વિલાદત : પીર સૈયદ એહમદહુસૈન બાવા (રહે.અ.) * સરદાર પટેલ જયંતિ** |
| **નવે.**-1 | ૭ | શનિ | હ.અબ્બાસ અલમદાર (અ.)ના અલમ મુબારક * હ.મૂસા (અ.)એ કોહે તૂર પર વાતો કરી |
| 2 | ૮ | રવિ | જનાબે કાસિમ ઈબ્ને હસન મુજતબા (અ.)ના નિશાન મુબારક |
| 3 | ૯ | સોમ | શબે આશૂર – કતલની રાત *** દેવ દિવાળી** |
| 4 | ૧૦ | મંગળ | ઈમામ હુસૈન (અ.)ની શહાદત * યૌમે આશૂરા * શામે ગરીબાં * **તાજિયા** |
| 5 | ૧૧ | બુધ | અહલેહરમને કેદી બનાવ્યાં. * વફાત : પીર સૈયદ અલી ખાલિદ (રહે.) |
| 6 | ૧૨ | ગુરૂ | ઝિયારત : હઝરત ઈમામ હુસૈન (અ.) *** ગુરૂ નાનાક જયંતિ** |
| 7 | ૧૩ | શુક્ર | વફાત : અલ્હાજ પીર સૈયદ મહેરહુસૈન બાવા (રહે.) |
| 9 | ૧૫ | રવિ | હઝરત આદમ (અ.)ની વફાત |
| 10 | ૧૬ | સોમ | અસ્હાબે ફીલનો પ્રસંગ |
| 13 | ૧૯ | ગુરૂ | **ઉર્સ : અલ્હાજ પીર સૈયદ મહેરહુસૈન બાવા (રહે.અ.), ધોળકા** |
| 14 | ૨૦ | શુક્ર | **ઉર્સ : હ.પીર મશાયખ (રહે.અ.),અમદાવાદ** * હઝરત ઈમામ હુસૈન (અ.)નું દસમું |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

સંપાદક : મોલ્વી કમ્બરઅલી
દાવડા (કાટવાડ)

(૧) દરરોજ કયો ઝિક્ર કરવાથી રૂહાની બીમારીઓમાંથી શિફા મળે છે ? (૨) તમારા ................ સાથે તમારાં મૂળિયાં જોડાયેલાં છે. (૩) રોજીની કોશિશ છોડી દેનારની ............... કબૂલ થતી નથી. (૩) "તમને રસૂલલ્લાહ (સ.)ના ઈલ્મનાં રહસ્યો સજવાની કાબેલિયત અને તોફિક આપેલી છે". આ શબ્દો કયા સહાબી માટે મૌલા અલી (અ.)એ કહ્યા હતા ? (૪) કુરબાની કરવી એ ..................... છે. (૫) ઈમામ હુસૈન (અ.)ના જન્મ વખતે કાનમાં અઝાન–ઈકામત કોણે કરી હતી ?

HEARTY MART

# હાર્ટીમાર્ટ સુપર માર્કેટ, છાપી

# સંસ્કાર શોપ

Tel. No. : 02739 - 270351
Customer Care No. : 9879359740

મોમિન શબ્બીરઅલી – 8732935046
મોમિન હસનઅબ્બાસ – 9879295607

અનાજ, કરિયાણું, તેલ, ઘી, કઠોળ તેમજ દરેક ગરમ મસાલા અને ડ્રાયફ્રુટ જેવા કે... બદામ, કાજુ, પીસ્તા, અંજીર અને શરબત, બિસ્કીટ, સાબુ, શેમ્પુ તથા હેર ઓઈલ દરેક કંપનીના મળશે.

હોજીયરી, કોસ્મેટીક તથા ગીફ્ટ આર્ટીકલ, હાઉસ વેર, નોન સ્ટીક તેમજ પ્લાસ્ટીક અને કાચની દરેક વેરાયટીઝ મળશે.

મોહર્રમ માસ દરમિયાન મજલિસમાં નિયાઝ માટે બિસ્કીટ, નાનખટાઈ, કેક, ચોકલેટ તેમજ જમણવારના નિયાઝની દરેક વસ્તુઓ **વાજબી ભાવે મળશે.**

દરેક વસ્તુ ખરીદતાં પહેલાં એકવાર હાર્ટીમાર્ટ સુપર માર્કેટની અવશ્ય મુલાકાત લો.

**નોંધ : મોટા ઓર્ડર માટે અગાઉથી જાણ કરવી.**

સબસે ખાસ...
ઘર કે પાસ...

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી દ્વારા સંપાદિત 'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

## જનાબે અમીર (અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

**અહલેબૈત (અ.)નું બની ઈસરાઈલના બાબે હત્તા (તોબાના દરવાજા) હોવું :**

ઈબ્ને અબ્બાસ અને અબૂ ઝર ગિફારી (રઝી.અ.)થી રિવાયત છે કે જનાબે સરવરે કાએનાત (સ.) ફરમાવે છે કે મારાં અહલેબૈત તમારા લોકોમાં એવાં છે જેવાં કે બની ઈસરાઈલમાં તોબાનો દરવાજો. જે માણસ તેમાં દાખલ થયો તેને બક્ષી દેવામાં આવ્યો.

**અહલેબૈત (અ.)નું સફીનાએ નૂહના સમાન હોવું :**

(૧) જુમ્શ બિનુલ મગ્ઝરા કહે છે કે મેં અબૂ ઝર ગિફારીને ખાના-એ-કા'બાના દરવાજાનો ઉંબરો પકડેલો જોયા. તેઓ કહી રહ્યા હતા, જેણે મને ઓળખ્યો હોય તો ભલે ઓળખી લીધો અને જેણે ન ઓળખ્યો હોય તો ઓળખી લે. હું અબૂ ઝર ગિફારી છું. મેં જનાબે રસૂલલ્લાહ (સ.)ને એવું ફરમાવતા સાંભળ્યા છે કે તમારી વચ્ચે મારાં અહલેબૈત નૂહ (અ.)ના સફીનાની માફક છે કે જે તેમની કોમ માટે હતા. જે માણસ તેના પર સવાર થઈ ગયો, તેણે નજાત મેળવી લીધી અને જે એમનાથી પાછળ રહ્યો તે ડૂબી ગયો.

(૨) અબૂ ઝર ગિફારીથી મરવી છે કે તેઓએ કા'બા શરીફનો દરવાજો પકડેલો હતો અને કહી રહ્યા હતા કે મેં જનાબે રસૂલલ્લાહ (સ.) પાસેથી સાંભળ્યું છે કે મારાં અહલેબૈત નૂહ (અ.)ની કશ્તીની માફક છે, જે તેના ઉપર સવાર થઈ ગયો તે નજાત પામી ગયો અને જે વિરોધી થયો તે હલાક થયો.

(૪) સલમા બિનુલ કોઅ (રઝી.અ.)થી રિવાયત છે કે મેં જનાબે સરવરે કાએનાત (સ.)થી સાંભળ્યું છે કે મારાં અહલેબૈતની મિસાલ એવી છે જેવી કે નૂહ (અ.)ની કશ્તી, જે તેના ઉપર સવાર થઈ ગયો તે નજાતને પાત્ર બન્યો.

(૫) અબ્દુલ્લાહ બિન ઝુબૈર (રઝી.અ.)થી મન્કૂલ છે કે તેહ્કીકની સાથે જનાબે સરવરે આલમ (સ.)એ ફરમાવ્યું છે કે મારાં અહલેબૈત નૂહ (અ.) ના સફીના જેવી છે. જે તેના ઉપર સવાર થયો તે સલામત રહ્યો, જેણે તેમને છોડી દીધાં તે ગરક થયો.

(૬) અબૂ સઈદ ખુદરી (રઝી.અ.) કહે છે કે મેં જનાબે રસૂલલ્લાહ (સ.)ને એવું ફરમાવતા સાંભળ્યા છે કે સિવાય તેના નથી કે તમારામાં મારાં અહલેબૈત નૂહ (અ.)ની કશ્તીની માફક છે. જે તેના ઉપર સવાર થઈ ગયો, તે નજાત પામી ગયો અને જે તેમનો વિરોધી થયો તે ડૂબી ગયો અને સિવાય તેના નથી કે તમારામાં મારાં અહલેબૈત તોબાના દરવાજાની માફક છે કે જે બની ઈસરાઈલમાં હતો. જે તેમાં દાખલ થયો તેને બક્ષી દેવામાં આવ્યો.

**અહલેબૈત (અ.)ની સાથે બીજાઓનો ક્યાસ નથી થઈ શકતો :**

(૧) અનસ (રઝી.અ.) કહે છે કે જનાબે પયગમ્બરે ખુદા (સ.)એ ફરમાવ્યું છે કે અમે અહલેબૈત છીએ. અમારી સાથે કોઈનો પણ ક્યાસ નથી કરી શકાતો.

(૨) જનાબે અમીર (અ.)થી રિવાયત છે કે આપ (અ.)એ મિમ્બર પર ફરમાવ્યું કે અમે છીએ રસૂલલ્લાહ (સ.)નાં અહલેબૈત કે અમારી સાથે કોઈનો ક્યાસ નથી થઈ શકતો.

**અહલેબૈત (અ.) સિવાય કોઈ પુરુષ અથવા સ્ત્રીનું જનાબત કે હૈઝની હાલતમાં મસ્જિદે નબવીમાં દાખલ ન થવા વિષે :**

જનાબે ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમા (રઝી.અ.)થી મરવી છે કે સરવરે કાએનાત (સ.) એ ખબરદાર કરીને ફરમાવ્યું કે આ મારી મસ્જિદ દરેક હૈઝવાળી સ્ત્રી અને દરેક જનાબતવાળા પુરુષ પર હરામ છે, પરંતુ મોહંમદ (સ.) પર અને તેમનાં અહલેબૈત અલી અને ફાતેમા અને હસનૈન (અ.) પર નથી.

**ક્યામતના દિવસે સૌથી પહેલાં અહલેબૈત (અ.)ના માટે આંહઝરત (સ.)નું શફાઅત કરનાર હોવું :**

ઈબ્ને ઉમર (રઝી.અ.)થી રિવાયત છે કે જનાબે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે ક્યામતના દિવસે સૌથી પહેલાં જેની હું શફાઅત કરીશ તે મારાં અહલેબૈત છે. પછી કુરેશમાંથી નજીકના સગા સંબંધીઓ, પછી અન્સાર, પછી યમનવાળા કે જે અમારા પર ઈમાન લાવ્યા છે, પછી સઘળા અરબના રહેવાસીઓ, પછી અજમી અને જેની હું પહેલાં શફાઅત કરીશ તે અફઝલ હશે.

**અહલેબૈત (અ.)નું સૌથી પહેલાં જન્નતમાં દાખલ થવું :**

(૧) જનાબે અમીર (અ.)થી રિવાયત છે કે મેં જનાબે રસૂલલ્લાહ (સ.)ની હુઝૂરમાં એક માણસની શિકાયત કરી કે આપ (સ.)એ મને ફરમાવ્યું કે તું રાજી નથી થતો કે એ ચારેયમાંથી તું ચોથો હોય કે જે જન્નતમાં સૌથી પહેલાં દાખલ થશે ? તે હું અને તું અને હસન અને હુસૈન (અ.) અને આપણી બીબીઓ કે જે આપણા સીધા હાથ હશે. (અર્થાત્ રાહેરાસ્ત પર હશે.)

(૨) અબૂ રાફેઅ (રઝી.અ.)થી મન્કૂલ છે કે તેહ્કીકપૂર્વક જનાબે રિસાલત મઆબ (સ.)એ જનાબે અલી (અ.)ને ફરમાવ્યું કે ચાર વ્યક્તિઓ કે જે સૌથી પહેલાં જન્નતમાં દાખલ થશે, તે હું અને તું છે અને હસન અને હુસૈન છે અને આપણી ઓલાદમાંથી આપણી પાછળ હશે અને તેમની પાછળ આપણી બીબીઓ હશે અને આપણા સમુદાયના લોકો આપણી જમણી ડાબી બાજુએ હશે.

(૩) અબ્દુલ્લાહ બિન ઉમર કહે છે કે એક વખત હું જનાબે રસૂલલ્લાહ (સ.)ની ખિદમતમાં હાજર હતો અને તમામ મુહાજિર અને અન્સાર પણ મોજૂદ હતા, પરંતુ એ લોકો કે જેઓ લશ્કરમાં હતા (તે ન હતા) એવામાં એકાએક જનાબે અલી બિન અબી તાલિબ (અ.) પગપાળા તશરીફ લાવ્યા અને તેઓ પાછળ રહી ગયા હતા. જનાબે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, જેણે આને ગુસ્સે કર્યો તેણે મને ગુસ્સે કર્યો. જ્યારે જનાબે અલી (અ.) બેસી ગયા તો આપ (અ.)એ ફરમાવ્યું, અય અલી ! તને શું થયું છે ? તેમણે અરજ કરી, હુઝૂરના કાકાના દીકરાઓએ મને સતાવ્યો છે. હઝરત (સ.)એ ફરમાવ્યું, શું તું રાજી

નથી કે તું એ ચાર વ્યક્તિઓમાં તું ચોથો માણસ છે કે જે સૌથી પહેલાં જન્નતમાં દાખલ થશે ? હું અને તું અને હસન અને હુસૈન અને આપણી ઓલાદ અને દોસ્તો આપણી જમણી ડાબી બાજુએ હશે.

(૪) જનાબે અમીર (અ.)થી રિવાયત છે કે આંહઝરત (સ.)એ ફરમાવ્યું, સૌથી પહેલાં એ લોકો કે જેઓ હોજ પર આવશે તે મારાં અહલેબૈત છે અને મારી ઉમ્મતના એ લોકો છે કે જે તેમને દોસ્ત રાખશે.

**જન્નતમાં અહલેબૈતે નબવીનું આંહઝરત (સ.)ની સાથે એક દરજ્જામાં હોવું :**

અમીર (અ.)થી મરવી છે કે આંહઝરત (સ.) એ જનાબે ફાતેમા (અ.)ને ફરમાવ્યું કે હું અને તું અને આ બન્ને એટલે કે હસન અને હુસૈન અને આ સૂઈ રહેનારો એટલે કે અલી કયામતના દિવસે એક મકાનમાં હોઈશું.


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦
મો. ૯૮૯૮૬૬૭૭૪૧


**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર
તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને
વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ
અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
**☞ બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**





smart
future and beyond

The Fastest Growing Gadget Brand

Products Available In All Leading Gadget Stores

For Distribution Enquiries
sales@artellect.in +91 81403 45440

We Are Always On The Look For Dynamic Professionals Of Our Futuristic Company.
For Careers, Contact at operations@smartinfocomm.com

@E ARTELLECT step to next level


www.smartinfocomm.com

-:બુકીંગ સંપર્ક:-

હસન અબ્બાસ જી.ડોડીયા : Mo.-76008 01883

ઈમ્દાદ અલી સાલેહ : Mo.-99250 71486

# HONEST RESIDENCY




લે-આઉટ પ્લાન

| SALABLE AREA TABLE | | |
|---|---|---|
| NO. | AREA IN MT. | AREA IN FEET. |
| 01 | 119.89 | 1290.01 |
| 02 | 83.81 | 901.79 |
| 03 | 83.81 | 901.79 |
| 04 | 83.81 | 901.79 |
| 05 | 83.81 | 901.79 |
| 06 | 96.28 | 1035.97 |
| 07 | 96.28 | 1035.97 |
| 08 | 83.81 | 901.79 |
| 09 | 83.81 | 901.79 |
| 10 | 83.81 | 901.79 |
| 11 | 139.18 + 111.02 (open) | 1497.57 + 1194.57 (open) |
| 12 | 154.15 + 128.77 (open) | 1658.65 + 1385.56 (open) |
| 13 | 97.52 | 1049.32 |
| 14 | 97.52 | 1049.32 |
| 15 | 97.52 | 1049.32 |
| 16 | 97.52 | 1049.32 |
| 17 | 97.52 | 1049.32 |
| 18 | 60.48 | 650.76 |
| 19 | 79.67 | 857.24 |
| 20 | 86.37 | 929.34 |
| 21 | 91.49 | 984.43 |
| 22 | 96.60 | 1039.41 |
| 23 | 108.49 + 140.93 (open) | 1167.35 + 1516.40 (open) |




કી-પ્લાન



# મીર અનીસના મરસિયા

**મરસિયા–3** (ગતાંકનું ચાલુ) **مرثیہ-۳**

**ઇમામ હુસૈન (અ.)ની મદીનાથી સફર, કરબલામાં આગમન અને શહાદતનો પ્રસંગ**

**امام حسین علیہ اسلام کا مدینے کا سفر ورودِ کربلا و واقعاتِ شہادت**

زینبؑ کے دونو بیٹوں کو اس دم رہی نہ تاب    جا کر حرم سرا میں کہا باصد اضطراب
حاکم کے گھر میں جاتے ہیں شاہِ فلک جناب    اماں ہمارے نیمچے لا دیجیے شتاب
بگڑے گی گر تو خون کے دریا بہائیں گے
کام آج بھی نہ آئے تو کس کام آئیں گے

**ઝૈનબ કે દોનોં બેટોં કો ઈસ દમ રહી ન તાબ    જાકર હરમસરા મેં કહા બા સાદ ઈઝતિરાબ**
૬
**હાકિમ કે ઘર મેં જાતે હય શાહે ફલક જનાબ    અમ્મા હમારે નીમચે લા દીજિયે સિતાબ**
**બિગડેગી ગર તો ખૂન કે દર્યા બહાયેંગે**
**કામ આજ ભી ન આયેંગે તો કિસ કામ આયેંગે**

(હઝરત બીબી ઝૈનબ (અ.)ના બન્ને બેટાઓમાં સહનશક્તિ બાકી ન રહી. ઘરમાં જઈને ખૂબ જ વ્યાકુળતાપૂર્વક કહેવા લાગ્યા, મામૂજાન હુસૈન હાકિમના ઘેર જઈ રહ્યા છે. અય અમ્મા ! અમારી નાનકડી તલવારો જલ્દીથી લાવી દો. જો વાત બગડી જશે તો અમે ખૂનના દરિયા વહાવી દઈશું. આજે મામૂજાનના કામમાં નહીં આવીએ તો પછી ક્યારે આવીશું ?)

سُن کر سخن یہ ہو گیا زینبؑ کا رنگ زرد    آنسو بھر آئے آنکھوں میں اُٹھا جگر میں درد
بولی کلیجہ تھام کے اور بھر کے آہِ سرد    کیا والیٔ مدینہ ہے آمادۂ نبرد؟
ایسی علیؑ کے لال سے تقصیر کیا ہوئی
کیا جرم کیا گناہ ہُوا کیا خطا ہوئی

૭
સુન કર સુખન યે હો ગયા ઝૈનબ કા રંગ ઝર્દ
આંસૂ ભર આયે આંખોં મેં ઉઠા જિગર મેં દર્દ
બોલી કલેજા થામ કે ઔર ભર કે આહેં સર્દ
કયા વાલીએ મદીના હય આમાદાએ નબર્દ
ઐસી અલી કે લાલ સે તકસીર કયા હુઈ
કયા જુર્મ, કયા ગુનાહ, હુવા કયા ખતા હુઈ

(આ શબ્દો સાંભળીને બીબી ઝૈનબ (અ.)ના ચહેરાનો રંગ પીળો પડી ગયો. આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં અને કલેજામાં દર્દ ઉઠ્યું. પોતાનું કાળજું કઠણ કરીને અને ઠંડો નિસાસો નાખીને બીબી ઝૈનબ કહેવા લાગ્યાં, શું મદીનાનો વાલી જંગ કરવા માટે તત્પર થઈ ગયો છે ? મારા ભાઈએ શું અપરાધ કર્યો છે ? શું ગુનો કર્યો છે ? એમનાથી શું ગફલત થઈ છે ?)

ہے ملک سے غرض نہ اسے حبّ جاہ ہے
قبضے میں نے خزانہ ہے اور نے سپاہ ہے
لوگوں سے رابطہ ہے نہ غیروں سے راہ ہے
جائے نشست قبرِ رسالت پناہ ہے
ناحق یہ ظلم، حق سے نہیں لوگ ڈرتے ہیں
جنگ اس سے جس غریب پہ فاقے غزرتے ہیں

૮
હય મુલ્ક સે ગરઝ ન ઉસે હુબ્બે જાહ હય
કબ્ઝે મેં ન ખઝાના હૈ ઔર ન સિપાહ હય
લોગોં સે રાબ્તા હય ન ગૈરોં સે રાહ હય
જાએ નશિસત કબ્રે રિસાલત પનાહ હય
નાહક યે ઝુલ્મ, હક સે નહીં લોગ ડરતે હૈં
જંગ ઈસસે જિસ ગરીબ પે ફાકે ગુઝરતે હૈં

(બીબી ઝૈનબ (અ.) કહેવા લાગ્યાં કે મારા ભૈયાને ન તો કોઈ મુલક જોઈએ છે કે ન પ્રતિષ્ઠાનો મોહ છે. તેમના કબજામાં ન તો કોઈ ખજાનો છે કે ન કોઈ લશ્કર છે. તેમને તો ન લોકો સાથે કોઈ સંબંધ છે કે ન બીજાઓના રસ્તા પર ચાલે છે. એમના બેસવાની જગ્યા તો રસૂલલ્લાહ (સ.)ની મુબારક કબર છે. નાહકનો આ જુલ્મ થઈ રહ્યો છે. હક બાબતથી લોકો ડરતા નથી. એવા ગરીબ સાથે જંગ કે જેમના દિવસો ફાકામાં ગુઝરી રહ્યા છે.)

ناناؐ ہیں نہ اس کے سر پہ نہ حیدرؑ ہیں نے حسنؑ
صدقے غریب بھائی پہ ہو جائے یہ بہن
زندہ ہے جب تلک یہ تو جیتے ہیں پنجتنؑ
مرضی ہو دوشمنوں کی تو ہم چھوڑدیں وطن
گریاں ملے گا چین نہ زہراؑ کی جائی کو
جنگل میں جا رہے گی بہن لے کے بھائی کو

૯
નાના હૈં ન ઉસ કે સર પે ન હૈદર હૈં ન હસન
સદકે ગરીબ ભાઈ પે હો જાયે યે બહન
ઝિંદા હય જબ તલક યે તો જીતે હૈં પંજેતન
મર્ઝી હો દુશ્મનોં કી હમ છોડ દેં વતન
ગર યાં મિલેગા ચૈન ન ઝહરા કી જાઈ કો
જંગલ મેં જા રહેગી બહન લે કે ભાઈ કો

(એમના માથા ઉપર ન તો નાનાનો સાયો છે કે ન હૈદરનો કે ન ભાઈ હસનનો. આવા ગરીબ ભાઈ પર બહેન કુરબાન થઈ જાય. જ્યાં સુધી પંજેતન પાક (અ.) જીવતા છે ત્યાં સુધી આ લોકો બળતા રહેવાના. જો દુશ્મનોની એવી મરજી હોય તો અમે વતન છોડીને ચાલ્યા જઈએ. અગર ફાતેમા (અ.)ની દીકરી ઝૈનબને અહીં ચેન નહીં મળે તો તે ભાઈને લઈને જંગલમાં રહેવા જશે.)

بھائی کو میرے پاس بلاؤ سُنوں میں حال — کیا بات ہے جو خاطر اقدس پہ ہے ملال
تنہا چلا نہ جائے کہیں فاطمہ کا لال — بھائی پہ کچھ بنے گی تو کھولوں گی سر کے بال
شاید دغا ہو جنگ کا ساماں کیے چلیں
حاکم کے گھر میں ساتھ مجھے بھی لیے چلیں

**ભાઈ કો મેરે પાસ બુલાઓ સુનૂં મૈં હાલ — ક્યાબાતહયજોખાતિરેઅકદસપેહયમલાલ**
**તન્હા ચલા ન જાએ કહીં ફાતેમા કા લાલ — ભાઈ પે કુછ બનેગી તો ખોલૂંગી સર કે બાલ**
**શાયદ દગા હો જંગ કા સામાં કીયે ચલેં**
**હાકિમ કે ઘર મેં સાથ મુઝે ભી લિયે ચલેં**

(મારા ભાઈને મારી પાસે બોલાવો કે જેથી હું તેમની હાલત વિષે સાંભળું. એવી શું બાબત છે કે તેમના પાક દિલ પર રંજ છે. ક્યાંક ફાતેમાનો લાલ એકલો ચાલ્યો ન જાય. ભાઈના ઉપર કોઈ બાબત બનશે તો માથાના વાળ ખોલી નાખીશ. કદાચ જંગના દગાની બાબત હોય તો વ્યવસ્થા કરીને જાય. હાકિમના ઘરમાં મને પણ સાથે લઈ જાય.)

અકબરઅલી
ફોન : ૦૨૭૭૨ - ૨૪૮૩૯૭
મો. : ૯૪૨૮૬ ૪૬૪૨૯

Bhagyoday
DAIRY

દુધ • દહીં • ઘી • છાશ • પનીર • લસ્સી
પેડા • હલવો • બાસુંદી • શ્રીખંડ • કેરીનો રસ (મેન્ગો મિલ્ક શેક)

ભાગ્યોદય ડેરી, બગીચા વિસ્તારના નાકે,
પોલોગ્રાઉન્ડ, હિંમતનગર.

પ્રસ્તુતકર્તા : એપિટમિ ડેરી ફાર્મ (મક્તબા જાફરીયા), ડૉ. નજરઅલી એચ. માંકણોજીયા (કાકોશી)

## વિષાણુઓ (વાઈરસ)થી થતા રોગો

### : બબેસીઓસીસ (લાલ પેશાબનો રોગ) :

ગાય અને ભેંસના લોહીના લાલ કણોમાં મળતા બબેસીયા નામના પ્રજીવાણુઓથી થતો આ રોગ ખૂબ જ હાનિકારક છે. આ પ્રજીવાણુઓ લાલ કણોમાં જામફળ આકારમાં જોડીમાં જોવા મળે છે.

જાનવરોમાં આ પ્રજીવાણુઓનો વિકાસ લાલકણો (રક્તકણો)માં થાય છે અને તેનું પ્રસારણ લોહી ચૂસતા જીગોડા (માદા ઈતરડી) ઈતરડી કે કથીરી મારફત થાય છે. માદા ઈતરડી જ્યારે રોગી જાનવરને લોહી ચૂસવા માટે ચોંટે છે ત્યારે લોહી સાથે પ્રજીવાણુઓનો વિકાસ લાલકણો (રક્તકણો)માં થાય છે અને પછી તેના અંડાશયમાં પ્રવેશે છે. માદા ઈતરડી જે ઈંડાં મૂકે છે તેમાં પ્રજીવાણુઓ જાનવરના શરીરમાં દાખલ થાય છે અને રોગ લાગું પડે છે.

જાનવરના શરીરમાં ઈતરડી મારફત પ્રજીવાણુઓ દાખલ થયા બાદ ૧ થી ૨ અઠવાડિયાના સમયમાં રોગના લક્ષણો દેખાય છે. શરૂઆતમાં જાનવરને ૧૦૬-૧૦૮૦ ફે. ડિગ્રી જેટલો તાવ આવે છે. ૨ થી ૭ દિવસ સુધી ચાલુ રહે છે. જ્યારે તાવ ૧૦૮૦ ફે. જેટલો થાય ત્યારે ૭૫ ટકા જેટલા રક્તકણો નાશ થઈ જાય છે. આને પરિણામે લોહી પાતળું પાણી જેવું થઈ જાય છે. આવા જાનવરોને ઘેરો લાલ અથવા કથ્થાઈ (કાળી કોફી) રંગનો પેશાબ થાય છે. કમળો થાય છે. ઉગ્ર પ્રકારના રોગમાં લક્ષણો દેખાયા બાદ ૪ થી ૬ દિવસમાં જાનવર મરણ પામે છે. આ અવસ્થામાંથી બચી ગયેલા જાનવરોને દીર્ઘકાલીન પ્રકારનો રોગ લાગુ પડે છે. આ અવસ્થામાં જાનવરો નબળાં પડી જાય છે, પરંતુ જો સારવાર આપવામાં આવે તો જાનવર સાજું થઈ જાય છે.

કેટલીક વખત જાનવરોના મગજમાં પણ પ્રજીવાણુઓ પહોચે છે. આવા વખતે જાનવરને ૧૦૬૦ – ૧૦૭૦ ફે. જેટલો તાવ આવે છે. શરીર ધ્રુજે છે, જાનવર ભાન ગુમાવી દે છે અને લક્ષણો દેખાયા બાદ ૧૨ થી ૩૬ કલાકમાં જ જાનવરનું મૃત્યુ થાય છે.

**નિદાન :** માદા જાનવરનું લોહી તપાસીને રોગનું નિદાન કરી શકાય છે.

**ઉપચાર :** નીચેના ઔષધો વપરાય છે.

| **દવાનું નામ** | **માત્રા** | **આપવાની રીત** |
|---|---|---|
| ટ્રીપેન બ્લ્યુ | ૧૦૦ મિલી ૧ થી ૨% દ્રાવણ | લોહીની નસમાં |
| એક્રીફ્લેવીન | ૨૦ મિલી ૨ % દ્રાવણ | લોહીની નસમાં/સ્નાયુમાં |
| બેરેનીલ | ૦.૮ મિ.ગ્રા./કિ.ગ્રા. વજને | માંસપેશીમાં |
| પાયરેવાન | ૧ મિલી/કિ.ગ્રા. શરીર (એકાપ્રોન બેબેસાન એકાપ્રીન) વજને ૫% દ્રાવણ | ચામડી નીચે |

**નિયંત્રણ :** ઈતરડીનો ઉપદ્રવ અટકાવવાથી રોગ ફેલાવો અટકાવી શકાય છે.



# જ્ઞાનગોષ્ઠિ

સંપાદક : મોમિન રત્ન

## વસિયત વિષે

**મીરાસ :**

સમાએ અબી બસીરથી, તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરી છે કે હઝરત અમીરુલ મોમિનીન (અ.) ઈર્શાદ ફરમાવ્યા કરતા હતા કે એ કે જે રેતીના ઢગલાઓના રજકણે રજકણનો હિસાબ રાખે છે તે જાણે છે કે ભાગ છથી વધારે નહીં હોય, અગર લોકો એનાં કારણોને જાણી લે તો તે આ છને કદાપિ ઓળંગશે નહીં. (૫૬૦૦)

સૈફ બિન ઉમૈરાએ અબૂ બક્ર હઝમીથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે ઈબ્ને અબ્બાસ કહ્યા કરતા હતા કે એ કે જે રણપ્રદેશના એકેએક રજકણનો હિસાબ રાખે છે તે જાણે છે કે ભાગ છથી વધારે નથી હોતા. (૫૬૦૧)

ફઝલ બિન શાઝાને મોહંમદ બિન યહ્યાથી, તેમણે અલી બિન અબ્દુલ્લાહથી, તેમણે યાકૂબ બિન ઈબ્રાહીમ બિન સઅદથી, તેમણે પોતાના બાપથી રિવાયત કરી. તેમણે કહ્યુ કે મારા વાલિદે મને બયાન કર્યું રિવાયત કરતાં મોહંમદ બિન ઈસ્હાકથી, તેમનું બયાન છે કે મને બયાન કર્યું ઝહરીએ રિવાયત કરતાં ઓબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉકબાથી, તેમનું બયાન છે, એક વખત હું ઈબ્ને અબ્બાસ (રઝી.અ.)ની ખિદમતમાં બેઠેલો હતો તેવામાં મારી સામે ફરાઈઝની વાત નીકળી તો ઈબ્ને અબ્બાસે કહ્યું, પાકોપાકીઝા છે ખુદાએ બુઝુર્ગો બરતર, શું તમે લોકો જુઓ છો કે એ કે જે રેતીના ઢગલાના એકેએક રજકણની ગણતરી રાખે છે, તેણે (છોડેલા) માલમાં અડધો અને અડધો અને ૧/૩ રાખ્યો છે, તો આ બન્ને અડધામાંથી તો પૂરો માલ જ ખતમ થઈ ગયો. હવે ૧/૩ ક્યાં બાકી રહ્યો છે ? તો ઝફર બિન ઔસ બસરીએ કહ્યું, અય ઈબ્ને અબ્બાસ ! સૌથી પહેલાં ફરાઈઝમાં કોણે ઊલ અને ઝિયાદતી કરી ? (તેમણે) કહ્યું, રમૂએ. જ્યારે તેમની સામે ફરાઈઝનો મસઅલો રજૂ થયો અને એકબીજાથી ટકરાવા લાગ્યા તો તેમણે કહ્યું, અલ્લાહની કસમ, હું નથી જાણતો કે કોને મુકદ્દમ કરું અને કોને મુવખ્ખર (રદ) કરું. તેથી હું કોઈ વસ્તુ આનાથી વધારે આસાન નથી સમજતો કે તમારા લોકોમાં આ માલ હિસ્સાઓની સાથે વહેંચી દઉં, તેથી તેમણે દરેક હકદાર પર ઊલ કરીને ફરીઝાને વધારી દીધો અને ખુદાની કસમ, અગર અલ્લાહે જેને મુકદ્દમ કર્યો છે, તેને મુકદ્દમ રાખજો અને જેને અલ્લાહે મુવખ્ખર કર્યો છે તેને મુવખ્ખર રાખજો, તો કોઈ ફરીઝો વધારે ન હોત, તો ઝફર બિન ઔસે તેમને અરજ કરી કે એ બન્નેમાંથી કોને મુકદ્દમ કર્યા છે અને તે બન્નેમાંથી કોને મુવખ્ખર કર્યા છે ? તો તેમને જવાબ આપ્યો કે જેને અલ્લાહ તઆલાએ નીચે ઉતારીને બીજા ફરીઝા પર કરી દીધો છે. તેને અલ્લાહ તઆલાએ મુકદ્દમ કર્યો છે. તે ઝૌજ (શોહર) છે તેના માટે અડધો છે. અગર કોઈ એવો દખીલ થયો કે જેણે તેને તેનાથી હટાવ્યો તો પછી તે રબૂઅ (૧/૪) પર આવી જશે અને એ રબૂઅ (૧/૪)

થી તેને કોઈ નહીં હટાવે, અને ઝૌજાના માટે રબ્અ (૧/૪) છે. અગર તે અહીંથી હટે તો પછી તેના માટે આઠમો ભાગ છે અને તેનાથી તેને કોઈ હટાવશે નહીં, અને માના માટે ૧/૩ છે અગર તેણી ત્યાંથી હટી તો છઠ્ઠા ભાગ પર આવી જશે અને ત્યાંથી તેને કોઈ નહીં હટાવે તો આ જ એ ફરાઈઝ છે કે જેમને અલ્લાહ તઆલાએ મુકદ્દમ કર્યા છે, પરંતુ જે ફરાઈઝ કે જેમને અલ્લાહ તઆલાએ મુવખ્ખર કર્યા છે તે દીકરીઓ અને બહેનો છે. તેમના માટે અડધો છે, અગર તે એક હોય અથવા અગર તે બે હોય અથવા બેથી વધારે હોય તો બે તૃત્યાંશ અને અગર બીજા ફરાઈઝે તેમને ત્યાંથી હટાવી દીધા તો તેમના માટે કંઈ નહીં હોય, સિવાય એના કે જે બાકી રહી જશે, તો તે એ છે કે જેમને અલ્લાહ તઆલાએ મુવખ્ખર કર્યો છે, અને અલ્લાહ તઆલાએ જેમને મુકદ્દમ કર્યા છે અને જેમને મુવખ્ખર કર્યા છે અગર તે બન્ને ભેગા થઈ જાય તો જેમને અલ્લાહ તઆલાએ મુકદ્દમ કર્યા છે તેનાથી શરૂઆત કરવામાં આવશે અને તેનો હક સંપૂર્ણ આપવામાં આવશે. પછી કંઈ બાકી રહી ગયું તો તે મુવખ્ખરને આપવામાં આવશે અને કંઈ બાકી ન રહ્યું તો તેના માટે કંઈ નથી. તો ઝફર બિન ઔસે તેમણે કહ્યું કે રમ્અને એવો મશ્વેરો આપવાથી આપણને કોણે રોકયા ? તો ઈબ્ને અબ્બાસે કહ્યું કે તેમની હૈબતે. ઝહરીનો કોલ છે કે ખુદાની કસમ, અગર ઊલ તે ઈમામે અદ્લના તરફથી અસ્તિત્વમાં ન આવ્યો હોત કે જેનો દરેક હુકમ વરૂઅ અને એહતિયાતની બિના પર થતો હતો તે હુકમ નાફિઝ ન કરત અને તેના ઉપર અમલ શરૂ ન થઈ જતો તો ઈલ્મવાળામાંથી બે ખાસ માણસો પણ ઈબ્ને અબ્બાસથી ઈખ્તેલાફ કરવાવાળા ન થાત. (૫૬૦૨)

(૫૬૦૩) ફઝલનું કહેવું છે અને અબ્દુલ્લાહ બિન વલીદ અદની કે જે સુફિયાનના સહાબી હતા, તેમણે બયાન કર્યું કે મને બયાન કર્યું અબુલ કાસિમ કૂફીએ કે જેઓ અબૂ યૂસુફના મસાહિબ હતા. તેમણે અબૂ યૂસુફથી રિવાયત કરી. તેઓ કહે છે કે બયાન કર્યું મને લૈસ બિન અબી સલીમે રિવાયત કરતાં અબી ઉમરૂ અબ્દીથી, તેમણે ઈબ્ને સુલયમાનથી, તેમણે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.)થી કે આંહઝરત (સ.) ફરમાવ્યા કરતા હતા કે ફરાઈઝના (મીરાસની વહેંચણીના) છ ભાગ છે, બે તૃત્યાંશના ચાર ભાગ, અડધાના ત્રણ ભાગ, એક તૃત્યાંશના બે ભાગ અને રબ્અ (૧/૪)નો એક ભાગ અને અડધા અને છઠ્ઠા ભાગના ત્રણ ચોથા ભાગ. દીકરો મોજૂદ હોય તો તેણી સાથે કોઈ વારિસ નહીં હોય, સિવાય માબાપ અને શોહર અને ઝૌજા (પત્ની)ના, અને સ્ત્રીને દીકરા અને ભાઈ સિવાય અને કોઈ ત્રીજા ભાગથી મહજૂબ નહીં કરે અને શોહરને અડધાથી વધારે નહીં આપવામાં આવે અને ન રબ્અ (૧/૪)થી ઓછું આપવામાં આવશે અને સ્ત્રીને ન કદી રબ્અ (૧/૪)થી વધારે કે ન કદી ૧/૮થી ઓછું મેળવશે ભલેને પછી તે ચાર હોય કે એનાથી ઓછા. તે બધા આમાં બરાબર બરાબર મેળવશે, અને મા તરફથી ભાઈબહેન ૧/૩થી વધારે કદી નહીં મેળવે અને ન છઠ્ઠા ભાગથી કદી ઓછું મેળવશે અને એમાં પુરુષ અને સ્ત્રી બધા બરાબર હશે અને તેમનામાં દીકરાઓ અને બાપ સિવાય ૧/૩થી કોઈ મહજૂબ નહીં કરે અને દીત તે લોકો પર વહેંચણી કરવામાં આવશે કે જે મીરાસના હકદાર છે.

ફઝલ બિન શાઝાન કહે છે કે આ હદીસ

સાચી છે અને કિતાબે ખુદા અનુસાર છે, અને તેમાં એ અમ્રની દલીલ છે કે દીકરાની મોજૂદગીની સાથે ભાઈ અને બહેન કોઈ મીરાસ નહીં મેળવે, અને ન દીકરાની મોજૂદગીની સાથે દાદા કોઈ મીરાસ મેળવશે અને તેમાં એ બાબતની પણ દલીલ છે કે મા તરફથી ભાઈ માને મીરાસથી મહજૂબ નહીં કરે.

અને અગર કોઈ કહેનારો એવું કહે કે આ હદીસમાં વાલિદ કયાં ગયો છે ? વાલેદૈન અને વાલિદા નથી કહેવામાં આવ્યું. તો તેને કહેવામાં આવશે કે એ જાઈઝ છે. જેવી રીતે કહેવામાં આવે છે વલદ અને તેનાથી મુરાદ દીકરા અને દીકરીઓ બન્ને હોય છે અને કયારેક માને પણ વાલિદ કહેવામાં આવે છે. જયારે તેમને બાપની સાથે ભેગી કરી લેવામાં આવે. અલ્લાહ તઆલાના આ કોલના આધારે કે وَلِاَبَوَيْهِ لِكُلِّ وَاحِدٍ مِّنْهُمَا السُّدُسُ (સૂરા નિસા આયત-૧૧) (અને બન્ને બાપમાંથી દરેકના માટે છઠ્ઠો ભાગ છે.) તો બન્ને બાપમાંથી એકથી મુરાદ મા છે અને એવી જ રીતે અલ્લાહ તઆલાનો આ કોલ اَلْوَصِيَّةُ لِلْوَالِدَيْنِ وَالْاَقْرَبِيْنَ (સૂરા બકરા, આયત-૧૮૦) (વસિયત કરવી મા અને બાપના માટે અને રિશ્તેદારોના માટે) તો આ વાલેદૈનમાંથી એક મા જ મુરાદ છે અને અલ્લાહ તઆલાએ માનું પણ વાલિદ નામ રાખ્યું છે, જેવી રીતે તેનું રબ નામ રાખવામાં આવ્યું છે. આ બિલકુલ સ્પષ્ટ અને રોશન છે. અલ્હમ્દોલિલ્લાહ.

અને હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે મીરાસના ભાગ છ છે તેનાથી વધારે નથી, કેમ કે માણસ છ વસ્તુઓથી બનેલો છે તેથી અલ્લાહ તઆલાનો કોલ છે : وَلَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ مِنْ سُلٰلَةٍ مِّنْ طِيْنٍ (સૂરા મોઅમિનૂન, આયત-૧૨) (અને અમોએ બનાવ્યો આદમીને સડેલી માટીમાંથી.)

અને બીજું કારણ એ છે કે એ વારિસો કે જે હંમેશાં વિરાસત મેળવશે, કદી સાકિત નહીં થાય, તે જ છે. માબાપ, બેટા, બેટી, ઝૌજ, ઝૌજા. (૫૬૦૪)

## શબ્દ પરિચય

### લંગર

**લંગર :** (لنگر) લંગર ફારસી ભાષાનો શબ્દ છે જેના જુદા જુદા અર્થ થાય છે : (૧) વહાણનું લંગર (૨) લોખંડની સાંકળ (૩) નુપૂર, ઝાંઝર (૪) સદાવ્રતખાનું (એ જગ્યા કે જ્યાં ગરીબો કે ફકીરોને દરરોજ ભોજન આપવામાં આવે.) (૫) મોટા માણસનું રસોડું (૬) તંબૂ બાંધવાનું મોટું દોરડું (૭) પહેલવાનનો લંગોટ (૮) ધડની નીચેનો ભાગ (૯) બોજ, વજન. આ શબ્દ ઉપરથી બનતા બીજા શબ્દો અને રૂઢિપ્રયોગો જોઈએ. **લંગરઅંદાઝ** - સમુદ્રમાં રોકાયેલું (જહાજ) **લંગરઅંદાઝી** - લંગર દ્વારા સમુદ્રમાં જહાજનો પડાવ **લંગર ઉઠાના** - (૧) વહાણ રવાના કરવું (૨) વિદાય લેવી (૩) ગરીબ માણસોનું જમણ ચાલુ કરવું **લંગરકા ટુકળા** - દાનનું ભોજન, ભીખ **લંગરકા બોઝ** - ખૂબ જ ભારે, ખૂબ જ વજનદાર **લંગરખાના** - સદાવ્રતખાનું (ભૂખ્યા ગરીબ માગનારાઓને અન્ન આપવાનું સ્થળ) **લંગરગાહ** - લંગર નાખવાની કે લાંગરવાની જગ્યા.

તા.૨૩/૮/૨૦૧૪ અને તા.૨૪/૮/૨૦૧૪ના રોજ યોજાયેલ **'ઉર્વતુલ વુસ્કા'** પ્રોગ્રામની ડી.વી.ડી.નું વેચાણ ચાલુ છે. જેમને પણ આ પ્રોગ્રામની ડી.વી.ડી. મેળવવી હોય તો મક્તબા જાફરીયા ખાતે મળી રહેશે.

અલ્તાફહુસૈન પટેલ - ૯૯૦૪૭૮૭૪૪૦

શાહિદઅલી પટેલ - ૯૭૨૫૧૭૭૪૨૯

Zakir Hussain Y. Batti (Badarpur)
**98 79 66 20 66**

Aashiqali H. Momin (Dhroda)
**99 749 87 901**




PLASTIC CONTAINER | PACK LUCH TRAY | PACK LUCH COVER



PLASTIC SPOON | PLASTIC BAG | GARBAGE BAG



SILVER CONTAINER | Up Side Square & Owl Lid



SILVER FOIL | PAPER NAPKIN | TOOTHPICKS

**ALL TYPES OF RESTAURANT DISPOSABLE MATERIAL AVAILABLE**

# PERENNIAL PACKAGING

17, Aeroma Estate, B/h. Samrat Hotel, Nr. City Puls, Sarkhej Road,
Ahmedabad - 380055, Email : perennialpack@gmail.com

**Customer Care No.: 99 241 44 429, 99 798 68 429**

# આપણા ઘરની વાતો

**● હલ્કા આલિમા ગૈર મોઅલ્લમા - મુદર્રિસા વર્કશોપ :**

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ, ઝહીરાબાદ - હિંમતનગર ખાતે સાબરકાંઠા વિભાગમાં સેવા આપતા હલ્કા આલિમા ગૈર મોઅલ્લમાના મુદર્રિસા બહેનોનો દર મહિને વર્કશોપ યોજવામાં આવે છે. બાવીસી લેવલે અલગ-અલગ વિભાગમાં પણ આ રીતે વર્કશોપનું નિયમિત આયોજન કરવામાં આવે છે. જેમાં જમાઅતનો ઉમદા સાથ અને સહકાર તેમજ જરૂરી યોગદાન મળી રહેલ છે. જે ખૂબ પ્રશંસાને પાત્ર છે. ઝહીરાબાદ-હિંમતનગર ખાતે યોજાતા વર્કશોપમાં નીચે મુજબના મોમિનો તરફથી યોગદાન મળેલ છે.

- રૂા.૧,૫૦,૦૦૦/- મો. ઈસ્માઈલભાઈ મુજાવર (કાકોશી) તરફથી ઝહીરાબાદ ખાતેના વર્કશોપ માટે એ.સી., બેન્ચીસ, ચેર વિગેરે સાધન-સામગ્રી વસાવવા પેટે મળેલ છે.

મુદર્રિસા બહેનોને તબક્કાવાર જમણવારનું નિયાઝ પૂરું પાડનાર દાતાઓ :

- મો. મિકદાદઅલી ઈસ્માઈલભાઈ ગોદડ (કિશોરગઢ)
- મો. અકબરઅલી યાકૂબભાઈ વાઘ (ઈલોલ-તલાવ)
- મો. શબ્બીરહસન નશીરભાઈ બલોસપુરા (ઈલોલ-પહાડીયા)
- રૂા. ૫૦૦૦/- મો.ખાદિમહુસૈન ગુલામહુસૈન સુરપુરા (યાદગાર ફેશનવેર, ઈડર-ઈમાનપુરા કંપા) તરફથી જમણવારના નિયાઝ પેટે.
- રૂા. ૩૦૦૦/- મો.વજીરભાઈ નશીરભાઈ પરબડીયા (સુરપુર) તરફથી.
- રૂા. ૫૦૦/- મો.મોહંમદરઝા ગુલામહુસૈન લોઢા (ઈલોલ-પહાડીયા ) તરફથી.

આ નેક કાર્યમાં યોગદાન બદલ અલ્લાહ તઆલા દાતાઓને સલામતી અને તંદુરસ્તી અતા કરે, તેમની નેક મુરાદો પૂરી કરે તેમજ તેઓના મર્હૂમોના ગુના માફ કરી જન્નત નસીબ કરે તેવી શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળ દુઆ ગુઝારે છે, આમીન.

નોંધ : હાલમાં બાવીસી લેવલે સાત વિભાગમાં હલ્કા આલિમા ગૈર મોઅલ્લમાના વર્કશોપ યોજાય છે, જેમાં યોગદાન આપવા ઈચ્છતા દાતાઓએ જે તે વિભાગના વર્કશોપ સંચાલકનો અથવા નીચેના મોબાઈલ નંબર પર સંપર્ક સાધવા વિનંતી છે.

(૧) ૦૯૪૨૭૬૯૯૬૯૬૦ (૨) ૦૯૯૬૨૩૮૦૫૫૦

**● મહેર વિકાસ મંડળ દ્વારા ઇસ્લામિક જ્ઞાનવર્ધક લેખનસ્પર્ધા યોજાઈ.**

મહેર વિકાસ મંડળ, મુંબઈની યાદી જણાવે છે કે, તા.૧૩ શવ્વાલ, તા.૧૦/૦૮/૧૪ને રવિવારે મુંબઈમાં આવેલા જોગેશ્વરી, રામનગર (ગોરેગાંવ), મીરારોડ, કાશીમીરા, મુંબઈ સેન્ટ્રલ અને પઠાણવાડી


જમાઅતમાં વસતા મોમિન ભાઈબહેનો માટે 'મહેર વિકાસ મંડળ' દ્વારા ૧૫મી ઈસ્લામિક જ્ઞાનવર્ધક લેખનસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લેખનસ્પર્ધાનો મુખ્ય હેતુ મોમિનોના ઈલ્મમાં વધારો, મસઅલા મસાએલની જાણકારી, ઈસ્લામ વિષેની સમજણ, કુરઆન શિક્ષણ, અહાદીસ, વગેરેની માહિતી મેળવી અને તેને સમજીને પોતાના દિનચર્યામાં અમલીકરણ બનાવવાનો છે. આ સ્પર્ધામાં જોગેશ્વરીમાંથી (૯૬), રામનગર (ગોરેગાંવ)માંથી (૨૯), પઠાણવાડીમાંથી (૩૦), મીરારોડ અને કાશીમીરામાંથી (૨૪) એમ મળીને કુલ ૧૭૯ મોમિનોએ ભાઈબહેનોએ ભાગ લીધો હતો. નમાઝે ઝોહરૈન પછી તિલાવતે કલામે પાકથી શરૂ કરવામાં આવેલી લેખનસ્પર્ધા માટે મોમિનોએ અથાગ મહેનત કરીને લેખનસ્પર્ધાને સુંદર સ્વરૂપ આપ્યું હતું. લેખનસ્પર્ધાનો અભ્યાસક્રમ જાફરી આવાઝ (જુલાઈ-૨૦૧૩, જુન-૨૦૧૪) અને દીનિયાત (૪ અને ૫ વર્ષ)માંથી હતો. આ સ્પર્ધામાં સૌથી વધારે ગુણ મેળવી પઠાણવાડીમાં વસતા ગામ વેળાવાપુરાના મોમિન કામરાનઅલી વરાળીયાએ પ્રથમ ક્રમાંક હાંસિલ કર્યો હતો. ભાગ લેનાર દરેક મોમિન ભાઈબહેનોને મહેર વિકાસ મંડળ તરફથી ભેટ આપીને તેમની ઈલ્મ મેળવવાની જિજ્ઞાસાને પ્રોત્સાહન આપ્યું હતું. આ સ્પર્ધામાં જીતની બાજી બહેનોએ મારી હતી. ૨૦ વિજેતાઓમાંથી ૧૭ વિજેતાઓ તો ફક્ત બહેનોમાંથી જ હતી અને ભાઈઓમાં ૩ જણાને ઈનામ માટે પોતાની જગ્યા બનાવી હતી. આ કાર્યમાં મળેલી સફળતા બદલ શુક્રે રબ્બુલ આલમીનનું મહત્ત્વનું યોગદાન રહ્યું હતું. અલ્લાહ તઆલા આપણને આપણા ઈલ્મમાં વધારો કરે અને એકતા સાથે રહીને આપણા દીનના કાર્યો કરવાની શક્તિ આપે. આમીન.

● **વિઝડમ ઇંગ્લીશ સ્કૂલ, બાદરપુરનું ગૌરવ :**




મહેસાણા જિલ્લા બાળ વૉલીબોલ સ્પર્ધા ૨૦૧૪-૧૫ ઐઠોર મુકામે યોજાયેલ. જેમાં મહેર એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત, વિઝડમ ઈંગ્લીશ સ્કૂલ, બાદરપુરે વડનગર તાલુકાની વિજેતા ટીમ તરીકે ભાગ લઈ જિલ્લા કક્ષાએ ખેરાલુ તેમજ કડીની ટીમો સામે વિજય મેળવી ફાઈનલમાં પહોંચીને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. મહેસાણા જિલ્લાની રાજ્ય કક્ષાએ જનાર ટીમમાં સંસ્થાના નીચે પ્રમાણેના ચાર વિધાર્થીઓ પસંદગી પામી શાળા, સમાજ તેમજ ગામનું ગૌરવ વધારેલ છે. તે બદલ શાળા તેમજ મંડળ પરિવાર વિધાર્થીઓને તથા આ ટીમને કોચિંગ પૂરું પાડનાર મોહંમદભાઈ ધરખડ સાહેબને અભિનંદન પાઠવે છે. પસંદગી પામેલ વિધાર્થીઓના નામ (૧) મોમિન અકબરઅલી હસનઅલી (શેખપુર) (૨) કોડાલીયા કાસિમહુસૈન અબ્બાસઅલી (બાદરપુર) (૩) મોમિન આબિદહુસૈન મંજૂરઅલી (રસૂલપુર) (૪) હીરા અખ્લાકહુસૈન અબ્બાસઅલી (બાદરપુર) તથા સ્ટેન્ડ બાય (૫) બુશાળ ઈનામહૈદર ઝાકિરઅલી (બાદરપુર) હતા.


● **ઇન્નાલિલ્લાહે...:**



**સાથળ નિવાસી મર્હૂમ મોમિન ગુલામહુસૈન નૂરાભાઈ** મુ.તા. ૮, રમઝાન–૧૪૩૫, તા.૭/૭/૨૦૧૪ સોમવારના રોજ ૬૨ વર્ષની ઉંમરે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ⟶




⟵**ઈલોલ તલાવ નિવાસી મર્હૂમ મો.વલીભાઈ જેથરાભાઈ ડોડીયા** મુ.તા. ૨૮, શવ્વાલ–૧૪૩૫, તા.૨૫/૮/૨૦૧૪ સોમવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.



**મેતા નિવાસી મર્હૂમ મો.શરીફભાઈ નશીરભાઈ અસામદી (યાહ્યાખાન)** મુ.તા. ૨૮, શવ્વાલ–૧૪૩૫, તા.૨૫/૮/૨૦૧૪ને સોમવારના રોજ ૮૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ અને પીરાને તરીકતના ચાહક હતા. ⟶




⟵**બાદરપુર નિવાસી મર્હૂમા મો.અવલીબેન કમાલભાઈ ગોરા** મુ.તા. ૩, ઝિલ્કાદ–૧૪૩૫, તા.૩૦/૮/૨૦૧૪ને શનિવારના રોજ ૭૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક, રહેમદિલ, ઈમાનદાર, માયાળુ તથા મોહંમદ વ આલે મોહંમદનાં ચાહક હતાં.



**બાદરપુર નિવાસી મર્હૂમા મો.ફાતમાબેન (રતનબેન) ગાજીભાઈ સુથાર** મુ.તા. ૨૨, શવ્વાલ–૧૪૩૫, તા.૧૯/૮/૨૦૧૪ને મંગળવારના રોજ ૮૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક, માયાળુ, આશિકેહુસૈન અને મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદનાં ચાહક હતાં.⟶



⟵**બાદરપુર નિવાસી મર્હૂમા મો.કલીબેન રસૂલભાઈ રબડી** મુ.તા. ૪, ઝિલ્કાદ–૧૪૩૫, તા.૩૧/૮/૨૦૧૪ને રવિવારના રોજ ૯૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે માયાળુ, રહેમદિલ અને મોહંમદ વ આલે મોહંમદનાં ચાહક હતાં.




**સુરપુર નિવાસી મર્હૂમ મો.અકબરઅલી ઈબ્રાહીમભાઈ મસી** મુ.તા. ૩, ઝિલ્કાદ–૧૪૩૫, તા.૩૦/૮/૨૦૧૪ને શનિવારના રોજ ૩૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે માયાળુ, રહેમદિલ અને મોહંમદ વ આલે મોહંમદના ચાહક હતા. ⟶



⟵**ઈલોલ (પહાડીયા) નિવાસી મર્હૂમ મો.નજરમોહંમદ ઈસ્માઈલભાઈ ડોડીયા** મુ.તા. ૧૭ ઝિલ્કાદ–૧૪૩૫, તા.૧૩/૯/૨૦૧૪ને શનિવારના રોજ ૩૩ વર્ષની વયે


અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે માયાળુ, ઈમાનદાર, મિલનસાર અને મોહંમદ વ આલે મોહંમદ તથા પીરો મુરશિદના ચાહક હતા. તેમનામાં દરેકને સલામ પેશ કરવાનો ગુણ હતો.




**સેવાલણી નિવાસી મર્હૂમ મો.હસનઅલી ઈસ્માઈલભાઈ સુણસરા** મુ.તા.૨૬, રજબ–૧૪૩૫, તા.૨૬–૫–૨૦૧૪ને સોમવારના રોજ ૩૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નેક, હસમુખા અને અઝાદારીમાં આગળ પડતા હતા. ⟶




⟵**સેવાલણી નિવાસી મર્હૂમા મો.અમીનાબેન દાવૂદભાઈ સુણસરા** મુ.તા. ૨૩, રજબ–૧૪૩૫, તા.૨૩–૫–૨૦૧૪ને શુક્રવારના રોજ ૯૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદનાં ચાહક હતાં.



**સેવાલણી નિવાસી મર્હૂમા રમજીબેન જમાલભાઈ કડીવાલા** મુ.તા.૨૧, જમા. આખર–૧૪૩૫, તા.૨૩/૩/૨૦૧૪ને રવિવારના રોજ ૯૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા નૌહા અને મરસિયા પઢવામાં આગળ રહેતાં હતાં. તેઓ રમઝાનુલ મુબારકના રોઝાના પાબંદ હતા. તેઓ પીરો મુરશિદ અને મોહંમદ વ આલે મોહંમદનાં ચાહક હતાં. ⟶



⟵**વસો નિવાસી મર્હૂમ મોલ્વી મો.શેરઅલી ગુલામહુસૈન ભગત** મુ.તા. ૧, ઝિલ્કાદ–૧૪૩૫, તા.૨૮/૮/૨૦૧૪ને ગુરૂવારના રોજ ૬૭ વર્ષની વયે ટૂંકી માંદગી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નેક, ઈમાનદાર અને મહેમાનનવાઝ હતા. તેઓ મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદના ચાહક હતા. તેમણે વસોના 'મદ્રસએ રઝવીયા'માં આસિસ્ટન્ટ મુદર્રિસ તરીકે ૨૭ વર્ષ સુધી ફરજ બજાવી હતી. તેમણે જાફરી આવાઝ (માસિક)ની સ્થાપનાથી જ ખેડા જિલ્લાના પ્રતિનિધિ તરીકે ઘણી જ સેવા બજાવી છે.



**વાઘણા નિવાસી મર્હૂમ મો.હુસૈનમોહંમદ ઈસ્માઈલભાઈ કડીવાલ** મુ.તા. ૧૩, ઝિલ્કાદ–૧૪૩૫, તા.૯/૯/૨૦૧૪ને મંગળવારના રોજ ૨૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે માયાળુ, ઈમાનદાર, રહેમદિલ, મિલનસાર તથા આશિકે હુસૈન (અ.) અને મોહંમદ વ આલે મોહંમદના ચાહક હતા.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.


**જાહેરાત માટે સંપર્ક**

જાફરી આવાઝમાં જાહેરાત આપવા માટે મો.એહસાનઅલી ભોવણીયાનો સંપર્ક કરવો.
મો. ૯૪૨૮૨૨૦૯૨૭ / ૯૪૨૮૫૪૨૯૮૭

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૧૦૦/- મોમિન ગુલામઅબ્બાસ ગુલામહુસૈન કઠોરવાલા (જોગેશ્વરી-મુંબઈ) તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે તથા મર્હૂમ મોલ્વી હાજી ગુલામહુસૈન કમાલભાઈ તેમજ મર્હૂમા હાજીયાણી ખતીજા હાજી ગુલામહુસૈનની રૂહના સવાબ અર્થે.

**મો.મર્હૂમ વલીભાઈ જેઠરાભાઈ ડોડીયા (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.હસનઅલી ગુલામઅબ્બાસ ડોડીયા
રૂા.૧૦૦/- મો.આબિદઅલી ગુલામઅબ્બાસ ડોડીયા
રૂા.૨૦૦/- મો.હુસૈના વલીભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.અબ્બાસઅલી ગુલામઅલી ડોડીયા
રૂા.૧૦૦/- મો.કુલસૂમ આબિદઅલી હોલ્ડા
રૂા.૧૦૦/- મો.ઝહરા ગુલામઅબ્બાસ ભુરા
રૂા.૧૦૦/- મો.ફાતમા ઈબ્રાહીમભાઈ ભટ્ટા
રૂા.૧૦૦/- મો.સુગરા અબ્બાસઅલી મેમાયા
રૂા.૧૦૦/- મો.નૂરીબેન અબ્બાસભાઈ લોઢા
રૂા.૫૦/- મો.સકીના નૂરમહંમદ ડોડીયા
રૂા.૫૦/- મો.ખુદૈઝા નૂરમહંમદ દાંત્રેલિયા
રૂા.૫૦/- મો.સાકેરા મહંમદઅલી ડોડીયા
રૂા.૫૦/- મો.નૂરભાઈ જલાલભાઈ મસી
રૂા.૫૦/- મો.કુલસૂમ તાહેરઅલી ખાણશિયા
રૂા.૫૦/- મો.ફિઝ્ઝા ઝાહિદઅલી વિજાપુરા
રૂા.૫૦/- મો.હબીબા જાફરઅલી ડોડીયા
રૂા.૫૦/- મો.આબેદા નજરઅલી વિજાપુરા
રૂા.૫૦/- મો.સાબિરહુસૈન નશીરભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.ઈબ્રાહીમભાઈ દાવૂદભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.ગુલામહુસૈન નશીરભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.મહેમૂદહુસૈન નશીરભાઈ ડોડીયા
રૂા.૫૦/- મો.સાબેરા હસનઅલી ડોડીયા
રૂા.૫૦/- મો.નજમા અબ્બાસઅલી ખાણશિયા
રૂા.૫૦/- મો.હુસૈના નજરઅલી લોઢા
રૂા.૫૦/- મો.તાહિરા અનવરઅલી હોલ્ડા
રૂા.૫૦/- મો.હુસૈના શબ્બીરઅલી મતિયા
રૂા.૧૦૦/- મો.મોહંમદરઝા ઈબ્રાહીમભાઈ ડોડીયા
રૂા.૫૦/- મો.યાકૂબભાઈ ગુલામભાઈ લોઢા
રૂા.૫૦/- મો.મોહંમદઅલી જલાલભાઈ ભુરા
રૂા.૫૦/- મો.તાહિરા મોહંમદઅલી ભુરા

રૂા.૫૦/- મો.માસૂમાફાતમા એમ. ભટ્ટ (પીંપોદર) તરફથી માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પસંગે.

રૂા.૩૫/- મો.અમ્મારઅલી હાસમભાઈ ભગત (દમણ) તરફથી 'હૈદર વિકાસ મંડળ'ની રચના થઈ તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫/- મો.રહેમતફાતમા અમ્મારઅલી ભગત (દમણ) તરફથી દાદા-દાદીની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫/- મો.મેઅરાજફાતમા અમ્મારઅલી ભગત (દમણ) તરફથી દાદા-દાદીની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫/- મો.ઝાહિદઅલી અમ્મારઅલી ભગત (દમણ) તરફથી દાદા-દાદીની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મર્હૂમ મો.ગુલામહુસૈન નૂરાભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.અબ્બાસસઅલી એમ. રામસડા (કેસીમ્પા) તરફથી જિલ્લા પૂરવઠા મામલતદાર (જૂન-૨૦૧૪)માંથી નિવૃત થયા તેની ખુશાલી પ્રસંગે જાફરી આવાઝના ઉત્તેજન અર્થે.

રૂા.૩૦૦/- મો.અબ્બાસઅલી એમ. રામસડા (કેસીમ્પા) તરફથી તેમના પૌત્ર મોહંમદરઝા અને પૌત્રી તાહિરાફાતમાએ માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

**મર્હૂમ મો.વલીભાઈ ઈબ્રાહીમભાઈ પલસાણીયા (રસૂલપુર)ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૨૦૦/- મો.શબ્બીરઅલી વલીભાઈ પલસાણીયા

રૂા.૨૦૦/- મો.બાકિરઅલી વલીભાઈ પલસાણીયા

રૂા.૨૦૦/- મો.અસગરઅલી વલીભાઈ પલસાણીયા

રૂા.૧૦૦/- મો.રૂકસાનાબાઈ મોહંમદઅલી પલસાણીયા

રૂા.૧૦૦/- મો.રઈસાબાઈ ઝુલ્ફિકારઅલી કડીવાલ

રૂા.૧૦૦/- મો.નજમાબાઈ મોહંમદઅલી અસામદી

રૂા.૧૦૦/- મો.લાડુબેન વલીભાઈ પલસાણીયા

રૂા.૧૦૦/- મો.નજરઅબ્બાસ મોમિન (કઠોર) તરફથી તેમના દીકરી રૂકૈયાફાતમાએ માહે રમઝાનુલ મુબારકનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.સખાવતઅલી મોમિન (કઠોર) તરફથી તેમના દીકરા ઈર્શાદઅલીએ માહે રમઝાનુલ મુબારકનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

**મર્હૂમ મો.શરીફભાઈ નશીરભાઈ અસામદી (મેતા)ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૩૦૦૦/- મર્હૂમ મો.શરીફભાઈ નશીરભાઈ અસામદીના દિકરાઓ અને પરિવારજનો તરફથી.

રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલભાઈ નશીરભાઈ અસામદી

રૂા.૧૦૦/- મો.હબીબભાઈ નશીરભાઈ અસામદી

રૂા.૧૦૦/- મો.અનવરઅલી યૂસુફ અસામદી

રૂા.૧૦૦/- મો.ઈનામએહમદ ગુલામહુસૈન અસામદી

રૂા.૫૦૦/- મો.ગુલામહુસૈન અલીમદ સુણસરા (મુખી) અને તેમના પરિવારજનો તરફથી

રૂા.૫૦૦/- મો.વારીસઅલી ફૈજુલહુસૈન સુણસરા

રૂા.૫૦૦/- મો.આબિદહુસૈન ફૈજુલહુસૈન સુણસરા

રૂા.૫૦૦/- મો.મોહંમદઅલી શબ્બીરહસન સુણસરા

રૂા.૧૦૦૦/- મો.હૈદરઅલી ગાજીભાઈ સુથાર તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મો.હૈદરઅલી ગાજીભાઈ સુથાર તરફથી મર્હૂમ ગાજીભાઈ વલીભાઈ સુથારની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા ફાતમા (રતનબેન) ગાજીભાઈ સુથારની રૂહના સવાબ અર્થે.**

રૂા. ૫૦૦/- મો.ગુલામમોહંમદ ગાજીભાઈ સુથાર

રૂા. ૧૦૦૦/- મો.હૈદરઅલી ગાજીભાઈ સુથાર

રૂા. ૫૦૦/- મો.ઝહરાબેન હૈદરઅલી સુથાર

રૂા. ૨૫૦/- મો.અકબરઅલી ગુલામમોહંમદ સુથાર

રૂા. ૨૫૦/- મો.અસગરઅલી ગુલામમોહંમદ સુથાર

રૂા. ૫૦૦/- મો.મોહસિનઅલી હૈદરઅલી સુથાર

રૂા. ૪૪૦/- મો.શબ્બીરહસન હૈદરઅલી સુથાર

રૂા. ૧૧૦/- મો.સુગરા મોહસિનઅલી સુથાર

રૂા. ૨૦૦/- મો.ઝૈનબ યાકૂબભાઈ સુથાર

રૂા. ૨૦૦/- મો.કુલસૂમ નજરભાઈ સુથાર

રૂા. ૨૦૦/- મો.શીરીન સાકિરભાઈ સુથાર

રૂા. ૧૧૦/- મો.કુલસૂમફાતમા હૈદરઅલી સુથાર

રૂા. ૫૦/- મો.શબાના મંજૂરઅલી સુથાર
રૂા. ૫૦/- મો.નજમાબેન ઈમદાદઅલી સુથાર
રૂા. ૧૦૦/- મો.સુલેમાનભાઈ ગુલામભાઈ સુથાર

**મર્હૂમા મો.કલીબેન રસૂલભાઈ રાબડી (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૧૦૧/- મો.કમાલભાઈ રસૂલભાઈ રાબડી
રૂા.૫૦/- મો.સાયરાબાનુ કમાલભાઈ રાબડી
રૂા.૧૦૫/- મો.સાબિરહુસૈન કમાલભાઈ રાબડી
રૂા.૧૦૦/- મો.ઝહરા સાબિરહુસૈન રાબડી
રૂા.૫૧/- મો.મહેરબાનઅલી સાબિરહુસૈન રાબડી
રૂા.૫૧/- મો.તાહિરાફાતમા સાબિરહુસૈન રાબડી
રૂા.૧૦૫/- મો.અબ્બાસઅલી કમાલભાઈ રાબડી
રૂા.૫૧/- મો.ઝહરાબેન અબ્બાસઅલી રાબડી
રૂા.૫૧/- મો.કામયાબઅલી અબ્બાસઅલી રાબડી
રૂા.૫૧/- મો.અલ્તાફહુસૈન અબ્બાસઅલી રાબડી
રૂા.૧૦૫/- મો.ઈમદાદઅલી કમાલભાઈ રાબડી
રૂા.૫૧/- મો.જમીલા ઈમદાદઅલી રાબડી
રૂા.૫૧/- મો.રહીમાફાતમા ઈમદાદઅલી રાબડી
રૂા.૫૦/- મો.હકીમઅલી કમાલભાઈ રાબડી
રૂા.૨૦૧/- મો.મંજૂરઅલી શબ્બીરભાઈ હીરા
રૂા.૨૦૧/- મો.શાકેરા મંજૂરઅલી હીરા
રૂા.૧૦૧/- મો.ઈનામહૈદર મંજૂરઅલી હીરા
રૂા.૨૦૦/- મો.ગુલામઅબ્બાસ રસૂલભાઈ રાબડી
રૂા.૧૦૦/- મો.કુલસૂમ ગુલામઅબ્બાસ રાબડી
રૂા.૧૦૦/- મો.હસનઅબ્બાસ ગુલામઅબ્બાસ રાબડી
રૂા.૧૦૦/- મો.સાજેદા હસનઅબ્બાસ રાબડી
રૂા.૫૦/- મો.અફઝલઅબ્બાસ હસનઅબ્બાસ રાબડી
રૂા.૫૦/- મો.ઝૈનબફાતમા હસનઅબ્બાસ રાબડી
રૂા.૧૦૦/- મો.મહદીઅલી ગુલામઅબ્બાસ રાબડી
રૂા.૧૦૦/- મો.મહેમૂદા મહદીઅલી રાબડી
રૂા.૫૦/- મો.રાહતફાતમા મહદીઅલી રાબડી
રૂા.૧૩૦૦/- મો.ગુલામહુસૈન રસૂલભાઈ રાબડીના પરિવાર તરફથી
રૂા.૧૦૦/- મો.હસનઅલી સુલેમાનભાઈ દાદાવાળા
રૂા.૫૦/- મો.હમીદા હસનઅલી દાદાવાળા
રૂા.૧૦૦/- મો.અકબરઅલી યુસૂફભાઈ મેડી
રૂા.૫૦/- મો.મહેમૂદા અકબરઅલી મેડી
રૂા.૧૦૦/- મો.મોહંમદઅલી ગુલામહુસૈન પટેલ
રૂા.૫૦/- મો.હુસૈના મોહંમદઅલી પટેલ
રૂા.૧૦૦/- મો.સુલેમાનહૈદર અમ્મારહૈદર તાજા
રૂા.૫૦/- મો.નજમા સુલેમાનહૈદર તાજા
રૂા.૧૦૫/- મો.અમ્મારહૈદર રસૂલભાઈ તાજાના પરિવાર તરફથી
રૂા.૨૦૦/- મો.અકબરઅલી રસૂલભાઈ રાબડી
રૂા.૧૦૦/- મો.હસીના અકબરઅલી રાબડી
રૂા.૧૦૦/- મો.બાકિરઅલી અકબરઅલી રાબડી
રૂા.૧૦૦/- મો.શાકેરા બાકિરઅલી રાબડી
રૂા.૫૦/- મો.હલીમાફાતમા બાકિરઅલી રાબડી
રૂા.૫૦/- મો.ઉઝમાફાતમા બાકિરઅલી રાબડી
રૂા.૧૦૦/- મો.ઈમદાદઅલી ઈબ્રાહીમભાઈ બુશાળ
રૂા.૧૦૦/- મો.આબિદા ઈમદાદઅલી બુશાળ
રૂા.૫૦/- મો.મોહંમદસાબિર ઈમદાદઅલી બુશાળ
રૂા.૧૦૦/- મો.આબિદઅલી કમ્બરઅલી રાબડી
રૂા.૧૦૦/- મો.રશીદા આબિદઅલી રાબડી
રૂા.૫૦/- મો.એહમદહુસૈન આબિદઅલી રાબડી
રૂા.૨૦૧/- મો.ગુલામઅબ્બાસ દાવૂદભાઈ બટ્ટી
રૂા.૨૦૧/- મો.ઝૈનબ ગુલામઅબ્બાસ બટ્ટી
રૂા.૧૦૧/- મો.મોહંમદઅલી ગુલામઅબ્બાસ બટ્ટી
રૂા.૧૦૧/- મો.સુગરા મોહંમદઅલી બટ્ટી
રૂા.૫૧/- મો.રૂકૈયાફાતમા મોહંમદઅલી બટ્ટી

રૂા.૫૧/- મો.એહમદહુસૈન મોહંમદઅલી બટ્ટી
રૂા.૧૦૧/- મો.શબ્બીરઅલી ગુલામઅબ્બાસ બટ્ટી
રૂા.૧૦૧/- મો.સુગરા શબ્બીરઅલી બટ્ટી
રૂા.૫૧/- મો.રાહતફાતમા શબ્બીરઅલી બટ્ટી
રૂા.૫૧/- મો.એહસાનઅલી શબ્બીરઅલી બટ્ટી
રૂા.૧૦૧/- મો.નૂરાભાઈ કરીમદભાઈ રાબડી પરિવાર તરફથી
રૂા.૫૦/- મો.ઈસ્માઈલભાઈ કરીમદભાઈ રાબડી
રૂા.૫૦/- મો.કુલસૂમ ઈસ્માઈલભાઈ રાબડી
રૂા.૧૦૦/- મો.સુલેમાનભાઈ કરીમદભાઈ રાબડી પરિવાર તરફથી
રૂા.૫૦/- મો.વજીરઅલી હબીબભાઈ રાબડી
રૂા.૫૦/- મો.ફાતમા વજીરઅલી રાબડી
રૂા.૫૧/- મો.ગુલામમોહંમદ યુસૂફભાઈ રાબડી
રૂા.૫૧/- મો.મરીયમ ગુલામમોહંમદ રાબડી
રૂા.૫૦/- મો.હાજરાબેન ઈસ્માઈલભાઈ દાદાવાળા

**મર્હૂમા અવલીબેન કમાલભાઈ ગોરા (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૧/- મો.કમાલભાઈ સાવદીભાઈ ગોરાના પરિવાર તરફથી
રૂા.૫૦૧/- હાજી રસૂલભાઈ સાવદીભાઈ ગોરાના પરિવાર તરફથી
રૂા.૨૦૧/- મો.વજીરઅલી નશીરભાઈ અઘેલી
રૂા.૨૦૧/- મો.અમ્મારહૈદર રસૂલભાઈ રાબડી
રૂા.૨૦૧/- મો.હૈદરઅલી કમાલભાઈ ધાન્ધારીયા
રૂા.૧૦૧/- મો.શબ્બીરઅલી સુલેમાનભાઈ બટ્ટી
રૂા.૫૦૦/- મો. ઈબ્રાહીમ સાવદીભાઈ ગોરા, અમીના ઈબ્રાહીમ, અબ્બાસઅલી ઈબ્રાહીમ, સાજેદા અબ્બાસઅલી, મોહંમદઅલી ઈબ્રાહીમ, તાહિરા ઈબ્રાહીમ, ફરમાનઅલી અબ્બાસઅલી

**મર્હૂમ મો. નજરમોહંમદ ઈસ્માઈલભાઈ ડોડીયા (ઈલોલ પહાડીયા)ની રૂહના સબવ અર્થે.**

રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલભાઈ જેથરાભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.સકીનાબેન ઈસ્માઈલભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.આબિદા નજરમોહંમદ ડોડીયા
રૂા.૫૦/- મો.આરેફાઝૈનબ નજરમોહંમદ ડોડીયા
રૂા.૫૦/- મો.બસારતહુસૈન નજરમોહંમદ ડોડીયા
રૂા.૫૦/- મો.અકબરઅલી ગુલામહુસૈન વેપારી
રૂા.૫૦/- મો.સાજેદા અકબરઅલી વેપારી
રૂા.૨૫/- મો.મોહંમદઅલી અકબરઅલી વેપારી
રૂા.૨૫/- મો.હૈદરઅલી અકબરઅલી વેપારી
રૂા.૫૦/- મો.અબ્બાસઅલી મોહંમદઅલી કોવડીયા
રૂા.૫૦/- મો.જમીલા અબ્બાસઅલી કોવડીયા
રૂા.૫૦/- મો.મોહંમદયૂનુસ અબ્બાસઅલી કોવડીયા
રૂા.૫૦/- મો.ઈન્તેખાબઅલી નશીરભાઈ ભટ્ટા
રૂા.૫૦/- મો.ફિઝ્ઝા ઈન્તેખાબઅલી ભટ્ટા
રૂા.૫૦/- મો.સાજેદા ઈન્તેખાબઅલી ભટ્ટા
રૂા.૫૦/- મો.એહસાનઅલી ઈન્તેખાબઅલી ભટ્ટા
રૂા.૫૦/- મો.ઈસ્માઈલભાઈ વજીરભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.અલીભાઈ નશીરભાઈ બલોસપુરા
રૂા.૧૦૦/- મો.મોહંમદઅશરફ નશીરભાઈ બલોસપુરા
રૂા.૧૦૦/- મો.હસનભાઈ નશીરભાઈ બલોસપુરા
રૂા.૧૦૦/- મો.કમ્બરઅલી ગુલામભાઈ કોવડીયા
રૂા.૫૦/- મો.સુગરા કમ્બરઅલી કોવડીયા
રૂા.૫૦/- મો.હલીમા દાવૂદભાઈ ભોવણીયા
રૂા.૫૦/- મો.આબિદા હસનઅલી ડોડીયા
રૂા.૫૦/- મો.આબિદા હૈદરઅલી લોઢા
રૂા.૫૦/- મો.યુસૂફભાઈ જેથરાભાઈ ડોડીયા
રૂા.૫૦/- મો.ઈબ્રાહીમભાઈ જેથરાભાઈ ડોડીયા

રૂા.૫૦/- મો.મંઝૂરરહેમાન નજરઅલી ભોવણીયા
રૂા.૫૦/- મો.નફીસા મંઝૂરરહેમાન ભોવણીયા
રૂા.૫૦/- મો.હુસૈનમોહંમદ મંઝૂરરહેમાન ભોવણીયા
રૂા.૫૦/- મો.મકબૂલહૈદર મંઝૂરરહેમાન ભોવણીયા

**મર્હૂમ મો.અકબરઅલી ઈબ્રાહીમભાઈ મસી (સુરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.ઈબ્રાહીમભાઈ દાવૂદભાઈ મસી
રૂા.૩૦૦/- મો.ગુલામહૈદર દાવૂદભાઈ મસી
રૂા.૫૧/- મો.મહદીહસન ગુલામહુસૈન ભટ્ટ
રૂા.૫૧/- મો.તાહિરા મહદીહસન ભટ્ટ
રૂા.૫૧/- મો.અબ્બાસઅલી સુલેમાન ખાણશિયા
રૂા.૫૧/- મો.હુસૈના અબ્બાસઅલી ખાણશિયા

રૂા.૧૦૦/- મો.હાજીયાણી આબેદા હાજી શબ્બીરહસન રાજપુરા (મોડાસા) તરફથી તેમની બહેનો હજ પઢવા ગયા તેની ખુશાલી પ્રસંગે.

**મર્હૂમ મો.હુસૈનમોહંમદ ઈસ્માઈલભાઈ કડીવાલ (વાધણા)ની રૂહના સવાબ અર્થે તેમના સ્નેહીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.ગુલામઅબ્બાસ તાજુ કડીવાલ
રૂા.૧૦૦/- મો.ખાતુનબેન ગુલામઅબ્બાસ કડીવાલ
રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી તાજુભાઈ કડીવાલ
રૂા.૧૦૦/- મો.જુબેદાબેન શબ્બીરઅલી કડીવાલ
રૂા.૧૦૦/- મો.મંજૂરએહમદ શબ્બીરઅલી કડીવાલ
રૂા.૫૦૦/- મો.ઈસ્માઈલભાઈ તાજુભાઈ કડીવાલ
રૂા.૫૦૦/- મો.કુલસૂમબેન ઈસ્માઈલભાઈ કડીવાલ
રૂા.૫૦૦/- મો.સાજેદાબાનુ હુસૈનમોહંમદ કડીવાલ
રૂા.૧૦૦/- મો.તાહેરઅલી તાજુભાઈ કડીવાલ
રૂા.૫૦/- મો.ફિઝ્ઝાબેન તાહેરઅલી કડીવાલ
રૂા.૧૦૦/- મો.મકબૂલફાતેમા તાહેરઅલી કડીવાલ
રૂા.૧૦૦/- મો.મહદીઅલી તાહેરઅલી કડીવાલ
રૂા.૧૦૦/- મો.ઝાકિરહુસૈન તાજુભાઈ કડીવાલ
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન ઝાકિરહુસૈન કડીવાલ
રૂા.૧૦૦/- મો.નજમાબેન ઝાકિરહુસૈન કડીવાલ
રૂા.૧૦૦/- મો.સાજેદાબેન ઝાકિરહુસૈન કડીવાલ
રૂા.૧૦૦/- મો.સાબિરહુસૈન ઝાકિરહુસૈન કડીવાલ
રૂા.૧૦૦/- મો.નૂરીબેન તાજુભાઈ કડીવાલ
રૂા.૧૦૦/- મો.મકબૂલફાતેમા મંજૂરએહમદ કડીવાલ
રૂા.૨૦૦/- મો.અબ્બાસઅલી અબ્દુલભાઈ કડીવાલ
રૂા.૩૦૦/- મો.નજમાબાનુ અબ્બાસઅલી કડીવાલ
રૂા.૧૦૦/- મો.મદદઅલી સુલેમાનભાઈ કડીવાલ
રૂા.૫૦/- મો.રાજુબેન સુલેમાનભાઈ કડીવાલ
રૂા.૫૦/- મો.નજમાબાનુ મદદઅલી કડીવાલ
રૂા.૨૫/- મો.રહીમાફાતેમા મદદઅલી કડીવાલ
રૂા.૨૫/- મો.સાદેકાફાતેમા મદદઅલી કડીવાલ
રૂા.૫૦/- મો.રહીમભાઈ દોસનભાઈ કડીવાલ
રૂા.૫૦/- મો.સકીનાબેન રહીમભાઈ કડીવાલ
રૂા.૫૦/- મો.મંજૂરઅલી રહીમભાઈ કડીવાલ
રૂા.૫૦/- મો.ખૈરૂનબેન મંજૂરઅલી કડીવાલ
રૂા.૧૦૦/- મો.મોહંમદઅલી જમાલભાઈ પલસાણીયા
રૂા.૧૦૦/- મો.ફિઝ્ઝાબેન મોહંમદભાઈ પલસાણીયા
રૂા.૧૦૦/- મો.આબિદહુસૈન મોહંમદભાઈ પલસાણીયા
રૂા.૧૦૦/- મો.દિલાવરહુસૈન રહીમભાઈ થરાદરા
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન દિલાવરહુસૈન થરાદરા
રૂા.૧૦૦/- મો.સાબેરાબેન વાહિદઅલી થરાદરા
રૂા.૨૦૦/- મો.કનીઝફાતેમા હૈદરઅલી થરાદરા
રૂા.૧૦૦/- મો.અબ્બાસઅલી ઈસ્માઈલભાઈ સુણસરા
રૂા.૧૦૦/- મો.હમીદાબેન અબ્બાસઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.સાબેરાબેન એહસાનઅલી મુખી
રૂા.૧૦૦/- મો.ઝકીયાફાતેમા ઈસ્માઈલભાઈ કડીવાલ
રૂા.૨૫/- મો.સલીમઅલી અબ્બાસઅલી કડીવાલ

રૂા.૨૫/- મો.ઝહરાફાતેમા અબ્બાસઅલી કડીવાલ
રૂા.૧૦૦/- મો.મંજૂરફાતેમા એહમદઅબ્બાસ મુખી

રૂા.૨૫૧/- મો.મર્હૂમ મોલ્વી શેરઅલી ગુલામહુસૈન ભગર (વસો)ની રૂહના સવાબ અર્થે નજરબાનુ શેરઅલી મોમિન તરફથી.

રૂા.૧૦૧/- મો.મર્હૂમ મોલ્વી શેરઅલી ગુલામહુસૈન ભગર (વસો)ની રૂહના સવાબ અર્થે હુસૈનાબેન મીકદાદઅલી મોમિન તરફથી.

રૂા.૫૦૦/- મો.મર્હૂમ હસનઅલી ઈસ્માઈલભાઈ સુણસરા (સેવાલણી)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.મર્હૂમા અમીનાબેન દાવૂદભાઈ સુણસરા (સેવાલણી)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.મર્હૂમા રેમજીબેન જમાલભાઈ કડીવાલા (સેવાલણી)ની રૂહના સવાબ અર્થે.


Aladvala (Momin) Ajmatjehera
M.Sc. (Microbiology)
PG.M.L.T. (Patho)

Contect : 9974092440
9714077480
9924879780

Healthline Pathology Laboratory

હેલ્થલાઈન
પેથોલોજી લેબોરેટરી

લોહી તથા પેશાબને લગતા તમામ રીપોર્ટ
રાહત દરે કાઢી આપવામાં આવશે.

કોમ્પ્યુટરાઈઝ લેબોરેટરી

બસ સ્ટેન્ડ સામે, ડિવાઈન પ્લાઝા,
સુકૂન હોસ્પિટલની બાજુમાં, વડનગર.



VU
LUXURY IN TECHNOLOGY




દરેક સાઈઝની LED અવેલેબલ છે.

8733088449
9429477227
dantreliyaali@gmail.com



ફાઈવ થર્ટી સ્વીટ
એન્ડ બેકરી

- ફરસાણ, સ્પે. નાનખટાઈ, કેસર પેંડા, શેકેલા પેંડાનો ઓર્ડર લેવામાં આવશે.
- નિયાઝ માટે વાજબી ભાવે મળશે.

ઈલોલ તલાવ, જૂના બસ સ્ટેશન

મો. અકબરઅલી ડોડીયા
મો. ૯૭૩૭૭૬૧૧૦૯
મો. બાકરઅલી બાદરપુરા
મો. ૯૪૨૭૦૩૮૪૨૯